આજનો સુવિચાર
અસત્યનાં અસંખ્ય રૂપ હોય છે, જયારે સત્યનું ફકત એકજ રૂપ હોય છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૯ અંક : ૧૦ જૂનાગઢ તા.૨૩-૧૨-૨૦૨૪ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 10, Junagadh : Date : 23 December, 2024, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

## યુપીના પીલીભીતમાં પોલીસ એન્કાઉન્ટરમાં 3 ખાલીસ્તાની આતંકવાદીઓ ઠાર મરાયા

લખનૌ તા. ૨૩ : યુપીના પીલીભીતમાં પોલીસ એન્કાઉન્ટરમાં ત્રણ ખાલિસ્તાની આતંકવાદીઓ માર્યા ગયા છે. પંજાબ અને યુપી પોલીસે સંયુક્ત ઓપરેશન હેઠળ આ ઓપરેશન હાથ ધર્યું હતું. ત્રણેય આતંકીઓ ખાલિસ્તાની કમાન્ડો ફોર્સના સભ્યો હોવાનું કહેવાય છે. આતંકવાદીઓ પાસેથી બે એકે-૪૭ બંદૂક અને બે ગ્લોક પિસ્તોલ ઉપરાંત મોટી માત્રામાં કારતુસ મળી આવ્યા હતા. માર્યા ગયેલા આતંકવાદીઓની ઓળખ ગુરવિંદર સિંહ, રવિ અને જસપ્રીત તરીકે થઈ છે. ત્રણેય પર થોડા સમય પહેલા પંજાબના ગુરદાસપુર પોલીસ ચોકી પર થયેલા ગ્રેનેડ હુમલામાં સામેલ હોવાનો આરોપ હતો.

આજે વહેલી સવારે પીલીભીતથી આવેલા એન્કાઉન્ટરના આ સમાચારને યુપી અને પંજાબ પોલીસ માટે મોટી સફળતા માનવામાં આવી રહી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, આ એન્કાઉન્ટર પીલીભીતના પુરનપુર વિસ્તારમાં થયું હતું. પંજાબ પોલીસની એક ટીમ ત્રણેય આતંકીઓની શોધમાં યુપી આવી હતી. પંજાબ પોલીસ યુપી પોલીસ સાથે મળીને સર્ચ ઓપરેશન ચલાવી રહી હતી. ગઈકાલે રાત્રે પોલીસને ત્રણ આતંકવાદીઓ છુપાયા હોવાની માહિતી મળી હતી. આના પર પોલીસે તેમને ઘેરી લીધા હતા. પોલીસે આતંકવાદીઓને ચેતવણી આપી અને તેમને આત્મસમર્પણ કરવા કહ્યું પરંતુ તેઓ તેના માટે તૈયાર ન હતા. આ પછી યુપી અને પંજાબ પોલીસ વચ્ચે ખાલિસ્તાની આતંકવાદીઓ સાથે અથડામણ થઈ હતી જેમાં ત્રણેય ખાલિસ્તાની આતંકવાદીઓ માર્યા ગયા હતા.

## અમદાવાદમાં ડો.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાનું નાક તોડી નખાતા ભારે ખળભળાટ



અમદાવાદ તા.૨૩ કેન્દ્રીય ગૃહમંત્રી દ્વારા સંસદમાં ડો.બાબાસાહેબ આંબેડકરને લઈને આપવામાં આવેલા નિવેદનને લઈને ચાલતા વિરોધ વચ્ચે અમદાવાદના ખોખરા વિસ્તારમાં બાબાસાહેબ આંબેડકરની મૂર્તિ ખંડિત થઈ છે. ખોખરામાં કે.કા શાસ્ત્રી કોલેજ સામે જયંતિ વકીલની ચાલીની બહાર ડો. બાબાસાહેબ આંબેડરની પ્રતિમાના નાકને અસામાજિક તત્વોએ તોડી નાખતા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા છે. વહેલી સવારે સ્થાનિકોએ પોલીસને જાણ કરતા ખોખરા પોલીસ પણ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

આ ઘટના બનતા ચાલીના રહીશો બહાર રોડ ઉપર ધરણા પર બેસી ગયા છે. હાલમાં મોટી સંખ્યામાં લોકોના ટોળા રસ્તા પર ઉતરી આવ્યાં છે. મોટી સંખ્યામાં લોકો એકઠા થતાં એક તરફનો રસ્તો બંધ કરી ડાયવર્ઝન આપવામાં આવ્યું છે. સ્થાનિક લોકોની માગ છે કે, જ્યાં સુધી બાબા સાહેબની પ્રતિમાને નુકસાન પહોંચાડનાર આરોપીની ધરપકડ નહિ થાય ત્યા સુધી રસ્તા પરથી નહિ હટીએ. હાલમાં પોલીસે ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરી છે.

## PMJAY યોજનામાં સરકારે નવી SOP જાહેર કરી

અમદાવાદ તા.૨૩ ખ્યાતિ હોસ્પિટલ કાંડ બાદ ગુજરાત સરકાર સફાળી જાગી છે અને પીએમજેએવાય યોજનામાં જે ગોટાળા થાય છે તે રોકવા માટે નવી એસઓપી જાહેર કરી નવા નિયમોની જાહેરાત કરવામાં આવી છે. જો ખ્યાતિ જેવો કાંડ થાય તો માત્ર હોસ્પિટલ જવાબદાર રહેશે તેવું જણાવાયું છે. જોકે, નવી એસઓપીમાં કેટલીક ક્ષતિ હોવાનું સામે આવ્યું છે. જેમાં ડોકટર સામે કાર્યવાહી કરવાની અને વિમા કંપની સામે કોઈ પગલા ભરવાની જોગવાઈ કરવામાં આવી નથી. કૌભાંડ માટે જવાબદાર ઠરેલા અધિકારી સામે પણ કાર્યવાહી કરવાની કોઈ જોગવાઈ નથી. તેવું જાણવા મળેલ છે.

## ધર્મ વિશે અયોગ્ય અને અધુરૂ જ્ઞાન અધર્મ તરફ દોરી જાય છે : સંઘ સુપ્રિમો મોહન ભાગવત

નવી દિલ્હી, તા.૨૩: આરએસએસ વડા મોહન ભાગવતે રવિવારે કહ્યું કે ધર્મને સમજવો ખૂબ મુશ્કેલ છે. ધર્મના નામે તમામ જુલમ અને અત્યાચાર ગેરસમજ અને ધર્મની સમજના અભાવને કારણે થયા છે. તેમણે વધુમાં કહ્યું કે ધર્મ મહત્વપૂર્ણ છે, તેથી તેને યોગ્ય રીતે શીખવવો જોઈએ. મોહન ભાગવતે કહ્યું કે ધર્મને સમજવો પડશે, જો તેને યોગ્ય રીતે નહીં સમજાય તો ધર્મનું અડધું જ્ઞાન અધર્મને જન્મ આપશે.

પુણેમાં આજે વહેલી સવારે બનેલી ઘટનામાં

## નશામાં ધુત ટેન્કર ચાલકે ફુટપાથ પર સુતેલા ૯ મજુરોને કચડી નાંખ્યા : બે બાળકો સહિત ત્રણના મોત

પૂણે, તા.૨૩: પુણેના વાઘોલી ચોક વિસ્તારમાં આજે વહેલી સવારે થયેલા એક દુઃખદ અકસ્માતમાં નશામાં ધૂત ડમ્પર ચાલકે ફૂટપાથ પર સૂતેલા ૯ મજૂરોને કચડી નાખ્યા હતા. આ અકસ્માતમાં ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જેમાં બે બાળકોનો સમાવેશ થાય છે. અન્ય ૬ લોકો ગંભીર રીતે ઘાયલ છે અને તેમને સસૂન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

મહારાષ્ટ્રના પુણેમાં ફરી એકવાર ઝડપનો કહેર જોવા મળ્યો છે. ફૂટપાથ પર સૂઈ રહેલા ૯ લોકોને ડમ્પરે કચડી નાખ્યા હતા. આ અકસ્માતમાં ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. અન્ય છ લોકોને ગંભીર હાલતમાં હોસપિટલમાં ખસેડવામાં આવ્યા છે. પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા છે. ડમ્પરે કચડાયેલા લોકોમાં એક બાળક સહિત બે બાળકોનો પણ સમાવેશ થાય છે.

### :: સમાચાર રાઉન્ડઅપ ::


- શક્તિપીઠ અંબાજી નજીક યાત્રિકોની ત્રણ બસો પર પથ્થરમારો : અસામાજીક તત્વોને ઝડપી લેવા પોલીસની દોડધામ.
- વિશ્વના દેશો પર ૧૦૨ ટ્રીલીયન ડોલર દેવું : અમેરીકા નં.૧ દેવાદાર દેશ.
- ડાયાબીટીસ, કોલેસ્ટ્રોલ સહિત ૬૫ દવાઓ માટે એમઆરપી નક્કી કરાઈ.
- જીએસટીમાં કરચોરી સામે ટ્રેક એન્ડ ટ્રેસ સીસ્ટમ આવશે.
- દેશમાં લોન લઈ પરત નહીં ચુકવતા લોકોની સંખ્યા વધી રહી છે.
- દેશમાં ગાર્બેજ રીસાયકલીંગ ઉદ્યોગથી ૧૧ લાખ લોકોને રોજગાર મળશે : ૨૦૩૦ સુધીમાં ૩ લાખ કરોડનું કદ થશે.


તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
(પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે )
અન્યો માટે રાહતદરે સારવાર
હરિ-કલા
યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ૧૦૦% સારૂ થવાની ગેરેંટી
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૨૬૫૦ ૬૪૬૭૪, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે
અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો
તમે જ કહેશો કે વાહ ભઈ વાહ
મોરો સોપારી કટીંગ
૧ કિલોના ફકત રૂા.૬૦૦
આ રીટેઈલ માટે છે
આ ખોટા વખાણ નથી હો..
આપ નજરે નિહાળો પછી તમે જ કહેશો કે વાહ..ભાઈ વાહ..
મોરો સોપારીનું કોરૂ કટીંગ તથા સ્પેશ્યલ નં.૧ સેકેલ સોપારીનું કટીંગ
સૌરાષ્ટ્ર ભૂમિ બ્યુરો ઓફીસ
ગુલબાવાડી નજીક, ખોજાવાડ ચોક પાસે, જૂનાગઢ
મો. ૯૩૭૬૬૦ ૫૫૬૨

સૌરાષ્ટ્ર ભુમિ સાંધ્ય દૈનિકને જન્મ દિવસની હાર્દિક શુભકામનાઓ



Sterling® HOSPITALS
Rajkot
પેટ-આંતરડા અને લીવરના રોગોના
નિષ્ણાંત ડોકટર દ્વારા ખાસ ઓપીડી
આપના શહેર જૂનાગઢમાં
તારીખ: 26 ડિસેમ્બર, ગુરુવાર
સમય: બપોરે 04:00 થી સાંજે 06:00 વાગ્યા સુધી
ઓપીડી સ્થળ: સતાસીયા સર્જીકલ હોસ્પિટલ, ઝાંઝરડાં ચોકડી, જૂનાગઢ
ડો. રીશીકેશ કાલરીયા
MD, DNB (Gastroenterology)
પેટ-આંતરડાનાં રોગોના નિષ્ણાંત
નિયમિત દર મહિનાનાં ચોથા ગુરુવારે ઓપીડી
નામ લખાવવા માટે સંપર્ક કરો: 63559 41133
વધુ માહિતી માટે: 95740 00698

CARE+ LABORATORY
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : 24x7
8005 70 8005
અમારી બીજી બ્રાન્ચ
અક્ષર આઈકોન, ગ્રાઉન્ડ ફલોર, ગંગા પાર્ક, કે.જે. કેન્સર હોસ્પિટલની બાજુમાં, ઝાંઝરડા બાયપાસ રોડ, જૂનાગઢ

| હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ | હેલ્થ ચેકઅપ એડવાન્સ કેમ્પ |
| --- | --- |
| CBC - લોહીના કણોની તપાસ | હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ + |
| RBS - સુગરની તપાસ | Vitamin D - હાડકાના વિટામીન ડી ની તપાસ |
| HbA1c - સરેરાશ સુગરની તપાસ | Electrolytes (Na,Cl,K) - સોડીયમ,કલોરાઈડ અને પોટેશ્યમ નું લેવલ |
| Lipid Profile - લોહીમાં ચરબીની તપાસ | I.Calcium - ફ્રી કેલ્શીયમ નું લેવલ |
| SGPT & SGOT - લીવરની તપાસ | Ferritin - બોનમેરોમાં લોહતત્વનું પ્રમાણ |
| Creatinine - કિડનીની તપાસ | T3 T4 TSH - થાઈરોઈડની સંપુર્ણ તપાસ |
| Uric Acid - સાંધાના દુખાવાની તપાસ | |
| TSH - થાઈરોઈડની તપાસ | |
| Vitamin B12 - વિટામીન બી૧૨ ની તપાસ | |
| સ્પેશિયલ ઓફર માત્ર 749/- કિંમત ~~2870/-~~ | સ્પેશિયલ ઓફર માત્ર 1349/- કિંમત ~~5060/-~~ |

સચોટ નિદાન માટે ૧૨ કલાક ભૂખ્યા પેટે લોહી આપવું અનિવાર્ય છે.
કેમ્પ : દર બુધવારે અને રવિવારે સવારે ૮.૩૦ થી બપોરના ૧૨.૦૦
કેમ્પ સ્થળ :- કેર + લેબોરેટરી, ડૉ. કાઝી સાહેબની જૂની હોસ્પિટલ, ચીતાખાના ચોક પાસે, જૂનાગઢ - ૩૬૨ ૦૦૧.




KHUSHI WELNESS Ayurvedic-Herbal
Chiropratic & Bone Setting
યુસુફજય આજીલ જહુરખાન (M.D.CH.T.) (અપોઈન્ટમેન્ટ લેવી ફરજીયાત)
સ્નાયુના દુઃખાવા તથા સાંધાના દુઃખાવા કમર, ઘુટણ, ખંભા, ગરદન, સાયટીકા, ગાદી ખસી જવી
મો. ૯૮૨૪૨ ૦૦૫૩૩, ૭૫૭૫૮ ૯૧૦૬૮
ચિત્તાખાના ચોક, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, દુકાન નં. 30૪, ત્રીજો માળ, જુનાગઢ.

# "ડિજિટલ ગુજરાત" પ્રોજેક્ટની વિશેષ સિદ્ધિ : અંદાજે ૮૦૦થી વધુ સરકારી સેવાઓ નાગરિકોના ઘર આંગણે ઉપલબ્ધ

## વર્ષ ૨૦૨૪-૨૫માં ઓનલાઈન અને અન્ય માધ્યમો દ્વારા અંદાજે ૦૧ કરોડથી વધુ અરજીઓ : અંદાજે ૬૮ લાખથી વધુ વિદ્યાર્થીઓને રૂા.૧,૮૦૦ કરોડની શિષ્યવૃત્તિની DBT દ્વારા ચૂકવાઈ

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૨૩

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'ડિજિટલ ભારત'ના સ્વપ્નને સાકાર કરવામાં ગુજરાત હંમેશા અગ્રેસર રહ્યું છે. ગુજરાતના નાગરિકોને સરકારી સેવાઓ વધુ પારદર્શી, સરળતાથી અને ઝડપથી મળી રહે તેવા હેતુસર 'ડિજિટલ ગુજરાત' પ્રોજેક્ટ કાર્યરત છે. રાજ્યમાં નવી ટેક્નોલોજી સાથે જનહિતલક્ષી સેવાઓ ઉપલબ્ધ કરાવવા ડિજિટલ ગુજરાત પ્રોજેક્ટ મહત્વનું પગલું સાબિત થયું છે. આ પ્રોજેક્ટ હેઠળ રાજ્યના નાગરિકોને ૮૦૦થી વધુ સરકારી સેવાઓ-યોજનાઓ વિવિધ પ્લેટફોર્મ્સ જેવા કે ઓનલાઈન, જન સેવા કેન્દ્રો અને ઈ-ગ્રામ કેન્દ્રો, સેવા સેતુના માધ્યમથી ઘર આંગણે તેમજ આંગળીના ટેરવે સરળતાથી ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. ડિજિટલ ગુજરાત અંતર્ગત વર્ષ ૨૦૨૪-૨૫માં ઓનલાઈન અને અન્ય માધ્યમો દ્વારા અંદાજે ૦૧ કરોડથી વધુ અરજીઓ મળી છે. સ્કોલરશિપ કાર્યક્રમ હેઠળ, ૬૮ લાખથી વધુ વિદ્યાર્થીઓને રૂા. ૧,૮૦૦ કરોડની માતબર રકમની શિષ્યવૃત્તિ ડાયરેક્ટ બેનિફિશરી ટ્રાન્સફર-DBT દ્વારા સીધા તેમના બેંક એકાઉન્ટમાં જમા કરવામાં આવી છે. આ ઉપરાંત 'સેવા સેતુ' કાર્યક્રમ થકી ગુજરાત સરકારે નાગરિકોના ઘર આંગણે જઈ ૧૦ તબક્કામાં કુલ ૩.૦૭ કરોડથી વધુ અરજીઓનો હકારાત્મક ઉકેલ કરી વિવિધ સરકારી સેવાઓનો લાભ આપવામાં આવ્યો છે.'ડિજિટલ ગુજરાત' પ્રોજેક્ટ સાથે વધુમાં વધુ નાગરિકો જોડાય તેવા ઉમદા હેતુથી સતત નવા-નવા સુધારા કરવામાં આવી રહ્યા છે. જેમાં નાગરિકોને વ્હોટ્સએપ પર સીધી સરકારી સેવાઓની માહિતી મેળવવા માટે વ્હોટ્સએપ ચેટબોટ પણ બનાવવામાં આવ્યું છે તેવી જ રીતે ડિજિટલ ગુજરાત ચેટબોટ નાગરિકોના પ્રશ્નોના જવાબ આપી તેમને માર્ગદર્શિત કરશે. દસ્તાવેજો પર હસ્તાક્ષર કરવાની પ્રક્રિયાને દૂર કરીને સમય બચતની સાથે પારદર્શી રીતે પ્રમાણપત્રો સરળતાથી મેળવવાં માટે ઈ-સાઈન અને ઈ-સીલની સુવિધા પણ આપવામાં આવી રહી છે. વધુમાં આગામી સમયમાં 'ડિજિટલ ગુજરાત ૨.૦' હેઠળ અદ્યતન ટેક્નોલોજી અને આર્ટિફિશીયલ ઈન્ટેલિજન્સ- AIનો ઉપયોગ કરી સરકારની સેવાઓ વધુ કાર્યક્ષમ અને પારદર્શક રીતે તેનાં લાભાર્થી સુધી પહોંચાડવામાં આવશે તેમ, સાયન્સ અને પ્રૌદ્યોગિક વિભાગ, ગાંધીનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# વડાપ્રધાને ૨૦૨૫ સુધીમાં ટી.બી. મુક્ત ભારતનો કરેલો નિર્ધાર સાકાર કરવા ગુજરાત ટાર્ગેટેડ એપ્રોચ સાથે પ્રતિબદ્ધ છે : મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ



(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૨૩

ભારતને ૨૦૨૫ સુધીમાં ટી.બી. મુક્ત બનાવવાના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કરેલા નિર્ધારને સાકાર કરવા ગુજરાત ટાર્ગેટેડ એપ્રોચની પ્રતિબદ્ધતા સાથે આગળ વધ્યું છે તેમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું હતું. કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ "૧૦૦ દિવસ સઘન ટી.બી. નિર્મૂલન ઝુંબેશ" અંતર્ગત દેશના રાજ્યોમાં થયેલી કામગીરીની સર્વગ્રાહી સમીક્ષા માટે યોજેલી વિડિયો કોન્ફરન્સમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગાંધીનગરથી સહભાગી થયા હતા. આ વિડીયો કોન્ફરન્સમાં દેશના રાજ્યોના મુખ્યમંત્રીઓ તથા આરોગ્ય મંત્રીઓએ જોડાઈને પોતાના રાજ્યોમાં હાથ ધરાઈ રહેલી કાર્યવાહીથી કેન્દ્રીય મંત્રીને માહિતગાર કર્યા હતા. કેન્દ્ર સરકાર દ્વારા દેશભરમાં તા. ૭ ડિસેમ્બર ૨૦૨૪થી આ ઝુંબેશનો પ્રારંભ થયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતમાં ૧૬ જિલ્લા અને ૪ મહાનગર પાલિકા વિસ્તારનો આ ઝુંબેશમાં સમાવેશ કરવામાં આવેલો છે તેની ભૂમિકા આપી હતી. તેમણે કહ્યું કે, આ ઝુંબેશ અંતર્ગત ૩૩.૯૨ લાખ જેટલી હાઈ રિસ્ક વસ્તીનું મેપિંગ અને ૪.૪૨ લાખનું સ્ક્રિનિંગ કરવામાં આવ્યું છે આ ઉપરાંત ૩૪ હજારથી વધુ એક્સ-રે તપાસ પણ કરવામાં આવેલી છે. કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરાએલી આ ઝુંબેશનો મુખ્ય ઉદ્દેશ ટી.બી.ના નવા કેસ ઝડપથી શોધવા તથા નવા તમામ કેસોને સારવાર ઉપર મૂકી મૃત્યુદરમાં નોંધપાત્ર ઘટાડો લાવવાનો છે. સ્ક્રિનિંગ દરમ્યાન શોધાયેલા દર્દીઓને સારવાર, નિક્ષય પોષણ યોજનાનો લાભ આપવો તેમજ નિક્ષય મિત્ર દ્વારા દત્તક લઈને પોષણ કીટ અપાવવી અને ટી.બી.નો ચેપ ધરાવતા વ્યક્તિઓને પ્રિવેન્ટીવ ટ્રીટમેન્ટ વગેરે જેવી કામગીરી રાજ્યમાં હાથ ધરવામાં આવી છે તેની પણ મુખ્યમંત્રીએ આ બેઠકમાં વિગતો પૂરી પાડી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એમ પણ જણાવ્યું કેમ, રાજ્યમાં એક પણ દર્દી નિક્ષય મિત્ર સાથે જોડાવાથી વંચિત ન રહે તે સરકાર સુનિશ્ચિત કરશે આ હેતુસર NGO, પ્રતિષ્ઠિત ઉદ્યોગો, સમાજસેવી અગ્રણીઓને પણ નિક્ષય પોષણ કીટ વિતરણમાં જોડવાની નેમ તેમણે દર્શાવી હતી. રાજ્યમાં ૨,૭૦૬ જેટલી નિક્ષય શિબીરો યોજવામાં આવી છે તથા કુલ ૧૦,૧૩૨ નિક્ષય મિત્રો દ્વારા ૩ લાખ ૨૧ હજાર પોષણ કિટ આપવામાં આવી છે તેમ પણ તેમણે જણાવ્યું હતું. ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ, ગોવા સહિતના રાજ્યોના મુખ્યમંત્રીઓએ પોતાના રાજ્યોમાં ટી.બી. નિર્મૂલન ઝૂંબેશની થયેલી કામગીરીનું વિવરણ કર્યું હતું. ગાંધીનગરથી આ સમીક્ષા બેઠકમાં મુખ્યમંત્રી સાથે આરોગ્ય અગ્રસચિવ ધનંજય દ્વિવેદી, મુખ્યમંત્રીના સચિવ અવંતિકા સિંઘ, આરોગ્ય કમિશનર હર્ષદ પટેલ અને NHRMના મિશન ડિરેકટર રેમ્યા મોહન પણ જોડાયા હતા.

# જૂનાગઢમાં ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના સદસ્ય નિલેશભાઈ સોનારાનું શૈક્ષણિક સંસ્થા દ્વારા સન્માન



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૩

બિલનાથ એજ્યુકેશન ટ્રસ્ટ જૂનાગઢ સંચાલિત શ્રી તક્ષશિલા વિદ્યાલય અને નાલંદા વિદ્યાલય દ્વારા આ સંસ્થાના પ્રમુખ લક્ષ્મણભાઈ રાવલીયાના અધ્યક્ષ સ્થાને તક્ષશિલા વિદ્યાલયના શિક્ષક નિલેશભાઈ સોનારા તાજેતરમાં યોજાયેલ બોર્ડની ચૂંટણીમાં ગુજરાત રાજય માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરના સદસ્ય તરીકે ચૂંટાતા તેઓનો દર્શન રેસ્ટોરન્ટ ખાતે સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં લક્ષ્મણભાઈ રાવલીયા તેમજ તક્ષશીલા વિદ્યાલયના આચાર્ય બીનાબેન ભટ્ટ અને નાલંદા વિદ્યાલયના આચાર્ય વી.એમ. સોસા સહિતનાની ઉપસ્થિતિમાં સૌપ્રથમ લક્ષ્મણભાઈ રાવલીયા તથા તક્ષશીલા વિદ્યાલયના સ્ટાફે સોનારાનું શાલ ઓઢાડી તેમજ આચાર્યા બિનાબેન ભટ્ટ સહિતના બહેનો તેમજ નાલંદા વિદ્યાલયના આચાર્ય વી.એમ. સોસા તથા શિક્ષકો સહિતનાએ મોમેન્ટો આપી સન્માન કર્યું હતું.

# માણાવદરની લાયન્સ હાયર સેકન્ડરી સ્કૂલ ખાતે જીલ્લાનું ૫૯મું વિજ્ઞાન-ગણિત-પર્યાવરણ પ્રદર્શન યોજાઈ ગયું





(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર તા.૨૩

જીસીઈઆરટી ગાંધીનગર જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જીલ્લા શિક્ષણાધિકારી કચેરી જૂનાગઢ, જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી જૂનાગઢ આયોજીત લાયન્સ હાયર સેકન્ડરી સ્કૂલ માણાવદરના ઉપક્રમે જૂનાગઢ જીલ્લાનું ૫૯માં પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓ માટેનું જીલ્લા વિજ્ઞાન-ગણિત-પર્યાવરણ પ્રદર્શન-૨૦૨૪ ગત તા.૧૯-૨૦-૨૧ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ લાયન્સ હાયર સેન્ડરી ખાતે યોજાય ગયું હતું. જેમાં ૧૦૦માંથી ૯૨ જેટલી કૃતિઓ હાજ રહી હતી અને આશરે ૧૮૪ જેટલા વિદ્યાર્થીઓ ૯૨ જેટલા માર્ગદર્શક શિક્ષકઓ હાજર રહ્યા હતા. આ પ્રદર્શનને નિહાળવા માટે ૧૯ જેટલી શાળાઓના ૭૩ જેટલા શિક્ષકો, ૧૨૫૫ જેટલા વિદ્યાર્થીઓ ૧૨૦ જેટલા ગ્રામજનો એમ કુલ આશરે ૧૪૪૮ જેટલા વ્યક્તિઓએ ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શન જોવાનો લાભ લીધો હતો.

# શ્રી ઉમા ફ્રેન્ડઝ ઓર્ગેનાઈઝેશન(UFO) જૂનાગઢનો ઉમાધામ ગાંઠીલા ખાતે વાર્ષિક અધિવેશન સાથે વિદ્યા વિરો અને કર્મવિરો તથા દાતાઓનો સન્માન સમારોહ





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૩

તા.૨૨-૧૨-૨૦૨૪ના રોજ શ્રી ઉમાધામ ગાંઠીલા ખાતે શ્રી ઉમા ફ્રેન્ડઝ ઓર્ગેનાઈઝેશન(UFO)નું વાર્ષિક અધિવેશન મંદિર ટ્રસ્ટ તેમજ નોબલ યુનિવર્સિટી જૂનાગઢના પ્રમુખ નિલેશભાઈ ધુલેશિયાનાં અધ્યક્ષ સ્થાને યોજાઈ ગયું. જેમાં ખાસ મહેમાન તરીકે જૂનાગઢના લોકલાડીલા ધારા સભ્ય સંજયભાઈ કોરડીયા ઉપસ્થિત રહેલ તથા કે.જે.હોસ્પિટલ જૂનાગઢના જેન્તીભાઈ છત્રાળા ખાસ ઉપસ્થિત રહયાં. આ તકે માણાવદરના ધારાસભ્ય અરવિંદભાઈ લાડાણીએ અનિવાર્ય કારણે અનુપસ્થિત રહી તમામ બાળકોને અભિનંદન પાઠવી કાર્યકર્મની સ્ફળતા પાઠવી. સંજયભાઈ કોરડીયા એ બાળકો ના ઉતર ધડતર માટે બાળકો તથા વાલી ઓને ભાવી જીવનમાં ઉપયોગી થઈ શકે અને રાષ્ટ્રનાં નિર્માણમાં યોગદાન આપવા અંગે ખુબજ મનનીય પ્રવચન આપેલ. સમારંભના અધ્યક્ષ નિલેશભાઈ ધુલેશિયાએ કર્મચારી ઓની એકતા ઉપર ખાસ ભાર મૂકી તમામ યુફો પરિવારના અગ્રાણીઓ ને તથા બાળકોને આવા ખુબ સરસ કાર્યકમો છેલ્લા બાવીસ વર્ષ થી યોજાઈ રહ્યો છે. તે માટે ખાસ અભિનંદન પાઠવેલ. આ તકે યુફો પરિવારના મંત્રી મયુરભાઈ સુરેજાએ તમામ મહાનુભાવો તથા બાળકોની બહોળી સંખ્યા ઉપસ્થિતી બદલ સ્વાગત સાથે આભાર વ્યક્ત કરેલ હતો. શ્રી ઉમાધામ ગાંઠીલા ટ્રસ્ટ નાં મંત્રી અને યુફોના પૂર્વ પ્રમુખ મહેન્દ્રભાઈ કાલરીયા એ તાજેતરમાં સમાજની જરૂરિયાતોને ધ્યાને લઈ નિર્માણાધીન અતિથીભવન-૨ ના નિર્માણ અંગેની સવિસ્તાર માહિતી આપેલ. આ તકે ઉદાર દિલેર દાતાઓનું શ્રી ઉમા ફ્રેન્ડઝ ઓર્ગેનાઈઝેશનના પ્રમુખ મુકુંદભાઈ હીરપરાએ ખાસ સન્માન કરેલ ઉપરાંત વર્ષ દરમ્યાન સેવા નિવૃતિ પામેલ કર્મચારીઓ તથા શૈક્ષણિક ક્ષેત્રે જવલંત સફળતા પ્રાપ્ત કરેલ તમામ વિદ્યાર્થીઓનું શિલ્ડ તથા મોમેન્ટો અર્પણ કરી સન્માન કરવામાં આવેલ આતકે શ્રી ઉમા ફ્રેન્ડઝ ઓર્ગેનાઈઝેશન દ્વરા નિર્માણાધીન અતિથીભવન-૨ ના નિર્માણમાં રૂપિયા ૧,૦૧,૧૧૧/-નો ચેક મંદિર ટ્રસ્ટના પ્રમુખ નિલેશભાઈ ધુલેશિયાને અર્પણ કરેલ. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી ઉમા ફ્રેન્ડઝ ઓર્ગેનાઈઝેશન ના તમામ કારોબારી સભ્યો એ ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પોતાની આગવી શૈલીમાં અક્ષયભાઈ કનેરિયાએ કરેલ હતું.

# ખંભાળિયા નગરપાલિકાના પેન્શનરો લાંબા સમયથી પેન્શન મળ્યું નથી : સફાઈ કામદારોના સમાધાન મુજબના કાર્યો ન થતા કચવાટ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળીયા તા.૨૩

ખંભાળિયા નગરપાલિકાની આર્થિક પરિસ્થિતિ છેલ્લા કેટલાક સમયથી ખૂબ જ ડામાડોળ બની રહી છે. ત્યારે અહીંના સરકારી લેણાના પૈસા ભરવા માટે લોન લેવી પડે તેવી પરિસ્થિતિ વચ્ચે છેલ્લા ઘણા સમયથી પાલિકાના પેન્શનરોને પેન્શન ન મળ્યું હોવાનું જાણવા મળેલ છે. ખંભાળિયા નગરપાલિકાના વીજ બિલ તથા સરકારને પાણીના ચૂકવવાના બિલની કરોડો રૂપિયાની ઉઘરાણી ચૂકવવાની બાકી છે. આ વચ્ચે દિવાળી વીત્યાને આશરે દોઢેક માસથી વધુ સમય થઈ ગયો છે. તેમ છતાં પણ નગરપાલિકાના નિયમિત તથા રોજમદાર કર્મચારીઓને પગાર ન ચૂકવાયાની બાબતે કર્મચારીઓમાં રોષ જોવા મળ્યો છે. આટલું જ નહીં, દિવાળી પછી નગરપાલિકાના નિવૃત્ત પેન્શનર કર્મચારીઓ કે જેમને નગરપાલિકા જ પેન્શન ચૂકવે છે, તેમને પણ પેન્શનની ચુકવણી થઈ શકી નથી. જેથી વૃદ્ધ પેન્શનરો તથા ફેમિલી પેન્શન મેળવતા નગરપાલિકાના પૂર્વ કર્મચારીઓ ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયા છે અને વૃદ્ધોને આ ઉંમરે નાણા મેળવવા માટે રખડવું પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે. દાયકા અગાઉ નગરપાલિકાના વહીવટદાર રહી ચૂકેલા પ્રાંત અધિકારીના સમયમાં સાડા સાત કરોડની નોંધપાત્ર કહી શકાય તેટલી ફિક્સ રસીદ બેંકમાં રાખવામાં આવી હતી. જેના વ્યાજમાંથી નિયમિત રીતે પેન્શન ચૂકવાતું હતું. ત્યારે નગરપાલિકાને પણ સમગ્ર રાજ્યમાં બીજો નંબર પ્રાપ્ત થતા કરોડો રૂપિયાના ઈનામો પણ મળ્યા હતા. ત્યારે છેલ્લા કેટલાક સમયથી નગરપાલિકાની પરિસ્થિતિ આર્થિક પરિસ્થિતિ ખાડે ગઈ છે અને પગાર-પેન્શનના પણ નાણાં ન હોવાથી કંગાળ બની ગયેલી નગરપાલિકા હાલ દેવાના ડુંગરમાં દબાયેલી છે.

**પાલિકાના સફાઈ કામદારોને અપાયેલી ખાતરીનો અમલ થયો નથી**

ખંભાળિયા નગરપાલિકામાં કામ કરતા સફાઈ કામદારોના જી.પી.એફ. તથા ઈ.પી.એફ.ના બેક્રમાં જમા ન થયેલા પૈસા તેમજ અન્ય માંગણીઓ સંદર્ભે દિવાળી પૂર્વે સફાઈ કામદારો દ્વારા ઉપવાસ આંદોલન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં કરાયેલા સમાધાનની ફોર્મ્યુલા મુજબ તારીખ ૩૦ નવેમ્બર સુધીમાં સફાઈ કામદારોની માંગણીઓ અંગે યોગ્ય કાર્યવાહી કરવા અંગેની લેખિત ખાત્રી આપવામાં આવી હતી. જેથી આંદોલન સમેટાયું હતું. આ નિયત તારીખ વીત્યાને ૨૨ દિવસ જેટલો સમય થઈ ગયો હોવા છતાં પણ ખાતરી મુજબ તમામ મુદ્દાઓની અમલવારી ના થયાની બાબતો વચ્ચે સફાઈ કામદારોની નિયુક્તિનો પ્રશ્ન પણ હજુ ઉકેલાયો નથી. ત્યારે ખંભાળિયા સફાઈ કામદાર મંડળના અગ્રણી તેમજ રાજ્યના મહામંત્રી રમેશભાઈ વાઘેલા દ્વારા અગાઉની નિયત ફોર્મ્યુલા મુજબ સમાધાન થયું હોય, જેનું નગરપાલિકા દ્વારા પાલન કરવું ફરજિયાત હોવાથી હવે તેમના દ્વારા કાનૂની તથા ફોજદારી રીતે લડત આપવાની તૈયારી શરૂ કરવામાં આવી હોવાનું કહેવાય છે. ત્યારે હવે ફરી પાછું સફાઈ કામદારોની હડતાલ થશે? તેવા પ્રશ્નો વચ્ચે લોકોમાં ગંદકી અને ઉભરાતી ગટરોનો ભય જોવા મળી રહ્યો છે.

# જૂનાગઢમાં યુવકનો ગળાફાંસો ખાઈ આપઘાત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા

જૂનાગઢ તા.૨૩

જૂનાગઢ શહેરના ગુલીસ્તાન સોસાયટી વિસ્તારમાં રહેતા યુવાને કોઈ કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરીવારજનોમાં કલ્પાંત મચી જવા પામ્યો છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર સી ડીવીઝન પોલીસ મથકે ઈમ્તીયાઝભાઈ અબાઉમરભાઈ મુખાસીમે જાહેર કરેલ કે પોતાના પુત્ર ઈરફાનભાઈ(ઉ.વ.૨૮)વાળાએ કોઈ કારણોસર પોતાના મેળે ઘરે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

# નાનડિયા ગામે પૂજ્ય ડાયારામ બાપાની ૧૩૬મી જન્મજયંતી મહોત્સવ ૨૫ના ઉજવાશે

(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર તા.૨૩

માણાવદર તાલુકોના નાનડિયા ગામે સુપ્રસિદ્ધ સંત શ્રી ડાયારામ બાપાની જન્મજયંતી મહોત્સવ તા.૨૫-૧૨-૨૪ના રોજ ઉજવાશે. જેમાં ૨૫/૧૨ સવારે ૮ વાગ્યે ધ્વજા રોહણ બપોરે ૧૦:૩૦ પ્રસાદ, બપોરે ૨ વાગ્યે રથ યાત્રા, રાત્રે ૯ વાગ્યે લોકડાયરો યોજાશે. જેમાં કલાકારો ભજનોની રમઝટ બોલાવશે. કલાકારો અરજણભાઈ સિંગાળા, વીરસિંહ રાઠોડ, મિત્તલબેન લેવા હર્ષદં દાન ગઢવી ધરમ વંકાની ભજનની રમઝટ બોલાવશે. આ કાયક્રમમાં ભકતજનો ઉમટી પડશે.

# તાલાલા સીદી સમાજના સામાજિક અગ્રણી રફિકભાઈ ચૌહાણ(રશીદ બાપુ)ની નોટરી તરીકેની નિમણૂકને વ્યાપક આવકાર

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૩

તાલાલા સહિત સમગ્ર ગીર વિસ્તારના સીદી આદિવાસી સમાજના સામાજિક રાજકીય અને શૈક્ષણિક વિકાસ માટે સતત જાગૃત અને પ્રયત્નશીલ રહેતા યુવા આગેવાન એડવોકેટ રફિકભાઈ ચૌહાણની નોટરી તરીકે નિમણૂક થતા સાર્વત્રિક આવકાર અપાઈ રહ્યો છે. રફિકભાઈ ચૌહાણ એ સીદી આદિવાસી સમાજના પ્રથમ નોટરી બનીને સમગ્ર ગીર વિસ્તારનું ગૌરવ વધાર્યું છે. સીદી સમાજના પ્રમુખ ઝિણકાભાઈ અને ઉપ પ્રમુખ સહિતના આગેવાનો અને ગીર સોમનાથ જૂનાગઢ અને સૌરાષ્ટ્રના રાજકીય સામાજિક આગેવાનોએ રફિકભાઈ ચૌહાણની નોટરી તરીકેની નિમણૂકને આવકાર આપી સરકારનો આભાર માની લાગણી વ્યક્ત કરી છે. રફિકભાઈ ચૌહાણ વર્ષોથી પછાત આદિવાસી અને વંચિત નાગરિકોની શિક્ષણ અને સામાજિક ઉત્કર્ષ માટે ની પ્રવૃત્તિઓ રૂપી સમાજ સેવા કરી રહ્યા છે. હવે નોટરી તરીકેની જવાબદારીથી રફિકભાઈ ની સમાજ સેવા વધુ લોક ઉપયોગી બનશે. આ તકે મધુર સોશ્યલ ગ્રુપના પ્રમુખ સલીમભાઈ ગુજરાતી અને અમિષ ગોસાઈ રફીકભાઈ ચૌહાણની નોટરી તરીકેની નિમણૂકને આવકાર આપી સરકારનો આભાર વ્યક્ત કર્યો છે.

# ખંભાળિયા નજીક આઈસર વાહનમાં લઈ જવાતા ભેંસ સહિતના ૧૩ પશુઓને બચાવી લેવાયા

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૩

ખંભાળિયા નજીકના હાઈ-વે માર્ગ ઉપરથી ગત સાંજે ભેંસ તેમજ નાના પાડરડા ભરેલો એક આઈસર ટ્રક પશુ સેવકોએ અટકાવીને ચેકિંગ કરતા આ વાહનમાં ક્રૂરતાપૂર્વક લઈ જવાતા ૧૩ પશુઓ જોવા મળ્યા હતા. જેથી કાર્યકરોએ આ અંગે ખંભાળિયા પોલીસને જાણ કરી, જરૂરી ફરિયાદ નોંધાવી હતી. આ સમગ્ર બાબત અંગે પોલીસમાં જાહેર કરવામાં આવેલી વિગત મુજબ અહીંની જાણીતી પશુ સેવા સંસ્થા એનીમલ કેર ચેરીટેબલ ટ્રસ્ટના ગૌસેવક રવિભાઈ વકાતરને માહિતી મળી હતી કે અત્રે પોરબંદર રોડ પર આવેલી પાયલ હોટલ નજીકથી પસાર થતા જી.જે. ૩૭ ટી. ૭૬૪૧ નંબરના એક આઈસર ટ્રકમાં ખીચોખીચ પશુઓ ભરીને થતો હોવાથી કાર્યકરો દ્વારા પૂરઝડપે જતા આ ટ્રકને અટકાવવાની કોશિશ કરી હતી.

# સોમનાથદાદાના દર્શને સુરતથી સાયકલ યાત્રિકો પહોંચ્યા



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૨૩

સુરતના પીપલોદ યુવક મંડળ દ્વારા છેલ્લા ૩૦ વર્ષથી સુરતથી વીરપુર સુધીની સાયકલ યાત્રા પ્રતિવર્ષ ૧૫ ડિસેમ્બરે યોજે છે. ૬૩૦ કિલોમીટરની આ સાયકલ યાત્રાના સાયકલ સ્વાર શૈલેષ પટેલ, અંકુર પટેલ, જીજ્ઞેશ પટેલ, ધર્મેશ પટેલ સહિત દસ સાયકલ સ્વારોએ આ વર્ષે તેની યાત્રા સોમનાથ સુધી લંબાવી હતી. જેઓ સોમનાથ દર્શને આવી પહોંચતા સોમનાથ ખાતે પ્રભાસના અગ્રણીઓ નગરપાલિકા પૂર્વ ઉપપ્રમુખ જયદેવ જાની, સુરૂભા જાડેજા, શૈલેષ ગોસ્વામી, શક્તિસિંહ જાડેજા, મિલન જોશી સહિત સર્વએ સાયકલ યાત્રિકોનું સન્માન કરી શુભેચ્છા સાથે સાયકલયાત્રાને બિરદાવી હતી.

# માંગરોળ બંદર ઝાપે બેદરકારીપૂર્વક ટ્રેકટર ચાલકે સાયકલ ચાલક યુવકને અડફેટે લેતાં ઘટનાં સ્થળે જ મોત, ચાલક ફરાર

(અનુ. પાના નં. ૮નું ચાલુ...)

ટાયરના બોનેટના અંદરના ભાગે પહેલી નજરે ના દેખાય તે રીતે જીજે-૩૨-કે-૯૯૨૪ નંબરની પ્લેટ જોવા મળી છે. આવા આગળ પાછળ કોઈ પણ પ્રકારની નંબર પ્લેટ વિનાના ભારે વહનો બેફામ દોડી રહ્યા છે અને અનેક લોકોનું ભોગ લઈ રહ્યા છે. બંદર ઉપરની ફીશ કંપનીઓના ભારે વહાનો અને પાણીના ટાંકાઓ નિતિ નિયમો નેવે મૂકીને કોની બેફામ રીતે કોની મીઠી નજર હેઠળ દોડી રહ્યા છે ? સામાન્ય વહાન ચાલકોને મોટાં દંડ ફટકારતી પોલીસ આવા બેફામ ભારે વહાન ચાલકોને કોની શેહશરમથી છાવરી રહી છે. તેવી લોકચર્ચાઓ થઈ રહી છે. બંદર ઝાપા જેવા ભરચક વિસ્તારમાંથી ભારે વાહનો બે રોકટોક દોડી રહ્યા છે. આ બાબતે મુસ્લિમ સમાજનાં આગેવાનોએ પોલીસ પ્રયોગમમા આવા વિસ્તારોમાંથી ભારે વાહનો ઉપર રોક લગાવવા અથવા ટ્રાફિક સમયે નિયંત્રિત કરવા માંગ પણ કરવામાં આવી હતી. આખરે યમરાજ ની જેમ મોત બનીને દોડતા ચાલકો વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવામાં આવશે કે કેમ ? કે પછી મોટા માથાઓની ભલામણથી મામલો દબાવી દેવામાં આવસે તેવા અનેક સવાલો લોકો કરી રહ્યા છે.

# રાષ્ટ્રીય રક્તપિત નિર્મુલન કાર્યક્રમ અંતર્ગત ભેંસાણ તાલુકામાં સર્વે કામગીરી હાથ ધરાઈ

## ભેંસાણ તાલુકાની ૮ હેલ્થ ટીમ દ્વારા કુલ ૧૩૯૬ ઘરોમાં સર્વે કરવામા આવ્યો




જૂનાગઢ તા.૨૩

જૂનાગઢ ભેસાણ તાલુકા મા રાષ્ટ્રીય રક્તપિત નિર્મુલન કાર્યક્રમ અંતર્ગત સર્વે કામગીરી હાથ ધરવામાં આવી જેમાં તાલુકા હેલ્થ કચેરી-ભેસાણ ના છ (૬) ગામોમાં **Leprosy Case Dªection Campain (LCDC)**ની કામગીરી કુલ ૭ દિવસ દરમ્યાન આશા અને ફીલ્ડ લેવલ વોલેન્ટીયર તથા અન્ય આરોગ્ય કાર્યકર દ્વારા ઘરે-ઘરે સર્વે કામગીરી હાથ ધરવામાં આવી હતી. રક્તપિત નિર્મુલન કાર્યક્રમ હેઠળ ભેસાણ તાલુકાના છ (૬) ગામો પૈકી ચાર (૪)ગામોમા વાડીવિસ્તાર ની વસ્તી તથા બે (૨) ગામોમા સંપૂર્ણ વસ્તીનો સર્વે કરવામા આવ્યો. આ કાર્યક્રમમા તાલુકાની ૮ હેલ્થ ટીમ જોડાઈ હતી. જેમા કુલ ૧૩૯૬ ઘરોમાં સર્વે કરવામા આવ્યો હતો, તથા ૭૬૪૫ જનસંખ્યાની તપાસ કરવામા આવી . આ સમગ્ર કાર્યક્રમનું સુપરવિઝન તાલુકા હેલ્થ ઓફિસર ડો.એમ.એસ.અલી તથા તમામ મેડીકલ ઓફિસર પી.એચ.સી.દ્વારા કરવામા આવ્યુ તથા પી.એચ.સી ના મલ્ટી પર્પઝ હેલ્થ સુપરવાઈઝર દ્વારા સુપરવિઝન કામગીરી અને રિપોર્ટિંગ કામગીરી તથા જનરલ સુપરવિઝન તાલુકા હેલ્થ સુપરવાઈજર ભેંસાણ એ નિભાવી હતી. આમ તાલુકા હેલ્થ ઓફિસરની એક અખબારી યાદિમાં જણાવાયું હતું.

# જીલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાના અધ્યક્ષસ્થાને જીલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ

## પ્રજાલક્ષી પ્રશ્નોના સત્વરે નિરાકરણ લાવવા સૂચના આપવામાં આવી : દિશા કમિટિ અને જિલ્લા પ્રવાસન સમિતિની પણ બેઠક યોજાઈ



જૂનાગઢ તા.૨૩

જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાની અધ્યક્ષતામાં જૂનાગઢ જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પ્રજાલક્ષી પ્રશ્નોને સત્વરે ઉકેલવા માટે સંબંધિત અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી.

જિલ્લા કલેકટર કચેરીના ખાતે જિલ્લા મળેલી સંકલન આ બેઠકમાં સાંસદ રાજેશભાઈ ચુડાસમા, જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુંમર, ધારાસભ્ય સર્વે દેવાભાઈ માલમ, સંજયભાઈ કોરડીયા અને અરવિંદભાઈ લાડાણી તરફથી રજૂ થયેલા પ્રશ્નોની સમીક્ષા કરતા કલેકટરે જનપ્રતિનિધિઓના પ્રશ્નો પરત્વે વિશેષ લક્ષ કેન્દ્રિત કરી, સમય મર્યાદામાં પ્રશ્નોનો નિકાલ લાવવા ઉપસ્થિત અધિકારીઓને નિર્દેશ આપ્યાં હતાં.

આ બેઠકમાં દબાણ, ટ્રાફિક, વિકાસલક્ષી કામો, આધાર સેવા કેન્દ્ર, પિંક કાર્ડ, માર્ગ અને મકાન સહિતના પ્રજાલક્ષી પ્રશ્નો મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રશ્નો સંદર્ભે સંબંધિત અધિકારીઓએ જવાબ રજૂ કર્યા હતા.

આ બેઠક બાદ દિશા કમિટી મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સાંસદ રાજેશભાઈ ચુડાસમાની અધ્યક્ષતામાં જુદી-જુદી સરકારી યોજનાઓ અંગે જિલ્લામાં થતી કામગીરીની માહિતીની મેળવી સમીક્ષા હાથ ધરી હતી. આ સંદર્ભમાં સંલગ્ન અધિકારીઓને જરૂરી દિશા નિર્દેશ આપવામાં આવ્યા હતા. જ જીલ્લા પ્રવાસન સમિતિની બેઠકમાં જૂનાગઢ જિલ્લાના પ્રવાસન સ્થળોને વિકસાવવા અને પ્રવાસીઓને જરૂરી સુવિધાઓ મળી રહે તે માટે જરૂરી પરામર્શ કરવામાં આવ્યો હતો.


આ બેઠકમાં મહાનગરપાલીકા કમિશ્નર ડો.ઓમ પ્રકાશ, નાયબ વન સંરક્ષક અક્ષય જોશી, નાયબ વન સંરક્ષક પ્રશાંત તોમર, અધિક નિવાસી કલેકટર એન.એફ. ચૌધરી, સહિતના સંલગ્ન અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ જીલ્લામાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે પાંચ કેટેગરી મુજબ ૪૫ વર્ષ સુધીના ખેલાડીઓનું રજિસ્ટ્રેશન થઈ શકશે

જૂનાગઢ તા.૨૩

ગુજરાત સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગના સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા સ્પેશ્યલ ખેલમહાકુંભ ૩.૦નું આયોજન હાથ ધરાયેલ છે. દર વર્ષની જેમ ચાલુ વર્ષે દિવ્યાંગ ખેલાડીઓ માટે સ્પે.ખેલમહાકુંભ ૩.૦માં વિવિધ કેટેગરીના ખેલાડીઓ માટે વિવિધ સ્પર્ધાનુ આયોજન કરવામાં આવેલ છે. સ્પેશીયલ ખેલ મહાકુંભ ૩.૦ ગુજરાતમાં દિવ્યાંગ **(HI)** વ્યક્તિઓ સામેલ કરીને તેનામાં રહેલી ખેલમહાકુંભ પ્રત્યેની અભિરુચિને પ્રદર્શિત કરવા માટે ઉમદા અવસર પૂરો પાડ્યો છે. દિવ્યાંગ ખેલાડીઓ માટે સ્પે. ખેલ મહાકુંભમાં પાંચ કેટેગરી મુજબ માનસિક ક્ષતિગ્રસ્ત **(MR)**, શારીરિક ક્ષતિગ્રસ્ત **(OH)**, અંધજન **(Blind)**, શ્રવણ મંદ ક્ષતિવાળા **(Deaf)** અને સેરેબ્રલ પાલ્સી **(CP)** ધરાવતા અને ૪૫ વર્ષ સુધીના ખેલાડીઓ સંસ્થા અને તાલુકામાંથી મહત્તમ ભાગ લે તે હેતુથી સ્પર્ધાનું ઓફલાઈન રજિસ્ટ્રેશન જે તે શાળા/સંસ્થા અથવા જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર જૂનાગઢ ખાતે થઈ શકશે. આ અંગે વધુ વિગતો અને માર્ગદર્શન માટે જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર-જુનાગઢનો સંપર્ક ૭૮૫૯૯૪૬૯૮૪ કરવો. તેમ જિલ્લા રમત વિકાસ અધિકારી, જૂનાગઢ દ્વારા યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

# માળીયા આરોગ્ય વિભાગ દ્વારા પંચગુણી રસીકરણ અભિયાન




જૂનાગઢ, તા.૨૩ : પેન્ટાવેલેન્ટ રસીકરણના બાકી રહેલા અને છોડેલા લોકોને આવરી લેવા માટે માળિયા તાલુકાના વિવિધ ગામોમાં આરોગ્ય કર્મચારીઓ દ્વારા તાલુકા હેલ્થ ઓફિસર ડો. આભા મલ્હોત્રાના માર્ગદર્શન હેઠળ તા.૨૦ અને ૨૧ ડિસેમ્બર ૨૦૨૪ના છેવાડાના લોકો, મજૂરો સુધી જઈ બાળકોને પંચગુણી રસી આપી બાળકોના આરોગ્યની સંભાળ રાખવા માટે પ્રયત્નો કરવામાં આવ્યા.

# પદ્મશ્રી પુરૂષોત્તમ ઉપાધ્યાયને જૂનાગઢનાં કલાકારો દ્વારા ગરિમાપૂર્ણ સ્વરંજલી અપાઈ

## વિશાળ સંખ્યામાં ઉપસ્થિત સંગીત રસિકો સ્વર વિભોર થયા



જૂનાગઢ, તા.૨૩

જૂનાગઢ સ્થિત શ્રી ભૂતનાથ મહાદેવ મંદિર પરિસર ખાતે ગત તા.૨૦/૧૨/૨૦૨૪ના રોજ સંગીત ક્ષેત્રે દેશ વિદેશમાં ગુજરાતી સુગમ સંગીતની સ્વર જ્યોતિ પોહચાડનાર અને એમના અનુઠા અંદાજથી સ્વર સાથે ગુજરાતી ભાષાને રળિયાત કરનાર ગુજરાતના ગૌરવ સમા પદ્મશ્રી પુરૂષોત્તમ ઉપાધ્યાય ને જૂનાગઢનાં પુરૂષોત્તમ પ્રેમી નામવર કલસાધકો સર્વ પિયુષ દવે, કુ નીરૂ દવે, વિપુલ ત્રિવેદી, દીપક જોષી, હેમલ નાણાવટી, અવધ ભટ્ટ દ્વારા ભાવ સભર સ્વાંજલી સ્વરૂપે વિવિધ રચનાઓ ની મનમોહક પ્રસ્તુતિ કરવમાં આવી, સાઝ સંગત સર્વ ચિંતન લાઠિગરા, નફિસ દરોગા, રિધમ લાઠિગરા બખૂબી નિભાવાયેલ, પુરૂષોત્તમભાઈનાં સ્મરણો અને જીવની ની રસપ્રદ વાતો દ્વારા રસદર્શન હેમંત નાણાવટી એ સુંદર રિતે કરાવ્યું . સમગ્ર કાર્યક્રમ રસાળ બની રહે તેની પરીકલ્પના પ્રસિદ્ધ સાહિત્યકાર રાજુ ભટ્ટ દ્વારા થયેલ અને તેવો દ્વારા પ્રસંગોચિત સફળ સંચલન થયું,

આ તકે મહંત મહેશગીરીબાપૂ ધારાસભ્ય સંજય કોરડીયા, કવિ મહેન્દ્રસિંહ પઢીયાર "મરમી" મહિલા આગેવાન રૂપલબેન લખલણી, અમિત ચરાડવા, યોગીભાઈ પઢીયાર, જીતુભાઈ દ્વારકાવાળા તેમજ સ્થાનીક અને બહરગામનાં સંગીત પ્રેમીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થીત રહ્યાં અને સમગ્ર કાર્યક્રમને પ્રારંભથી અંત સુધી મન ભરી માણ્યો કાર્યક્રમને સફળ બનાવવા ધ્વનિત ત્રિવેદી, અમિત બુચ અને સપ્તક સંગીત વિદ્યાલયના વિદ્યાર્થીઓ જેહમત ઉઠાવેલ હતી.

# રીજીયોનલ સાયન્સ સેન્ટર રાજકોટ ખાતે ‘રાષ્ટ્રીય ગણિત દિવસ – ૨૦૨૪’ની ઉજવણી

## તા. ૨૨ થી ૨૮ ડીસેમ્બર ૨૦૨૪ દરમ્યાન સાત દિવસીયમાં વિવિધ ગણિતને લગતા કાર્યક્રમોનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ, તા.૨૩

રીજીયોનલ સાયન્સ સેન્ટર - રાજકોટને ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રોધ્યોગીકી વિભાગનાં નેજા હેઠળ કાર્યરત ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ) હેઠળ વિકસાવામાં આવેલ છે. રીજીયોનલ સાયન્સ સેન્ટર - રાજકોટ સામાન્ય જનતા અને વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક વિચારસરણી, જાગરૂકતા અને સંશોધનાત્મક અભિગમ પેદા કરવા માટે સતત કાર્યશીલ છે. રીજયોનલ સાયન્સ સેન્ટર - રાજકોટ દ્વારા ‘‘લોકો દ્વારા, લોકો માટે’’ નો અભિગમ અપનાવી વખતોવખત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. રીજીયોનલ સાયન્સ સેન્ટર-રાજકોટ દ્વારા ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ), ગાંધીનગર અને ભારત સરકારના નેશનલ કાઉન્સિલ ફોર સાયન્સ એન્ડ ટેકનોલોજી કોમ્યુનીકેશન **(NCSTC)** ના સહયોગથી આગામી તારીખ ૨૨થી ૨૮મી ડીસેમ્બર ૨૦૨૪ દરમિયાન ‘રાષ્ટ્રીય ગણિત દિવસ – ૨૦૨૪’ની ઊજવણી અંતર્ગત વિવિધ ગણિતને લગતા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. દર વર્ષે તારીખ ૨૨ ડીસેમ્બરના રોજ નિવાસ રામાનુજનની જન્મજયંતી નિમિતે સમગ્ર દેશમાં ‘રાષ્ટ્રીય ગણિત દિવસ’ ની ઊજવણી કરવામાં આવે છે. ૨૦૧૨માં પૂર્વ પ્રધાનમંત્રી મનમોહન સિહે ચેન્નાઈમાં નિવાસ રામાનુજનની ૧૨૫મી જન્મજયંતી નિમિતે મદ્રાસ યુનિવર્સિટીમાં સમારોહનું આયોજન કર્યું હતું, ત્યારે શ્રીનિવાસ રામાનુજનને શ્રધાંજલિ અર્પિત કરતા ૨૨ ડીસેમ્બરને, ‘રાષ્ટ્રીય ગણિત દિવસ’ જાહેર કરવામાં આવ્યો હતો. નિવાસ રામાનુજન ગણિતમાં અભૂતપૂર્વ રુચિ ધરાવતા હતા. તેના પરિણામે તેમણે વિશ્વને અપૂર્ણાંક, અનંત શ્રેણી, નંબર થીયરી, ગણિતશાસ્ત્ર વિશ્લેષણ વગેરે આંતરિક ગણિતના વિષયોમાં પોતાનું મહત્વપૂર્ણ યોગદાન આપીને ગણિતના ઈતિહાસમાં અનોખું ઉદાહરણ પ્રસ્થાપિત કર્યું છે. રીજીયોનલ સાયન્સ સેન્ટર – રાજકોટ તારીખ ૨૨ થી ૨૮ ડિસેમ્બર ૨૦૨૪ દરમિયાન સાત દિવસીય રાષ્ટ્રીય ગણિત દિવસની ઊજવણી કરવા જઈ રહ્યું છે. આ ઉજવણીમાં દરરોજ જ્ઞાન સાથે ગમ્મત પીરસતી પ્રવૃત્તિઓનું જાહેર જનતા અને વિદ્યાર્થીઓ માટે આયોજન કરવામાં આવેલ છે. આ પ્રવૃત્તિઓમા રીજીયોનલ સાયન્સ સેન્ટર – રાજકોટની ટીમ દ્વારા તૈયાર કરાયેલ ગણિતને લગતી વિવિધ ફન એન્ડ લર્ન પ્રવૃત્તિઓ જેવી કે, મેજીક નમ્બર ગેમ, મેપ વિથ મેથ્સ – મેપ બનાવવાની પ્રવૃત્તિ, પાઈ પઝલ, ફીબોનાકીનું ગણિત, પથ્થરો દ્વારા આડી હરોળ અને ઉભી હરોળ, પિઝ્ઝા પાઈનું ગણિત તેમજ એક્ષ્પર્ટ દ્વારા વિવિધ વર્કશોપ વિગેરે સામેલ થાય છે. આ પ્રવૃત્તિઓ તારીખ ૨૨ થી ૨૮ ડિસેમ્બર ૨૦૨૪ દરમ્યાન આયોજીત કરવામાં આવશે તથા આ સાત દિવસ દરમિયાન દરરોજ સાંજે ૫:૦૦ કલાકે રામાનુજન પરની ફિલ્મ રજુ કરવામાં આવશે. રીજીયોનલ સાયન્સ સેન્ટર – રાજકોટ ખાતે તારીખ ૨૨ થી ૨૮ ડિસેમ્બર ૨૦૨૪ દરમિયાન આયોજીત ‘રાષ્ટ્રીય ગણિત દિવસ – ૨૦૨૪’ ની તમામ પ્રવૃત્તિઓ મુલાકાતીઓ, વિદ્યાર્થીઓ અને શાળાઓ માટે વિનામુલ્યે રાખવામાં આવેલ છે. જેમાં ભાગ લેવા ઈચ્છુક તમામ મુલાકાતીઓને ‘‘સ્પેશિયલ ઈવેન્ટ - નેશનલ મેથેમેટિક્સ વીક સેલીબ્રેશન (૨૨ થી ૨૮ ડિસેમ્બર)’’ વિકલ્પ પસંદ કરી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. કાર્યક્રમમાં ભાગ લેવાં આવનાર મુલાકાતીઓએ ફક્ત સેન્ટરની એન્ટ્રી – પાર્કિંગ ટિકિટ લેવાની રહેશે અને જે-તે દિવસના નિયત દરો લાગુ પડશે. રીજીયોનલ સાયન્સ સેન્ટર – રાજકોટ માટે તાજેતરમાં જ રાજકોટ મહાનગરપાલિકાની ૩૮ નંબરની સીટી બસ સેવા શરૂ કરવામાં આવેલ છે. તો આ કાર્યક્રમમાં વધુ ને વધુ લોકો તથા શાળાઓએ જોડાવવા સેન્ટરના પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી દ્વારા ખાસ અપીલ કરવામાં આવી છે. વધુ વિગત માટે સેન્ટરના ફોન નં : ૦૨૮૧-૨૯૯ ૨૦૨૫ પર સંપર્ક સાધવો. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટેની રજીસ્ટ્રેશન લીંક **https://bit.ly/rscnmd2024** છે. નીચે આપેલ ઊઈ કોડ દ્વારા પણ રજીસ્ટ્રેશન કરાવી શકાય છે.

# બાગાયત મહાવિદ્યાલય જૂનાગઢ દ્વારા વિદ્યાર્થીઓએ બનાવવામાં આવેલ ડ્રાય ફલાવર પ્રદર્શનનું આયોજન




જૂનાગઢ, તા.૨૩

બાગાયત મહાવિદ્યાલય જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા એક વિશિષ્ટ ડ્રાય ફલાવર પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનને કુલપતિ ડો. વી.પી. ચોવટીયાના વરદ હસ્તે ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં યુનિવર્સિટીના સર્વશ્રી અધિકારીઓ, અધ્યાપક તેમજ વડાશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રદર્શનમાં સૂકા ફૂલોમાંથી અવનવી વસ્તુઓ બાગાયત મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવી હતી.

આ કાર્યક્રમ બાગાયત મહાવિદ્યાલયમાં ચાલતા **ELP (Experiential Lerning Program)** અંતર્ગત યોજવામાં આવ્યો હતો. પ્રદર્શન નિહાળવા માટે ખૂબ જ મોટી સંખ્યામાં જુદી જુદી કોલેજના વિદ્યાર્થીઓ તથા સ્ટાફ મિત્રો દ્વારા પ્રદર્શનને નિહાળવામાં આવ્યું હતું. કુલપતિ તેમજ યુનિવર્સિટીના અધિકારીઓ પણ પ્રદર્શન નિહાળી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

પ્રદર્શન યોજવા માટે કોલેજના આચાર્ય તેમજ ડિન ડો.ડી.કે. વરૂ, પ્રા. તેજલબેન એમ. ચૌધરી, તેમજ શ્રીમતી હિરલબેન એન. ચૌધરી ખેતીવાડી અધિકારીએ જહેમત ઉઠાવી હતી.

# દ્વારકા ખાતે શ્રી કૃષ્ણ જલા જપા દીક્ષા કાર્યક્રમ યોજાયો

## પ્રવાસન વિભાગ, વહીવટી તંત્ર અને એન.જી.ઓ.ના સંયુક્ત ઉપક્રમે આયોજન સંપન્ન

(પ્રતિનિધિ દ્વારા)



જામ ખંભાળિયા, તા.૨૩

વિશ્વ વિખ્યાત કૃષ્ણ નગરી દ્વારકા ખાતે શનિવારે "શ્રીકૃષ્ણ જલા જપા દીક્ષા" કાર્યક્રમ યોજાયો હતો. રાજ્યના પ્રવાસન વિભાગ તથા પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સહયોગથી જિલ્લા વહીવટી તંત્ર તથા એન.જી.ઓ.ના સયુંકત ઉપક્રમે પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાના અધ્યક્ષસ્થાને આ કાર્યક્રમ યોજાયો હતો.આ પ્રસંગે કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના "વિકાસ ભી વિરાસત ભી" મંત્રને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આગળ ધપાવી રહ્યા છે. રાજ્યના પ્રવાસન સ્થળો સર્વાંગી વિકાસ કરી રાજ્યને પ્રવાસનનું હબ બનાવવા દિશામાં અગ્રેસર બની રહ્યું છે. થોડા સમય પૂર્વે અહીં આવેલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સમુદ્રમાં વિલીન પ્રાચીન દ્વારિકા નગરીના દર્શન કરી, ધન્યતા અનુભવી હતી. તેવો જ અનુભવ તથા પ્રાચીન વિરાસતને એકદમ નજીકથી પ્રવાસીઓ પણ આનંદ માણી શકે તે માટે પ્રયત્નો કેન્દ્ર તથા રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહ્યા છે.આ સાથે સ્થાનિક ધારાસભ્ય પબુભા માણેકે જણાવ્યું હતું કે, ભગવાન શ્રી કૃષ્ણની કર્મભૂમિ દ્વારકા પ્રવાસીઓ માટે પસંદગીનું સ્થળ બની રહ્યું છે. બહોળી સંખ્યામાં પ્રવાસીઓ દ્વારકા ખાતે દર્શનાર્થે આવે છે. આજના કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય પ્રાચીન દ્વારકા નગરી તેમજ પ્રાચીન સંસ્કૃતિની મહત્વતા અંગે વિસ્તૃત જાણકારી મેળવવાનો છે. કાર્યક્રમમાં શ્રીકૃષ્ણ સ્ત્રોતમ સાથે હવન કરવામાં આવ્યો હતો. ઉપરાંત સ્કુબા ડાઈવર્સને "શ્રી કૃષ્ણ જલા જપા દીક્ષા" કાર્યક્રમ અન્વયે ઈન્ડિયન બુક ઓફ રેકોર્ડસ દ્વારા સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યું હતું.

# બરડીયા બેઠકજી ખાતે આવતીકાલે ૨૪ ડીસેમ્બરે ગુંસાઈજીના ૫૧૦માં પ્રાગટયોત્સવની થશે ઊજવણી

(પ્રતિનિધિ દ્વારા)



દ્વારકા, તા.૨૩

દ્વારકા નજીક બરડીયા ખાતે આવેલ ગુંસાઈજીની બેઠકજી ખાતે આવતીકાલે તા.૨૪-૧૨-૨૦૨૪ ને મંગળવાર માગસર વદ નૌમના રોજ શ્રીમદ્ ગુંસાઈજી (વિઠ્ઠલનાથજી)ના ૫૧૦માં પ્રાગટ્યોત્સવની ધામધૂમપૂર્વક ઊજવણી કરવામાં આવશે. આ પ્રસંગે ભાવિકોને કુનવારા ભોગ મનોરથ, જલેબી ઉત્સવ તથા ભવ્ય અન્નકૂટ દર્શન આવતીકાલ તા.૨૪-૧૨-૨૦૨૪ ના બપોરે ૧:૩૦ થી ૨:૩૦ સુધી થશે. બરડીયા બેઠકજી ખાતે થનાર પ્રાગટય મહોત્સવ (જલેબી ઉત્સવ)ની અલૌકિક ઝાંખીના દર્શન કરવા મહાપ્રસાદનો લાભ લેવા સૌ વૈષ્ણવ સમાજને બરડીયા બેઠકજી પ્રાગટય મહોત્સવ સમિતિ શ્રી નવી હવેલી દ્વારકા દ્વારા ભાવભર્યુ આમંત્રણ પાઠવેલ છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# સીરિયા : અસદ સરકારના પતનની આંતરરાષ્ટ્રીય અસર

સીરિયામાં નાટકીય ઘટનાક્રમ દરમ્યાન બશર અલ-અસદ સરકારનું પતન થયું. ત્યાં વર્ષોથી અસદની શિયા પ્રભુત્વવાળી સરકાર અને વિભિન્ન સુન્ની ચરમપંથી જૂથો વચ્ચે સંઘર્ષ ચાલતો હતો. પરંતુ ૨૦૧૯માં ઈસ્લામિક સ્ટેટના પતન અને તેના સ્વઘોષિત ખલીફા અબુ બકર અલ બગદાદીના માર્યા ગયા બાદ તેઓ પ્રચાર-પ્રસારના માધ્યમોથી દૂર હતા.

૨૦૧૫-૧૬માં અસદ સરકારના સમર્થનમાં રુસી વાયુસેનાએ અભિયાન હાથ ધરીને સુન્ની ચરમપંથીઓને ભગાડયા બાદ એવું માનવામાં આવતું હતું કે, સીરિયામાં અસદ સરકારનું પતન સંભવ નથી. પરંતુ છેલ્લા કેટલાક દિવસોમાં આ પણ બન્યું. છેલ્લા પખવાડિયામાં સુન્ની ચરમપંથી જૂથ હયાત તહરીર અલ શામના અભિયાને એકાએક ગતિ પકડી અને સીરિયાની ફૌજ લડયા વિના જ પાછળ હટતી ગઈ. બાદના ઘટનાક્રમમાં બશર અલ અસદને દેશ છોડીને રશિયા જવું પડયું.

જો કે આ વખતે રશિયા અને ઈરાન બંનેએ અસદ સરકારના સમર્થનમાં હસ્તક્ષેપ કરવાની ઉતાવળ ન દાખવી. અસદ સરકાર યુક્રેનથી લઈને ફલસ્તીન સુધી બિછાયેલ ભૂ રાજનીતિક શતરંજમાં બલિનો બકરો બની ગઈ. ઈરાને અસદને બચાવવા માટે કોઈ નકકર પગલાં ન ભર્યા. કારણ કે તેની પર ઈઝરાયલ અને અમેરિકા તરફી હૂમલાનો અંદેશો છે. તે પોતાના સીમિત સૈન્ય અને આર્થિક સંસાધનોને જાળવી રાખવા ઈચ્છે છે.

બીજી તરફ ડોનાલ્ડ ટ્રમ્પના કારણે રશિયા પોતાના સૈન્ય-સંસાધનોને યુક્રેન મોરચે કેન્દ્રિત રાખવા ઈચ્છે છે. જેથી ત્યાંની વધુમાં વધુ જમીન પર કબજો કરી શકે અને સંઘર્ષ વિરામની સ્થિતિમાં તેના કબજા હેઠળની જમીન તેની પાસે રહે. ઈરાન અને રશિયાના આ વલણનો સૌથી મોટો લાભ ઈઝરાયેલ અને તુર્કિયેને થયો.

હમાસ અને હિઝબુલલા કમજોર પડયા બાદ અસદ સરકારનું પતન ઈરાનના નેતૃત્વવાળા શિયા ગઠબંધન માટે એક ઝટકા સમાન છે, જયારે ઈઝરાયલ માટે તાત્કાલિકમાં મળેલી મોટી સફળતા. અસદ સરકારના પતન બાદ તુરંત ઈઝરાયલી સેનાઓએ ગોલાનની પહાડીઓથી આગળ વધીને સીરિયાની અંદર ઓપરેશન હાથ ધર્યુ હતું. જેનો ઉદ્દેશ ઈઝરાયલની સીમાઓનો વિસ્તાર, એક બફર ઝોનનું નિર્માણ અને સીરિયાની સૈન્ય ક્ષમતાને ક્ષીણ કરવાનો હતો. જો કે આવામાં સવાલ થાય કે સીરિયાઈ સેનાથી લડવાની મનાઈ કરવાની પાછળ ઈઝરાયલ અને તેના સમર્થક પશ્ચિમી દેશોનો ગુપ્ત એજન્સીઓનો તો હાથ નથીને? ઈઝરાયલી પીએમ બેન્ઝામિન નેતન્યાહૂએ અસદ સરકારના પતનને ઐતિહાસિક અવસર ગણાવ્યો હતો, પરંતુ સાથોસાથ આ ઘટનાક્રમના ભયાનક પરિણામ આવી શકે છે તેવી ચેતવણી પણ ઉચ્ચારી હતી.

નેતન્યાહૂ આવું કહેવા માટે એટલા માટે મજબૂર છે કે જે હયાત તહરીર અલ શામ જૂથને પશ્ચિમી મીડિયા સીરિયાનું વિદ્રોહી સંગઠન ગણાવી રહયું છે, તેમાં અલકાયદા અને ઈસ્લામિક સ્ટેટના પૂર્વ આતંકીઓ જોડાયેલા છે. અફઘાનિસ્તાનમાં સોવિયેત સંઘની હાર બાદ અમેરિકાએ ઉછેરેલા ઓસામા બિન લાદેને પણ આવું જ કર્યુ હતું. હયાત તહરીર અલ શામ જૂથનો સાચો આકા કોઈ અન્ય નહીં પરંતુ તુર્કિયેના રાષ્ટ્રપતિ એર્દોગન છે, જેમ જૈશ અને લશ્કરનો આકા પાકિસ્તાન છે.

પ્રથમ વિશ્વ યુદ્ધમાં તુર્કિયેની હાર પહેલા સીરિયામાં વિભિન્ન વિસ્તારો આટોમન તુર્ક સામ્રાજયનો ભાગ હતા. સઉદી અરબ પણ તે સામ્રાજયનો ભાગ હતું. હાલના સીરિયા અને ઈરાક જેવા દેશોની સીમાઓ પ્રથમ વિશ્વ યુદ્ધના વિજેતા દેશો ફ્રાન્સ અને બ્રિટને પોતાની ઈચ્છા મુજબ ખેંચી હતી. એર્દોગન ઓટોમન સામ્રાજયની પુનઃસ્થાપનાનું સ્વપ્ન જોઈ રહ્યો હતો. તે સીરિયા પર હાવી થયેલા તત્વોનો ઉપયોગ સીરિયાના કેટલાક વિસ્તારમાં કબજો જમાવેલા અને તુર્કિયેમાં પણ સક્રિય એવા કુર્દોને હટાવવામાં કરી શકતા હતા. જો કે તુર્કિયે સમર્થિત લડાયકોના હાથમાં સીરિયા જવાના કારણે કતર-તુર્કિયે ગેસ પાઈપલાઈનના પ્રસ્તાવને નવજીવન મળી શકે છે. જેનાથી કતર અને સઉદી અરબની ગેસ સીરિયા અને તુર્કિયે થઈને યૂરોપ પહોંચી શકે છે તેમજ યુરોપની રશિયા પરની નિર્ભરતા ઘટી શકે છે. આ સ્થિતિમાં સંભવ છે કે રશિયા અને ઈરાન સીરિયામાં પોતાના ગુપ્ત અભિયાનનો વિસ્તાર-વ્યાપ વધારશે. જેમ અમેરિકા, તુર્કિયે અને ઈઝરાયેલે પોતપોતાના હિતો માટે ચરમપંથી જૂથોનો ઉપયોગ કર્યો, તેવી રીતે રશિયા પણ પોતાના મતલબના કારણે ચરમપંથીઓને પ્રોત્સાહન આપી શકે છે.

જો કે અમેરિકાના આગામી રાષ્ટ્રપતિ ટ્રમ્પ ભલે કરી રહ્યા હોય કે અમેરિકાનું સીરિયા સાથે કોઈ લેણદેણ નથી, પરંતુ હયાત તહરીર અલ શામ જૂથના નેતા ગોલાની ઈસ્લામિક સ્ટેટના આતંકી અબુ બકર અલ બગદાદીનો ડાબો હાથ રહી ચૂકયા છે અને સીરિયામાં અલકાયદાના પ્રમુખ તરીકે કાર્યરત હતા. વિટંબણા એ છે કે અમેરિકાનું લિબરલ મીડિયા દસ મિલિયન ડોલરના ઈનામી અને ઈરાકમાં અમેરિકી સૈનિકોની હત્યામાં સામેલ ગોલાનીને ક્રાંતિકારી ગણાવી રહ્યું છે. આથી સવાલ એ થાય કે શું ટ્રમ્પ ચૂંટણી જીત્યા બાદ પણ અમેરિકી ડીપ સ્ટેટની નીતિમાં કોઈ પરિવર્તન કર્યુ નથી કે શું ટ્રમ્પ કાબૂથી બહાર જઈ રહ્યા છે? આ સવાલોના જવાબ શોધવા ભારત માટે ખૂબ મહત્વપૂર્ણ છે. કારણ કે ટ્રમ્પની જીત બાદ પણ અમેરિકી ગુપ્ત એજન્સી દ્વારા બાંગ્લાદેશમાં સત્તાઆરુઢ થયેલા મોહમ્મદ યુનુસ સરકારની ભારત તરફેની આક્રમકતામાં કોઈ ઘટાડો થયો નથી.

મુસ્લિમ જગતમાં કટ્ટરપંથી ઈસ્લામી વિચારધારાની અનેક અલગ અલગ શાખા મુસ્લિમ બ્રધરહૂડ, વહાબી ઈસ્લામ અને ખામનેઈના ચરમપંથી શિયા સંગઠનોના સંઘર્ષનો પ્રભાવ ભારતની સુરક્ષા પર થઈ રહ્યો છે. તેમાંથી કોઈપણ વિચારધારાનો વિસ્તાર ભારતના હિતમાં નથી. આથી જયાં હમાસ અને હિઝબુલ્લાનો વિનાશ અને ઈરાનના પરમાણુ કાર્યક્રમનું ક્ષરણ ભારતના હિતમાં છે, જયાં મુસ્લિમ જગતમાં સુન્ની-શિયા વિસ્તારોમાં શકિત સંતુલન બની રહેવી પણ આવશ્યક છે. તુર્કિયે અને પાકિસ્તાન વચ્ચેના ઊંડા સંબંધોના કારણે ભારતે સીરિયાના ઘટનાક્રમથી સતર્ક રહેવું પડશે. એ યોગ્ય નથી કે એક બાદ એક દેશ સુન્ની ચરમપંથી જૂથોના હાથમાં સરકી રહ્યા છે અને તુર્કીય તેમજ કતાર જેવ દેશોનો પ્રભાવ વધી રહ્યો છે, જે પાકિસ્તાનની જેમ આતંકવાદને વિદેશ નીતિના હથિયારના રુપમાં ઉપયોગ કરી રહ્યા છે.

## લીંબડી નજીક માતેલા સાંઢની જેમ જતા ટ્રકની અડફેટે બાઈક સવાર દંપતીનું કરૂણ મૃત્યું



(પ્રતિનિધિ દ્વારા)
જામ ખંભાળિયા તા.૨૩

કલ્યાણપુર તાલુકાના રણજીતપુર ગામે રહેતા આહીર પરિવારના દંપતી એક પ્રસંગ પતાવી અને પોતાના મોટરસાયકલ પરત ફરી રહ્યા હતા. ત્યારે લીંબડી ગામ નજીક પૂરઝડપે આવી રહેલા એક ટ્રકના ચાલકે તેમને ઠોકર મારતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં આ પતિ-પત્નીના મૃત્યું નીપજયા હતા. આ કરૂણ બનાવની પોલીસ દફતરે જાહેર કરવામાં આવેલી વિગત મુજબ કલ્યાણપુર તાલુકાના રણજીતપુર ગામે રહેતા જેઠાભાઈ ધાનાભાઈ સુવા નામના ૫૪ વર્ષના આહીર પ્રૌઢ તેમના ધર્મપત્ની હિમીબેન (ઉ.વ. ૫૨) સાથે તેમના સંબંધી અરજણભાઈ વેજાણંદભાઈ કરમુરના ઘેર પ્રસંગમાં ગયા હતા. અહીં પ્રસંગ પતાવીને ગુરુવારે સાંજના સમયે તેઓ પોતાના જી.જે. ૩૭ ઈ. ૧૭૦૬ નંબરના મોટરસાયકલ ઉપર પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા. ત્યારે કલ્યાણપુરથી આશરે ૨૪ કિ.મી.દૂર લીંબડી - દ્વારકા હાઈવે ઉપર એક હોટલ નજીક પૂરઝડપે અને ગફલતભરી રીતે રોંગ સાઈડમાં સામેથી આવી રહેલા જી.જે. ૧૨ એ.વી. ૫૮૬૭ નંબરના એક ટ્રકના ચાલકે જેઠાભાઈના મોટરસાયકલ સાથે ધડાકાભેર અકસ્માત સર્જ્યો હતો. આ જીવલેણ ટક્કરમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત દંપતિને વધુ સારવાર અર્થે ખંભાળિયાની હોસ્પિટલમાં લઈ જતા અહીંની હોસ્પિટલમાં જેઠાભાઈને મૃત જાહેર કર્યા હતા. ત્યારે તેમના પત્ની હિમીબેનને વધુ સારવાર માટે જામનગર ખસેડતા માર્ગમાં જ તેમનું મૃત્યું નિપજ્યું હતું. ત્યાર બાદ મૃતક દંપતીના ખંભાળિયાની હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યા હતા.

દંપતીના એકસાથે થયેલા આ અકસ્માત મૃત્યુથી મૃતકના પરિવારમાં ગમગીની છવાઈ છે. આ ઘટના અંગે મૃતકના પુત્ર મહેશભાઈ જેઠાભાઈ સુવા (ઉ.વ. ૨૧)ની ફરિયાદ ઉપરથી કલ્યાણપુર પોલીસે ટ્રકના ચાલક સામે જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ પી.એસ.આઈ. કે.પી. ઝાલા દ્વારા હાથ ધરવામાં આવી છે.

## ઉના ખાતે ભાજપ દ્વારા સંગઠન પર્વ ઉજવાયું



(પ્રતિનિધિ દ્વારા)
ઉના તા.૨૩

ઉના માધવબાગ વાડી ખાતે સંગઠન પર્વ ૨૦૨૪ અંતર્ગત ઉના ગીરગઢડા તાલુકાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ તેમજ જીલ્લા ચુંટણી અધિકારી સુરેશભાઈ ગોધાણીના અધ્યક્ષ સ્થાને ઉના શહેર, તાલુકા તથા ગીરગઢડા તાલુકા ભારતીય જનતા પાર્ટીના નવા નિમાયેલા બુથ પ્રમુખઓ સાથે બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં નવા નિમાયેલા બુથ પ્રમુખઓને સંગઠન પર્વ ૨૦૨૪-અંતર્ગત વિસ્તૃતમાં માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ બેઠકમાં જીલ્લા ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ પીઠીયા, જીલ્લા સહાયક ચુંટણી અધિકારી હરેશભાઈ પરશાણા, જીલ્લા સહ ચુંટણી અધિકારી વજુભાઈ વાજા, અશ્વિનભાઈ ઝાલા, જીલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન ડાયાભાઈ જાલોન્ધરા, જીલ્લા ભાજપ ઉપપ્રમુખ રાજુભાઈ ડાભી, પ્રકાશભાઈ ટાંક, જીલ્લા ભાજપ મહામંત્રી વિશાલભાઈ વોરા, શહેર ભાજપ પ્રમુખ મિતેશભાઈ શાહ, ગીરગઢડા તાલુકા ભાજપ પ્રમુખ કાળુભાઈ રૂપાલા, ઉના તાલુકા ભાજપ પ્રમુખ બાબુભાઈ ચૌહાણ, નગરપાલિકા પ્રમુખ પરેશભાઈ બાંભણીયા, ઉના તાલુકા પંચાયતના પ્રમુખ એભાભાઈ મકવાણા, ગીરગઢડા તાલુકા પંચાયતના પ્રમુખ પ્રવીણભાઈ સાંખટ, જીલ્લા પંચાયતના સદસ્યઓ સંગઠનના હોદેદારો તેમજ બુથ પ્રમુખઓ ઉપસ્થિત રહ્યા હતા.

## દ્વારકાધીશ જગત મંદિર ઉપર આરોહણ થતી તત્કાલ ધ્વજાજી માટેનો જાન્યુઆરી માસ ૨૦૨૫નો ડ્રો શ્રી ગુગ્ગુલી બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા પારદર્શકતા પૂર્વક સંપન્ન





(પ્રતિનિધિ દ્વારા)
દ્વારકા તા.૨૩

દ્વારકાધીશ જગત મંદિર ઉપર આરોહણ થતી તત્કાલ ધ્વજાજી માટેનો જાન્યુઆરી માસ ૨૦૨૫ નો જાહેરમાં કરવામાં આવતો ડ્રો ગુગ્ગુલી બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા ગત ૨૦ ડિસેમ્બરના રોજ બ્રહ્મપુરી નંબર ૨માં ગુગ્ગુલી બ્રાહ્મણ જ્ઞાતિ મંત્રી કપિલભાઈ વાયડા, દ્વારકાધીશ મંદિર દેવસ્થાન સમિતિ સદસ્ય રમેશભાઈ હેરમાં, ધ્વજાજીના યજમાનો, વૈષ્ણવો, ભક્તો, તીર્થ પુરોહિતો, કારોબારી સદસ્યો, મધ્યસ્થ સભા સદસ્યો, સલાહકાર સમિતિ સદસ્યો, સામાજિક કાર્યકરો વગેરેની ઉપસ્થિતિમાં પારદર્શકતા પૂર્વક ડ્રો સંપન્ન કરવામાં આવ્યો હતો.

અગાઉ ડ્રો માટેના ફોર્મનું વિતરણ ૧૫ તથા ૧૬ ડિસેમ્બરના રોજ કરવામાં આવ્યું હતું. તેમજ ૧૭ અને ૧૮ ડિસેમ્બરના રોજ ફોર્મ જમા કરાવવામાં આવ્યા હતા.

## ઉના ખાતે રાહુલ ગાંધીના પુતળાનું દહન કરાયું



(પ્રતિનિધિ દ્વારા) ઉના તા.૨૩ : રાજયસભાના ચાલુ સત્ર દરમ્યાન ગૃહમંત્રી અમિત શાહએ જે સ્ટેટમેન્ટ આપ્યું છે. તે અનુસંધાને ઉના નગરપાલિકા ભવન ખાતે ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી. રાહુલ ગાંધીના પૂતળાનું દહન કરવામાં આવ્યું હતું અને રાહુલ ગાંધી હાય હાય, કોંગ્રેસ હાય હાયના સૂત્રોચાર સાથે વિરોધ વ્યક્ત કર્યો હતો.

## રાજયકક્ષાની ૩૩મી શાસ્ત્રીયસ્પર્ધાનો ઉત્સાહ ભર્યો સમાપન સમારોહ યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)
દ્વારકા તા.૨૩

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, નિયામક શાળાઓની કચેરી ગાંધીનગર, ગુજરાત સંસ્કૃત પાઠશાલા શિક્ષકમંડળ કર્ણાવતી અને શ્રી શંકરાચાર્ય અભિનવ સચ્ચિદાનંદ તીર્થ સંસ્કૃત મહાવિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે રાજ્ય કક્ષાની ૩૩મી શાસ્ત્રીય સ્પર્ધાનો સમાપન સમારોહમાં અનંત શ્રી વિભૂષિત જગદ્‌ગુરૂ શંકરાચાર્ય સ્વામી શ્રી સદાનંદસરસ્વતી મહારાજના પ્રતિનિધિ શ્રી બ્રહ્મચારી નારાયણનંદજીની અધ્યક્ષતામાં વિશેષ અતિથિ પ્રજેશકુમાર રાણા, યતિનભાઈ ચૌધરી, વસંતરાય તેરૈયા, એચ. આર. જાડેજા, મતિ મધુબેન ભટ્ટ, નરેશકુમાર રાઠોડ તથા પાઠશાળા મંડળના પ્રમુખ ડો. મનોજગિરિજી તથા મંડળના હોદ્દેદારો, પ્રધાનાચાર્ય ડો. કુલદીપભાઈ પુરોહિત અને ગુજરાત રાજયભરની વિવિધ સંસ્કૃત પાઠશાલાઓ, મહાવિદ્યાલયો તથા વિશ્વવિદ્યાલયથી પધારેલા નિર્ણાયકો, માર્ગદર્શકો, પ્રધાનાચાર્યો, અધ્યાપકો, સ્પર્ધાર્થીઓ તથા દ્વારકાના નગરજનોની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમનો શુભારંભ દીપપ્રાગટ્ય અને વૈદિક મંત્રોચ્ચારથી કરાયો હતો. ત્યારબાદ ૩૬ વિવિધ



સ્પર્ધાઓમાં અધિક અંકો પ્રાપ્ત કરેલ મહાવિદ્યાલયોને પ્રથમ - દ્વિતીય-તૃતીય ક્રમ અપાયો હતો. જેમાં પહેલા ક્રમે બાબડેશ્વર સંસ્કૃત મહાવિદ્યાલય પોરબંદર, દ્વિતીય ક્રમાંકે બ્રહ્મર્ષિ સંસ્કૃત મહાવિદ્યાલય નડિયાદ તેમજ તૃતીય ક્રમે દર્શનમ સંસ્કૃત મહાવિદ્યાલય છારોડી. આ ક્રમના આધારે વિજયવૈજયંતી ટ્રોફી પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરનાર મહાવિદ્યાલય ને આપવામાં આવેલ હતી અને અલગ અલગ સ્પર્ધાઓમાં વ્યક્તિગત વિદ્યાર્થીઓને પ્રથમ દ્વિતીય તૃતીય ક્રમ પ્રાપ્ત કરનારને વિદ્યાર્થીઓને પુરસ્કાર ચેક ની સાથે પ્રમાણપત્ર તથા સુવર્ણ વગેરે પદકો આપવામાં આવ્યા હતા. દ્વારકાશારદાપીઠ સંચાલિત શ્રી શંકરાચાર્ય ગુરૂકુલ દ્વારકાના યજમાન પદે યોજાયેલ રાજ્ય કક્ષાની ૩૩મી શાસ્ત્રીયસ્પર્ધાનો પાંચદિવસનો આ કાર્યક્રમ ખૂબ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો જેની સૌએ નોંધ લીધી હતી.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

વિનમ્રતા, જીજ્ઞાસા અને સેવાથી જ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.
- ગીતાજી

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.અમરદાદ-૧૩૯૪, મુ. જમાદુલ આખર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, માગસર વદ-૮, તા.૨૩ ડિસેમ્બર ૨૦૨૪, સોમવાર, પારસી તા.૧૧, મુસ્લિમ તા.૨૧, ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર, સૌભાગ્ય યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૭:૩૦, સૂ.અ.૬:૧૧
આજનો દિવસ સામાન્ય છે.
આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

## તા. ૨૨-૧૨-૨૦૨૪ થી ૨૯-૧૨-૨૦૨૪ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**
કાર્યક્ષેત્રે અસ્વસ્થતા આપનાર પારિવારીક ક્ષેત્રે સફળતા આપનાર બની રહે. રોકાયેલા નાણાં છૂટા થાય. મનની મૂંઝવણ દૂર થાય, કાર્યસિધ્ધિ પ્રાપ્ત થાય, માલ-મિલ્કત અંગેના પ્રશ્નો હલ થાય. તેમાં લાભ મળે તેવી શકયતા રહેલી છે. કૌટુંબિક રીતે વાતાવરણ સારૂં રહે. સંતાનોથી લાભ થાય.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**
આ સપ્તાહ માનસિક આનંદ-ઉત્સાહમાં વધારો કરનારો નીવડે. માંગલિક કાર્યમાં ધન વ્યયના યોગ છે. આ સપ્તાહ આત્મવિશ્વાસ વધારનારું અને ગુપ્ત યોજનાઓ પાર પાડવા માટે મહત્વનું બની રહે. વડીલો અને મિત્રોનો સહકાર મળે. કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા ન મળે તેથી ધીરજ રાખવી હિતાવહ.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**
આ સમય દરમિયાન વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહીને સ્વસ્થ ચિતે પોતાના કાર્યને વળગી રહેવું હિતાવહ. ભાવનાત્મક પીડા અનુભવાય. આ સપ્તાહ દરમિયાન આરોગ્ય બાબતે સાવધ રહેવું હિતાવહ. જીવનસાથીની તબિયત અંગે ચિંતા રહે. વડીલોથી સહકાર મળે પરંતુ ભાઈ-ભાંડુથી પરેશાની રહે.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**
આ સપ્તાહ દરમિયાન ઈચ્છિત કાર્યોથી સફળતા મળે. નવિન ઓળખાણો થાય. રચનાત્મક કે સામાજિક કાર્યોમાં અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. ગુપ્ત શત્રુઓનું ષડયંત્ર પાર ન પડે પરંતુ સચેત રહેવું હિતાવહ. નાણાંકીય લાભ થાય સાથે-સાથે ખર્ચના પણ પ્રસંગો બને.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**
આ સપ્તાહ દરમિયાન આકસ્મીક પ્રાવસ થાય અને લાભ પણ મળે. કાર્યબોજમાં વધારો થાય સાથે-સાથે નવા કાર્યક્ષેત્રો પણ વિકસાવી શકાય.
નાણાંકીય ક્ષેત્રે ધીરે-ધીરે પ્રગતિ થતી જોવા મળે. જેથી થોડી રાહત મળે. તબિયત સંભાળવી હિતાવહ.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**
આ સપ્તાહ દરમિયાન પારિવારીક સંઘર્ષનો ભોગ બનવાનો વખત આવે. આર્થિક ક્ષેત્રે સમસ્યારૂપ બનનાર આ સપ્તાહમાં આવક-જાવક સરભર રહે. નોકરીયાત વર્ગને ઉપરી અધિકારીની મદદ મળે. નાણાંકીય બાબતો કે જામીનગીરી અંગેની બાબતોમાં સાવચેતી જરૂરી બને.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**
આ સપ્તાહ દરમિયાન મિત્ર પરિવારનો સહકાર પ્રાપ્ત થાય. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. આરોગ્ય બાબતે સાવચેતી રાખવી હિતાવહ. વિદ્યાર્થીવર્ગે અભ્યાસમાં મહેનત કરવી જરૂરી બને. હિતશત્રુવર્ગથી સાવધ રહેવું હિતાવહ.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**
આ સપ્તાહ દરમિયાન નવિન જવાબદારી આવી પડે પરંતુ મનની મુરાદો પૂરી થાય. સપ્તાહ દરમિયાન જોખમી કાર્યોમાં મહેનત દ્વારા સફળતા પ્રાપ્ત થાય. મકાન-જમીનને લગતા કાર્યો અટકી-અટકીને સફળ થાય. આકસ્મીક પ્રવાસ થાય. એકંદરે આ સપ્તાહ મિશ્રફળ આપનારું નીવડે. પ્રિયજનથી મિલન-મુલાકાત થાય.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**
આ સપ્તાહ પ્રગતિપૂર્ણ રહેશે. કોર્ટ-કચેરીને લગતા કાર્યમાં સફળતા આપતું આ સપ્તાહ મહિલાવર્ગને ગૃહસ્થ જીવનમાં વિશેષ આનંદ આપશે. વ્યાપાર-ધંધામાં અણધારી સફળતા મળશે. માંગલિક કાર્યોનું આયોજન થાય. તેમજ નવિન શુભ સમાચાર મળે.

**મકર : ખ.જ. સ્વામિ - શની**
આ સપ્તાહ દરમિયાન જોખમી કાર્યમાં સફળતા મેળવી શકશો. કાર્યબોજ વિશેષ રહે. સતત પ્રવૃત રહેવાને કારણે માનસિક તનાવનો અનુભવ થાય. કૌટુંબિક રીતે આનંદ રહે. આનંદ-પ્રમોદનો પ્રસંગ બને. નવિન ખરીદી થાય. તબિયત સંભાળવી હિતાવહ.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**
આ સપ્તાહ દરમિયાન અસાધારણ કીર્તિ, ધન, લાભ વગેરે પ્રાપ્ત કરી શકશો. અધ્યાત્મિક કાર્યમાં રૂચિ વધે. આ સપ્તાહ નવિન શુભ સમાચાર આપનાર નીવડે. માંગલિક કાર્યોનું આયોજન થાય. તંદુરસ્તી જળવાઈ રહે. જીવનસાથીના સહકાર દ્વારા લાભ મેળવી શકશો.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**
આ સપ્તાહ દરમિયાન વ્યર્થ ક્રોધ પર કાબુ રાખવો હિતાવહ છે. વ્યર્થ ખર્ચ પર નિયંત્રણ રાખી નાણાંકીય બાબતે સાવચેત રહેવું. પારિવારીક સંબંધો દ્વારા લાભ પ્રાપ્ત કરી શકશો. તબિયતની નાની-મોટી તકલિફો રહ્યા કરે. ખાવા-પીવામાં સાવચેતી રાખવી હિતાવહ.

### સમગ્ર દેશમાં ૪૩ ટકા સાથે અનાજના લીકેજ મામલામાં ગુજરાત ત્રીજા ક્રમે !

# જાહેર વિતરણ વ્યવસ્થામાં ઘઉં-ચોખાનું ૬૯,૦૦૦ કરોડનું અનાજ ગરીબ લોકો સુધી પહોંચતું જ નથી

## બે કરોડ ટન ઘઉં-ચોખા ક્યાં ગાયબ થઈ જાય છે ? મોટા પાયે ભ્રષ્ટાચાર : કોંગ્રેસના પ્રહારો

અમદાવાદ, તા.૨૩

ફુડ કોર્પોરેશનના ગોડાઉનમાંથી માર્ગમાંજ અનાજનો જથ્થો 'પગ' કરી જાય છે તેમજ સમગ્ર દેશમાં ૨૮ ટકા અનાજ લીકેજ-બગાડન સાથે ગોડાઉનથી રેશન દુકાન સુધી પહોંચતું નથી જેને લઈને રાષ્ટ્રીય તિજોરીને મોટું નુકશાન થાય છે. ત્યારે સમગ્ર ગુજરાતમાં જાહેર વિતરણ વ્યવસ્થાના ઘઉં-ચોખાનો ૪૩.૦૨ ટકા જથ્થાના લીકેજ-ગાયબ થવા અંગે જવાબ માંગતા પ્રદેશ કોંગ્રેસ પ્રવકતા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં લક્ષિત વિતરણ વ્યવસ્થા હેઠળ નિયમીત રીતે વિવિધ અનાજ આપવામાંઆવે છે જેમાં લીકેજ એટલે કે કાળાબજારમાં ધકેલાઈ જતા અનાજ અને ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયાના ગોડાઉનમાં પણ હજારો ટન અનાજ સડી જાય છે. હાલમાં જ એક ઈકોનોમીક થીંક ટેન્ક દ્વારા આપવામાં આવેલા તારણ મુજબ સરકારી વિતરણનું ૨૮% અનાજ એટલે કે, ૨ કરોડ ટન ચોખા-ઘઉં આશરે કિંમત રૂા.૬૯,૦૦૦ કરોડનું અનાજ ગરીબો સુધી પહોંચતું જ નથી. આ વાર્ષિક નુકસાન છે. આ ગોડાઉનમાંથી નિકળે છે તે કયાં ક્યાં જઈ રહ્યું છે ? કદાચ તે ખુલ્લા બજારમાં અથવા નિકાસ માટે મોકલવામાં આવી રહ્યું છે.

હાઉસ હોલ્ડ કન્ઝમ્પશન એકસપેન્ડીચર સર્વેના ડેટા અને ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા દર મહીને જે ડેટા રીલીઝ કરે છે તેના અભ્યાસ ઉપરથી (ઓગષ્ટ ૨૦૨૨થી જુલાઈ ૨૦૨૩ વચ્ચે) એ તારણ અપાયુ છે કે ૨ કરોડ ટન ઘઉં-ચોખા લાભાર્થી સુધી પહોંચ્યા જ ન હતા. આ એક મોટું રાષ્ટ્રીય નુકસાન છે અને તે અનાજ જે ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના ગોડાઉનમાંથી નિકળે છે તે કયાં જાય છે ? તે ગંભીર બાબત છે. આ એક મોટો આર્થિક ભ્રષ્ટાચાર છે અને તેનાથી સરકારી તિજોરીને મોટું નુકસાન થાય છે. ૨૮% બગાડ કે ખરેખર જરૂરિયાતમંદ સુધી ન પહોંચે તે એક મોટો મુદ્દો છે. સરકાર ટેકાના ઉંચા ભાવે આ અનાજ ખરીદે છે અને જરૂરિયાતમંદ વર્ગને મફત અથવા સાવ નીચા ભાવે તે પુરૂ પાડે છે. સરકારે જાહેર વિતરણ વ્યવસ્થામાં ડીજીટલ ટેકનોલોજી અપનાવી અને જોબ ઈન્વેસન સહિતના ઉપાયોની જાહેરાતો કર્યા છતા પણ રૂા.૬૯૦૦૦ કરોડનું અનાજ ગરીબો સુધી પહોંચતું નથી.



જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ સમગ્ર દેશમાં ૨૮ ટકા લીકેજ, જાહેર વિતરણ વ્યવસ્થાના અનાજનો બગાડ અટકાવવા જરૂરી છે. હોવાનું જણાવતા તેમણે કહ્યું કે, એક તરફ સતત કુપોષણનો ભોગ બની રહેલા બાળકો અને કુપોષિત મહિલાઓ દેશ માટે મોટો પડકાર છે ત્યારે, જાહેર વિતરણ વ્યવસ્થાના છીંડા માટે મક્કમતાથી પગલા ભરવામાં આવશે તો જ ભ્રષ્ટાચાર અટકશે અને ગરીબોને તેમના હક્કનું અનાજ મળશે. જાહેર વિતરણ વ્યવસ્થામાં સૌથી ઓછું લીકેજ ધરાવતા રાજયોમાં તેલંગાણા, કર્ણાટક, પશ્ચિમ બંગાળ, જમ્મુ કાશ્મીર તામિલનાડુનો સમાવેશ થાય છે. જયારે સૌથી વધુ લીકેજ ધરાવતા રાજયમાં પ્રથમ ક્રમે અરૂણાચલપ્રદેશ અને ત્રીજા ક્રમે ગુજરાત છે.

## ખોટા કેસ દાખલ કરનાર પોલીસ વિરૂધ્ધ કાર્યવાહી કરવા માટે પૂર્વ પરવાનગીની જરૂર નથી : સુપ્રીમ કોર્ટ



નવી દિલ્હી, તા.૨૩

સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, ખોટા કેસ દાખલ કરવા અથવા બનાવટી પુરાવાઓ ઊભા કરનાર પોલીસ અધિકારીઓ સામે કાર્યવાહી કરવા માટે પૂર્વ મંજૂરીની જરૂર નથી. સર્વોચ્ચ અદાલતે કહ્યું છે કે, આવા અધિકારીઓ દાવો કરી શકતા નથી કે ફોજદારી પ્રક્રિયા સંહિતાની કલમ ૧૯૭ હેઠળ મંજૂરી વિના તેમની સામે કાર્યવાહી થઈ શકે નહીં. જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેન્ચે જણાવ્યું હતું કે, જાહેર સેવક દ્વારા સત્તાનો દુરૂપયોગ રક્ષણાત્મક છત્ર હેઠળ ન આવી શકે. જયારે પોલીસ અધિકારીએ ખોટો કેસ દાખલ કર્યો હોવાનું કહેવાય છે, ત્યારે તે દાવો કરી શકતો નથી કે કલમ ૧૯૭ સીઆરપીસી હેઠળ કાર્યવાહી માટે મંજૂરી જરૂરી છે, કારણ કે, બોગસ કેસ દાખલ કરવો અને ખોટા પુરાવા ઊભા કરવા તે જાહેર અધિકારીની સત્તાવાર ફરજનો ભાગ ન હોઈ શકે. સર્વોચ્ચ અદાલતે પૂર્વ પરવાનગીના અભાવને ટાંકીને હત્યાના કેસમાં આરોપીઓને બચાવવા માટે દસ્તાવેજો બનાવવાના આરોપી પોલીસ અધિકારી સામે ફોજદારી કેસ રદ કરવાના મધ્યપ્રદેશ હાઈકોર્ટના નિર્ણયને રદ કર્યો હતો. જાહેર સેવક દ્વારા સત્તાનો દુરૂપયોગ અથવા એવું કંઈક કરવું જે કાયદામાં અસ્વીકાર્ય છે જેમ કે ટ્યુટર કરેલ નિવેદન પ્રદાન કરવાની ધમકી આપવી અથવા કાગળની કોરી શીટ ઉપર સહીઓ મેળવવાનો પ્રયાસ કરવો; આરોપીની ગેરકાયદેસર અટકાયતનું કારણ; ખોટા અથવા બનાવટી દસ્તાવેજો બનાવવા માટે ગુનાહિત ષડ્યંત્રમાં સામેલ થવું; વ્યક્તિઓને હેરાન કરવા અને ધમકી આપવાના એકમાત્ર ઉદ્દેશ્યસાથે શોધ કરવી, એવી કામગીરી કલમ 197 CrPCની રક્ષણાત્મક છત્ર હેઠળ ન આવી શકે. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ અને CrPC હેઠળ, જાહેર સેવક ઉપર તેમની સત્તાવાર ફરજોમાં કરવામાં આવેલી ક્રિયાઓ માટે કાર્યવાહી કરતા પહેલાં યોગ્ય સરકારી સત્તાની મંજૂરી જરૂરી છે. સુપ્રીમ કોર્ટે અવલોકન કર્યું હતું કે, બોગસ કેસ દાખલ કરવો અને તેના સંબંધમાં પુરાવા અથવા દસ્તાવેજો બનાવવું તે જાહેર અધિકારીની સત્તાવાર ફરજનો ભાગ હોઈ શકે નહીં.

### રાજ્યના ગૃહ રાજ્યમંત્રીએ જાહેર કાર્યક્રમમાં પોલીસને કર્યું આહવાન !

# રોંગ સાઈડે અને ઓવર સ્પિડીંગથી વાહન ચલાવતા લોકોને દંડ નહીં સીધા જેલ ભેગા કરવાનો છૂટો દોર !




ગાંધીનગર,તા.૨૩

રાજયમાં માર્ગ અકસ્માતના બનાવોમાં ઘટાડો કરવા તથા લોકોમાં ટ્રાફિક નિયમો અંગે જાગૃતિ આવે તેવા આશયે અમદાવાદમાં યોજાયેલ શોર્ટ ફિલ્મ સ્પર્ધાના અંગે ઈનામ વિતરણના યોજાયેલ કાર્યક્રમમાં મંત્રી સંઘવીએ પોલીસને નિયમ ભંગ કરનારને સીધા જેલમાં નાખવાનું જણાવતા આ નિવેદન ચર્ચાસ્પદ બનેલ છે. અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસે નાગિરકોમાં ટ્રાફિક નિયમોના પાલન અંગે જાગૃતિ ફેલાવવા ૧ જૂનથી ૩૦ જૂન ૨૦૨૪ દરમ્યાન શોર્ટ ફિલ્મ સ્પર્ધાનું આયોજન કર્યું હતું. જેને લઈને શહેર ટ્રાફિક પોલીસે ૧૭ ડિસેમ્બરે શોર્ટ ફિલ્મ વિજેતાઓને ઈનામ વિતરણનો કાર્યક્રમ યોજયો હતો. જેમાં રાજ્યમાં ફેટલ (જીવલેણ) રોડ અકસ્માતમાં ૨૫ ટકાનો ઘટાડો થયો છે. આ કાર્યક્રમમાં ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ ટ્રાફિક નિયમ ભંગ સામે ગુજરાત પોલીસને રાજ્યમાં ૩૬૫ દિવસ પોલીસ ડ્રાઈવ ચલાવી. રોંગ સાઈડ વાહન ચલાવતા, ઓવર સ્પિડિંગ વાહન ચલાવતા તેમજ રોડને રેસિંગ ટ્રેક સમજતા લોકોને દંડ ફટકારવાને બદલે સીધા જેલ ભેગા કરવાનું આહવાન કરતા કહ્યું કે હાથમાં દસ દિવસ પાટી પકડશે તો બધુ સરખું થઈ જશે. આજના સોશિયલ મીડિયાના જમાનામાં સગીર બાળકોથી લઈને વૃદ્ધ તમામ લોકો ટેકનોલોજીનો વધુમાં વધુ ઉપયોગ કરી રહ્યા છે. ખાસ કરીને મોબાઈલ અથવા તો કોમ્પ્યુટર દ્વારા સોશિયલ મીડિયા સાથે જોડાયેલા રહે છે તેવામાં સોશિયલ મીડિયા અથવા તો વીડિયો કે શોર્ટ ફિલ્મથી લોકો સુધી ઝડપથી સંદેશા પહોંચાડવામાં મદદરૂપ સાબિત થાય છે તેથી શોર્ટ ફિલ્મ સ્પર્ધાનું આયોજન કરીને વધુમાં વધુ લોકો સુધી ટ્રાફિક નિયમોના પાલન વિશે જાગૃતિ હેઠળ અમદાવાદ શહેર ટ્રાફિક ડીસીપી સફીન હસનના સીધા સુપરવિઝન હેઠલ ટ્રાફિક નિયમ વિશે જાગૃતિ આવે અને વધુમાં વધુ લોકો તેનું પાલન કરતા થાય ઉપરાંત માર્ગ અકસ્માત થતા મૃત્યનો આંકડો ઘટાડી શકાય તે માટે ગત ૧ જૂન ૨૦૨૪થી ૩૦ જૂન ૨૦૨૪ દરમ્યાન એક મહિના માટે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસ દ્વારા યોજવામાં આવેલી શોર્ટ ફિલ્મ સ્પર્ધામાં એક મહિના દરમ્યાન કુલ૭૦૭ રજિસ્ટ્રેશન થયા હતા, જેમાંથી ૪૫૮ શોર્ટ ફિલ્મ મળી હતી. આ શોર્ટ ફિલ્મના સ્ક્રિનિંગ માટે પાંચ લોકોની કમિટીની પણ રચના કરવામાં આવી હતી. તેમના દ્વારા તમામ શોર્ટ ફિલ્મ નિહાળીને તબક્કા વાર રાઉન્ડ પ્રમાણે ૫૩ શોર્ટ ફિલ્મમાંથી ૧૫ શોર્ટ ફિલ્મને પસંદ કરવામાં આવી હતી. તેમાંથી ૧૦ શોર્ટ ફિલ્મને ગૃહરાજ્ય મંત્રી સહિત પોલીસવડા સમક્ષ સ્ક્રિનિંગ કરીને વિજેતા નક્કી કરવામાં આવ્યા હતા. આ શોર્ટ ફિલ્મના વિષયોમાં હેલ્મેટ વગર વાહન ચલાવવું, રોંગ સાઈડ વાહન ચલાવવું, ટુ વ્હીલર ઉપર ત્રણ સવારી ભયજનક વાહન ચલાવવું, ચાલુ વાહને મોબાઈલ ફોનનો ઉપયોગ કરવો, સીટ બેલ્ટ વગર વાહન ચલાવવું, વધુ સ્પીડ ઉપર વાહન ચલાવવું, ટ્રાફિક સિગ્નલનો ભંગ કરવો, અડચણરૂપ અથવા તો નો પાર્કિંગમાં વાહન પાર્ક કરવું, લાઈસન્સ વગર વાહન ચલાવવું વગેરે વિષયોને ધ્યાનમાં રાખીને શોર્ટ ફિલ્મની પસંદગી કરવામાં આવી હતી. વિજેતામાં જેમાં પ્રથમ ક્રમાંક પ્રદીપભાઈ વાઘેલા દ્વારા નિર્દેશિત શોર્ટ ફિલ્મ "બસ બે મિનિટ"ને મળ્યો હતો. પ્રથમ વિજેતાને ઈનામ તરીકે બે લાખ રૂપિયા આપવામાં આવ્યા હતા. શૈલેષ બોઘાણી દ્વારા નિર્દેશિત શોર્ટ ફિલ્મ "યે તો સમજદાર હૈ પર આપ???"ને દ્વિતીય ક્રમાંક અને દોઢ લાખ રૂપિયાનું ઈનામ આપવામાં આવ્યું હતું. વિપુલ શાહ દ્વારા નિર્મિત જોકર શોર્ટ ફિલ્મને તૃતીય ક્રમાંક સાથે એક લાખ રૂપિયાની ઈનામ અન્ય સાત શોર્ટ ફિલ્મને ઈનામ સ્વરૂપે ૧૦,૦૦૦ રૂપિયા આપવામાં આવ્યા હતા.

### જીપીએસસીએ ઉમેદવારોની પરીક્ષામાં ઓછી હાજરીને લઈ લીધો નિર્ણય

# સરકારી ભરતીઓમાં ફોર્મ ભરતી વખતે સંમતિપત્ર અને ડિપોઝીટ આપવી પડશે

### બિન અનામત વર્ગ માટે રૂા.૫૦૦ અને અનામત વર્ગ માટે ૪૦૦ની ડિપોઝીટ



ગાંધીનગર,તા.૨૩

GPSCએ પરીક્ષાને લઈ મોટો નિર્ણય લીધો છે. જે મુજબ પ્રાથમિક કસોટીના સંમતિ પત્ર અને કેટલીક ભરતીઓમાં ફોર્મ ભરતી વખતે ડિપોઝિટ જમા કરાવવી પડશે.બિન અનામત વર્ગના ઉમેદવારોએ રૂા.૫૦૦ તો અનામત વર્ગના તમામ ઉમેદવારોએ ૪૦૦ની ડિપોઝીટ જમા કરાવવી પડશે. પરીક્ષા આપ્યા પછી ઉમેદવારોને ડિપોઝિટ પરત કરવામાં આવશે. ફોર્મ ભર્યા બાદ કેટલાંક ઉમેદવારો પરીક્ષા ન આપતા હોવાથી GPSCએ આ નિર્ણય લીધો છે. ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવાતી વિવિધ પ્રાથમિક પરીક્ષાઓમાં અરજી કરનાર ઉમેદવારોની સંખ્યા સામે પરીક્ષામાં ઉપસ્થિત રહેતા ઉમેદવારોની સંખ્યા ક્યારેક ખૂબ જ ઓછી હોય છે. ઉમેદવારી નોંધાવનાર તમામ ઉમેદવારો માટે પ્રશ્નપત્રો છપાવવા, તમામ ઉમેદવારોની સંખ્યાના આધારે સેન્ટરો લેવા, તમામ સેન્ટર ઉપર જરૂરી સ્ટાફની નિમણૂક કરવી વગેરે માટે થતો ખર્ચ તથા આ માટે માનવબળનો વ્યય ધ્યાને લેતા આયોગમાં થયેલ વિચારણાને અંતે હવે પછી જાહેર થનાર પ્રાથમિક પરીક્ષાઓ માટે અરજી કરનાર ઉમેદવારોની સંખ્યાને આધિન આયોગ દ્વારા જરૂર જણાય ડિપોઝિટ તરીકે લેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જે અંતર્ગત બિનઅનામત વર્ગના ઉમેદવારોએ ૫૦૦ રૂપિયા ડિપોઝીટ ભરવા પડશે. અનામત વર્ગના ઉમેદવારોએ ૪૦૦ રૂપિયા ડિપોઝીટ ભરવી પડશે. જે ઉમેદવારો સંમતિપત્ર સાથે નિયત ફી ભર્યા બાદ પરીક્ષામાં હાજર રહેશે તેઓને આ ફી રિફંડ કરવામાં આવશે. આ ફી માત્ર ડિપોઝીટ તરીકે જ લેવાની રહે છે. આયોગદ્વારા અપાતી તમામ જાહેરાતમાં તથા ન્યૂઝપેપર ફોર્મેટની જાહેરાતમાં પણ આયોગ દ્વારા નિયત કરાયેલી કોઈ પણજાહેરાતની પરીક્ષા માટે સંમતિપત્ર માટેની ફી ડીપોઝિટ તરીકે લઈ શકાશે તેવી જોગવાઈરાખવા તમામ ભરતી કરતી શાખાઓએ તથા ઈ.ડી.પી.સેલએ કાળજી લેવાની રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ રાજ્યમાં લાંબા સમયથી સરકારી ભરતીની રાહ જોઈ રહેલા ઉમેદવારો માટે મહત્વના સમાચાર આવ્યા છે. મળતી જાણકારી અનુસાર, ગુજરાત જાહેર સેવા આયોગ વર્ષ ૨૦૨૫નું ભરતી કેલેન્ડરજાન્યુઆરી મહિનાના અંત સુધીમાં જાહેર કરશે. ગુજરાત જાહેર સેવા આયોગના ચેરમેન હસમુખ પટેલે સોશીયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ ઉપર પોસ્ટ કરી આ માહિતી આપી હતી. હસમુખ પટેલે પોસ્ટમાં ઉલ્લેખ કર્યો કે સરકારના અલગ-અલગ વિભાગો સાથે પરામર્શ ચાલી રહ્યો છે. તે પૂર્ણ થતા ભરતી કેલેન્ડર બહાર પાડવામાં આવશે. વધુમાં પરીક્ષા દરમ્યાન નિયમોને લઈને પોસ્ટ કરી હતી. જેમાં તેમણે કહ્યું હતું કે GPSCની પરીક્ષાઓમાં પારદર્શક પાણીની બોટલ ઉમેદવારો પરીક્ષા ખંડમાં લઈ જઈ શકશે. તેના ઉપર કોઈ લેબલ કે લખાણ ના હોવું જોઈએ જેથી તેનો ઉપયોગ કોઈ માહિતી લખવા માટે ન કરી શકાય.

## યુપીના બુલંદશહેરમાં ગુમ થયેલા પોપટ ઉપર રૂા.૧ લાખના ઈનામની જાહેરાત

એજન્સી તા.૨૩

બુલંદશહેરમાં માલિકે તેના પોપટના ગુમ થયાની જાહેરાત કરી અને તેને શોધી કાઢીને તેને પરત સોંપનારને મોટું ઈનામ આપવાની જાહેરાત કરી છે. ઉત્તરપ્રદેશના બુલંદશહેરના રહેવાસી નવીન પાઠક નામના એક વ્યક્તિએ લોકોને જણાવ્યું કે તેણે પોતાનો પાલતુ પોપટ વિષ્ણુને ગુમાવી દીધો છે. તેણે કહ્યું કે પોપટનો કોઈ પત્તો ન લાગતાં પરિવાર દુઃખમાં છે. ૧૦ ડિસેમ્બરે પાઠકને પોપટ ગુમ થયું હોવાનું જાણવા મળ્યું હતું. જ્યારે તેણે નજીકના વિસ્તારમાં શોધખોળ કરી ત્યારે તેનો વિષ્ણુને ક્યાંય ન મળતાં તે નિરાશ થઈ ગયો હતો. સ્થાનિક મીડિયાએ નોંધ્યું કે પોપટનો માલિક અને તેનો પરિવાર તેમના વિષ્ણુ ગુમાવવાથી દુઃખી છે. તેમણે જણાવ્યું કે પોપટ ઘર છોડી ગયા પછી પરિવારના નાના બાળકોએ બરોબર ખાવાનું બંધ કરી દીધું છે. પોપટના ગુમ થયા અંગે દુઃખ વ્યક્ત કરતાં તેણે તેના પક્ષીને શોધી કાઢનાર અને તેને સોંપનાર વ્યક્તિને મોટું ઈનામ જાહેર કર્યું હતું.

# ગાંધીનગરમાં ૬૦૦ બેડની અદ્યતન સિવિલ હોસ્પીટલમાં આરોગ્ય સેવા સામે પ્રશ્નાર્થ

ગાંધીનગર,તા.૨૩

ગાંધીનગર શહેરમાં અદ્યતન સાધનો સાથેની ૬૦૦ બેડની સિવિલ હોસ્પિટલ બનાવવામાં આવી છે, પરંતુ ખાટલે મોટી ખોડ એવી છે કે છેલ્લા કેટલાક સમયથી 2D ઈકો મશીન બંધ હાલતમાં પડ્યું છે. અઠવાડિયામાં માત્ર બે દિવસ બે કલાક માટે ઈકો કરવામાં આવતું હોવાથી દર્દીઓ પરેશાન થઈ રહ્યાં છે. ઈમર્જન્સી દર્દીઓને ખાનગી હોસ્પિટલમાં વધુ પૈસા ખર્ચીને ઈકો કઢાવવાની ફરજ પડે છે. ગાંધીનગર સિવિલમાં હાલકાર્ડિયાક સેન્ટર ઉભુ કરવામાટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ૬૦૦ બેડની હોસ્પિટલમાં ત્રણ માળ સુધીના તમામ વોર્ડ, ઓટી સહિત સ્પેશ્યલ વોર્ડ અને મેડીકલ સ્ટોર પણ ખસેડી દેવાયો છે. ગાંધીનગર સિવિલમાં આરોગ્ય લક્ષી સુવિધા વધતા દર્દીઓનો ધસારો પણ મોટી સંખ્યામાં થઈ રહ્યો છે. ત્યારે શિયાળાની ભારે ઠંડીમાં હદય સંબંધી દર્દીઓની સંખ્યા વધુ જોવા મળે છે. ડોકટરની તપાસ બાદ દર્દીને 2D ઈકો કરવા માટે કહેવામાં આવે છે. 2D ઈકો મશીનમાં યાંત્રિક ખામી સર્જાવાના કારણે દર્દીઓ વારંવાર ધકકા ખાઈ રહ્યાં છે. સિવિલમાં માત્ર બુધવાર અને શુક્રવારના રોજ બપોરે બે કલાક માટે ઈકો કરવામાં આવે છે. તેના કારણે ઈકો માટે દર્દીઓની લાંબી લાઈનો લાગે છે. ત્યારે હાલના તબક્કે ઈકોનું મશીન ખોટકાયુ છે




હવે ચાલુ થશે ત્યારે વધુ લાંબી લાઈનો જોવા મળશે. જો કે આ 2D ઈકો મશીન કયારે રિપેર થઈ જશે અને ક્યારથી ઈકો કરવામાં આવશે તે અંગે કોઈ ચોકક્સ ફોડ પાડીને કહી શકતું નથી. સિવિલમાં નવી બિલ્ડીંગમાં ત્રીજા માળે દર બુધવાર અને શુક્રવારના રોજ બપોરે ૩થી ૫ ઈકો કરવામાં આવે છે. ત્યારે ઈકો માટે ૪૦થી પણ વધુ દર્દીઓની લાંબી લાઈન લાગી હોય છે. ઈકોનું મશીન બગડતા દર્દીઓને ધક્કા ખાવાનો વારો આવ્યો છે. 2D ઈકો નવુ મશીન વસાવવા માટે સરકાર સમક્ષ સિવિલ તંત્ર દ્વારા માંગણી કરવામાં આવી છે. હાલ એમઆરઆઈ, સીટી સ્કેન, સોનોગ્રાફી, એકસ-રે સહિતની સુવિધા કાર્યરત છે.

# ૨૦૨૫થી NCERT પાઠ્યપુસ્તકોની કિંમત ઓછી થશે

નવી દિલ્હી, તા.૨૩

કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને જાહેરાત કરી હતી કે કેટલાક વર્ગો માટે NCERT પાઠ્યપુસ્તકો આવતાં વર્ષથી ઓછા કિંમતના મળશે. તેમણે જણાવ્યું હતું, નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT), જે હાલમાં વર્ષે પાંચ કરોડ પાઠ્યપુસ્તકો છાપે છે, તે આગામી વર્ષથી ક્ષમતા વધારીને ૧૫ કરોડ કરવા માટે કામ કરી રહી છે. મંત્રીએ કહ્યું કે, નવા પાઠ્યપુસ્તકો, ધોરણ ૯-૧૨ માટેના અપડેટ કરેલ અભ્યાસક્રમ મુજબ, ૨૦૨૬-૨૦૨૭ના શૈક્ષણિક સત્રથી ઉપલબ્ધ થશે. પ્રધાને પત્રકારોને જણાવ્યું હતું, આગામી શૈક્ષણિક વર્ષમાં, NCERT ૧૫ કરોડ ગુણવત્તાયુક્ત અને સસ્તું પુસ્તકો પ્રકાશિત કરશે. હાલમાં, તે લગભગ પાંચ કરોડ પાઠ્યપુસ્તકો પ્રકાશિત કરશે. અગાઉ, પાઠ્યપુસ્તકોની માંગ અને પુરવઠા અંગે ચિંતા હતી. જો કે, હવે તેનું નિરાકરણ કરવામાં આવશે. પુસ્તકોના પ્રિન્ટિંગનું પ્રમાણ વધુ હોવાથી કેટલાક વર્ગો માટે પાઠ્યપુસ્તકોના ભાવમાં ઘટાડો કરવામાં આવશે. જો કે, માતા-પિતા ઉપર કોઈ નાણાંકીય બોજ ન પડે તેની ખાતરી કરવા માટે કોઈપણ વર્ગ માટે કિંમતમાં વધારો કરવામાં આવશે નહીં. મંત્રીએ કહ્યું કે, નવા રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક નવા પાઠ્યપુસ્તકો ૧૫ માંથી ૭ ગ્રેડ માટે ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે, જેમાં આગામી શૈક્ષણિક વર્ષમાં વધુ ચાર ગ્રેડ માટે પાઠ્યપુસ્તકો બહાર આવશે. કલા, શારીરિક શિક્ષણ અને સુખાકારી (વર્ગ ૩-૮) અને વ્યવસાયિક શિક્ષણ (વર્ગ ૬-૮) માટે પાઠ્યપુસ્તકો તમામ અનુસૂચિત ભારતીય ભાષાઓમાં પાઠ્યપુસ્તકો તૈયાર કરવામાં આવી રહી છે અને તેને ઓનલાઈન પ્લેટફોર્મ દ્વારા સુલભ બનાવવામાં આવી રહી છે. પ્રધાને જણાવ્યું હતું કે, (CBSE) સાથે સંલગ્ન શાળાઓની સંખ્યા બમણીથી વધુ છે, જે ૨૦૧૪માં ૧૪,૯૭૪થી વધીને ૨૦૨૫માં ૩૦,૪૧૫ થઈ ગઈ છે. એડમિશન, ટ્રાન્સફર અને CBSE એફિલિએશન પ્રક્રિયાઓ હવે સંપૂર્ણપણે ઓનલાઈન છે.

(અનુ. છઠ્ઠાપાને.)

# GSTની મીટિંગમાં મિડલ ક્લાસને ઝટકો, ઈન્શ્યોરન્સ પ્રીમિયમમાં નહીં મળે રાહત

## વપરાયેલી કાર (ઈલેક્ટ્રિક વાહનો સહિત)ના વેચાણ સંબંધિત વ્યવહારો પર GST ૧૨% થી વધારીને ૧૮% કરવાની મંજૂરી આપવામાં આવી છે




જેસલમેર, તા.૨૩
GST કાઉન્સિલની મીટિંગમાં મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં મંત્રીઓએ હેલ્થ અને લાઈફ ઈન્શ્યોરન્સ પ્રીમિયમ પર GST ઘટાડવાની દરખાસ્ત કરવામાં આવી હતી. હાલ GST કાઉન્સિલની આગામી બેઠક સુધી તેને મોકૂફ રાખવામાં આવી છે. જેથી હજુ પણ લોકોએ જૂના ટેક્સ રેટ મુજબ તેમના ઈન્શ્યોરન્સ પ્રીમિયમ ચૂકવવું પડશે.

GST કાઉન્સિલની ૫૫મી મીટીંગમાં હેલ્થ અને લાઈફ ઈન્શ્યોરન્સ પ્રીમિયમ પર પ્રીમિયમ ઘટાડવાના નિર્ણયને મુલતવી રાખવાનું કારણ આપવામાં આવ્યું હતું કે આ અંગે વધુ સ્પષ્ટતાની જરૂર છે. તેમજ તેના અહેવાલને વધુ વ્યાપક બનાવવા માટે વધારાની માહિતી રજૂ કરવા જણાવ્યું છે.

હાલમાં, હેલ્થ ઈન્સ્યોરન્સ, ટર્મ લાઈફ ઈન્સ્યોરન્સ અને યુનિટ-લિંક્ડ ઈન્સ્યોરન્સ પ્લાન ૧૮% GST રેટ હેઠળ આવે છે. એન્ડોમેન્ટ યોજનાઓમાં GST અરજી અલગ છે, પ્રથમ વર્ષમાં ૪.૫%ના રેટથી અને બીજા વર્ષથી ૨.૨૫%ના રેટ લાગુ છે. લાઈફ ઈન્શ્યોરન્સ માટે, સિંગલ પ્રીમિયમ એન્યુઈટી પોલિસી ૧.૮%ના GST રેટ લાગે છે. આ રેટ તમામ વય જૂથોને સમાનરૂપે લાગુ પડે છે. હેલ્થ ઈન્સ્યોરન્સ પરના મંત્રીઓના સમૂહ (GOM) એ ૧૯ ડિસેમ્બરના રોજ રાજ્ય અને કેન્દ્ર સરકારના મહેસૂલ અધિકારીઓને તેની ભલામણો રજૂ કરી હતી.

૫૦% થી વધુ ફ્લાય એશ ધરાવતા ઓટોક્લેવ્ડ એરેટેડ કોંક્રિટ (AAC) બ્લોક્સ HS કોડ ૬૮૧૫ હેઠળ મૂકવામાં આવે છે. આ પછી, તેમના પર પહેલા કરતા ઓછો જીએસટી વસૂલવામાં આવશે, જે પહેલા ૧૮% હતો અને હવે તેને ઘટાડીને ૧૨% કરવામાં આવ્યો છે. નાણાપ્રધાન સીતારમણની અધ્યક્ષતામાં મળેલી GST કાઉન્સિલની બેઠકમાં વપરાયેલી કાર (ઈલેક્ટ્રિક વાહનો સહિત)ના વેચાણ સંબંધિત વ્યવહારો પર GST ૧૨% થી વધારીને ૧૮% કરવાની મંજૂરી આપવામાં આવી છે.

GST કાઉન્સિલે નિર્ણય લીધો છે કે ફોર્ટિફાઈડ ચોખાના અનાજ પર ૫% ટેક્સનો એકસમાન દર લાદવામાં આવશે. તેઓ કયા હેતુ માટે ઉપયોગમાં લેવાય છે તે મહત્વનું નથી. અગાઉ તેના પર અલગ-અલગ ટેક્સ રેટ લાગુ પડતા હતા. જેના કારણે ટેક્સ સિસ્ટમ થોડી મુશ્કેલ બની હતી.

ખાવા માટે તૈયાર પોપકોર્ન પર GST અંગે કાઉન્સિલે સ્પષ્ટતા કરી હતી કે મીઠું અને નમકીન જેવા મસાલા ધરાવતા પોપકોર્નને પેકેજિંગ વગર વેચવામાં આવે તો તેના પર ૫% GST લાગશે. આ સિવાય પ્રી-પેકેજ અને લેબલવાળા પોપકોર્ન પર ૧૨% GST ચૂકવવો પડશે. જો કે, HS ૧૭૦૪ ૯૦ ૯૦ કોડ હેઠળ કન્ફેક્શનરી તરીકે વર્ગીકૃત કરાયેલા કારમેલ પોપકોર્ન જેવી સુગર-કોટેડ જાતો પર ૧૮% GST લાગશે. GST કાઉન્સિલે શનિવારે જીવન અને સ્વાસ્થ્ય વીમા પૉલિસી પ્રિમિયમ પરના ટેક્સના દરમાં ઘટાડો કરવાના નિર્ણયને મોકૂફ રાખ્યો હતો. અધિકારીઓએ આ માહિતી આપી હતી. GST કાઉન્સિલની ૫૫મી બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે આ સંબંધમાં કેટલાક વધુ ટેકનિકલ પાસાઓ પર ધ્યાન આપવાની જરૂર છે. આ મામલો વધુ ચર્ચા-વિચારણા માટે જીઓએમને સોંપવામાં આવ્યો હતો. કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારમણની અધ્યક્ષતામાં અને રાજયોના તેમના સમકક્ષોની હાજરીમાં કાઉન્સિલ દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો હતો. બિહારના નાયબ મુખ્ય પ્રધાન સમ્રાટ ચૌધરીએ જણાવ્યું હતું કે જૂથ, વ્યક્તિગત, વરિષ્ઠ નાગરિક નીતિઓ પર કરવેરા અંગે નિર્ણય લેવા વીમા પર જીઓએમની બીજી બેઠક થશે. ચૌધરીએ પત્રકારોને જણાવ્યું હતું કે કેટલાક સભ્યોએ વધુ ચર્ચાની જરૂર હોવાનું જણાવ્યું હતું. અમે (GoM) જાન્યુઆરીમાં ફરી મળીશું.

શું ભલામણો હતી?

-હેલ્થ ઈન્સ્યોરન્સ માટે છૂટઃ GOM એ કુટુંબના સભ્યોને આવરી લેતી શુદ્ધ મુદતની જીવન વીમા પૉલિસીઓ માટે GST મુક્તિની દરખાસ્ત કરી હતી. આનો અર્થ એ થશે કે આ પોલિસીઓ GSTને આધીન રહેશે નહીં, જે પોલિસીધારકો પરનો નાણાકીય બોજ ઘટાડશે.

- વરિષ્ઠ નાગરિકો માટે આરોગ્ય વીમા પર મુક્તિઃ અન્ય મુખ્ય ભલામણો ખાસ કરીને વરિષ્ઠ નાગરિકો માટે આરોગ્ય વીમા પૉલિસી પર GSTમાંથી મુક્તિ છે, જે વરિષ્ઠ નાગરિકો માટે આરોગ્ય સંભાળને વધુ સસ્તું બનાવવામાં મદદ કરશે.

- પર્સનલ હેલ્થ ઈન્સ્યોરન્સ પર GST રેટ ઘટાડવોઃ GOM એ તમામ પર્સનલ હેલ્થ ઈન્શ્યોરન્સ પૉલિસી પર GST રેટ ઈનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) ના વિકલ્પ વિના ઘટાડીને ૫% કરવાની પણ દરખાસ્ત કરી છે. તેનો ઉદ્દેશ્ય પ્રક્રિયાને સરળ રાખીને વ્યક્તિઓ માટે સ્વાસ્થ્ય વીમા પ્રિમિયમની કિંમત ઘટાડવાનો છે.

# ખેડૂતો તા.૦૧ જાન્યુઆરી ૨૦૨૫થી ઓનલાઈન નોંધણી કરાવી શકશે

## "રવિ માર્કેટીંગ સીઝન ૨૦૨૫-૨૬" અંતર્ગત ખેડૂતો પાસેથી લઘુત્તમ ટેકાના ભાવે રૂ.૨,૪૨૫ પ્રતિ ક્વિન્ટલ લેખે ઘઉંની સીધી ખરીદી કરાશે



ગાંધીનગર, તા.૨૩
ખેડૂતોને તેમના ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળી રહે તે હેતુથી "રવિ માર્કેટીંગ સીઝન ૨૦૨૫-૨૬" અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા લઘુત્તમ ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે. જે અન્વયે રૂ.૨,૪૨૫ પ્રતિ ક્વિન્ટલ ઘઉંની ખરીદી ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ મારફતે કરવામાં આવશે. લઘુત્તમ ટેકાના ભાવે ઘઉંના વેચાણ કરવા ઈચ્છતા ખેડૂતો માટે ઓનલાઈન નોંધણી પ્રક્રિયા સમગ્ર રાજ્યમાં ગ્રામીણ કક્ષાએ વીસીઈ મારફતે તા.૦૧ જાન્યુઆરી ૨૦૨૫થી કરવામાં આવશે. આ ઓનલાઈન નોંધણી માટે ખેડૂતની આધાર કાર્ડની નકલ, અદ્યતન ગામ નમૂનો ૭/૧૨, ૮-અની નકલ, ગામ નમૂના ૧૨માં પાક વાવણી અંગે એન્ટ્રી ન થઈ હોય તો પાકની વાવણી અંગેનો તલાટીના સહી સિક્કા સાથેનો દાખલો, ખેડૂતના નામના બેંક ખાતાની વિગત જેમ કે બેંક પાસબુકની નકલ અથવા કેન્સલ ચેકની નકલ જેવા જરૂરી પુરાવા સાથે રાખવાના રહેશે. રાજ્યના ખેડૂતો તેઓનો પાક લઘુત્તમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છતા હોય તો આ માટે ઓનલાઈન નોંધણી કરવી ફરજિયાત છે.

વધુમાં, ટેકાના ભાવે ખરીદી માટે રજીસ્ટ્રેશન કરાવેલ ખેડૂતોને જીસ્જી મારફતે ખરીદી અંગેની જાણ કરવામાં આવશે. ખરીદી સમયે ખેડૂતે પોતાનું આધારકાર્ડ-ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે. ખેડૂત ખાતેદારના બાયોમેટ્રિક ઓથેન્ટીકેશન દ્વારા જ જથ્થો ખરીદી કરવામાં આવશે. નોંધણી કરાવતી વખતે તમામ ડોક્યુમેન્ટસ સુવાચ્ય રીતે અપલોડ થાય તથા માગ્યા મુજબના જ અપલોડ થાય તેની નોંધણી સ્થળ-કાઉન્ટર છોડતા પહેલા ખાસ કાળજી રાખવા જણાવેલ છે.

# ડુંગળીનું ઉત્પાદન કરનાર ખેડૂતોમાં ખુશી જોવા મળી, યાર્ડ બહાર વાહનોની ભરમાર જોવા મળી



રાજકોટ, તા.૨૩
ડુંગળી ભરેલા વાહનોની ગોંડલ યાર્ડમાં લાંબી લાઈનો જોવા મળી. ડુંગળીનું ઉત્પાદન કરનાર ખેડૂતોમાં જોવા મળી ખુશી. ડુંગળી ભરેલા વાહનોની ગોંડલ યાર્ડમાં લાંબી લાઈનો જોવા મળી. ડુંગળીનું ઉત્પાદન કરનાર ખેડૂતોમાં ખુશી જોવા મળી. ગોંડલના માર્કેટિંગ યાર્ડ બહાર ૬ થી ૭ કિ.મી. સુધી વાહનોની લાંબી કતાર હતી અને આ વાહનોમાં મોટા પ્રમાણમાં ડુંગળીનો જથ્થો હતો. આ વર્ષે ડુંગળીનો પાક સારો થતા ૩ લાખથી વધુ કટ્ટાની આવક થતાં યાર્ડ બહાર વાહનોની ભરમાર જોવા મળી. ખેડૂતોને હરાજી પ્રક્રિયા દરમ્યાન ડુંગળીના પાકના વેચાણનું સારું વળતર મળ્યું. ડુંગળીની ગુણવત્તા અનુસાર પ્રતિ ૨૦ કિલોના ૧૦૦ રૂપિયાથી લઈને ૫૦૦ રૂપિયા સુધીના ખેડૂતોને ભાવ મળ્યા હોવાનું સામે આવ્યું છે. મહત્વનું છે કે ઉત્તરાયણ બાદ કમૂરતા ઉતરતા લગ્નસરાની સિઝન શરૂ થશે. તેમજ મકરસંક્રાતિ પર્વ દરમ્યાન પણ હોટલ અને રેસ્ટોરન્ટમાં ભીડ જોવા મળશે. આજે તહેવારોના ભોજનમાં ડુંગળીનો ઉપયોગ વધ્યો છે. તેથી સંભવત આ શક્યતાઓને લઈને ખેડૂતોને અત્યારે હરાજી પ્રક્રિયામાં ડુંગળીના સારા ભાવ મળી રહ્યો છે. જુનાગઢ, ગીર સોમનાથ, જામનગર, પોરબંદર સહિતના જિલ્લાઓમાંથી ખેડૂતો ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં ડુંગળી સહિતની જણસીના વેચાણ અર્થે આવતાં હોય છે. ગુજરાતના ખેડૂતો ઉપરાંત ગોંડલ યાર્ડમાં બહારના રાજયોમાંથી પણ વેપારીઓ જણસીઓની ખરીદી કરવા આવે છે.

ગોંડલ યાર્ડમાં જણસીમાં અત્યારે લાલ ડુંગળીની વધુ માંગ છે. ખાસ કરીને રાજસ્થાન, કર્ણાટક, ઓરિસ્સા અને મહારાષ્ટ્ર રાજ્યમાંથી ડુંગળીની ખરીદી વધુ થતી હોય છે. અત્યારે ડુંગળીના ખેડૂતો માટે ગોંડલ માર્કેટીંગ યાર્ડ સારી કમાણીનું સ્થાન બન્યું છે. રાજયમાં સૌરાષ્ટ્ર, ગીર સોમનાથ, ભાવનગર અને સુરેન્દ્રનગરમાં ડુંગળીનું ઉત્પાદન થાય છે. અને ત્યાં ડુંગળીનું પાક કરનાર ખેડૂતો ગોંડલ માર્કેટીંગ યાર્ડમાં આવી પોતાની જણસીનું વેચાણ કરે છે જેથી તેમને સારો ભાવ મળે. ગોંડલ માર્કેટીંગ યાર્ડમાં ડુંગળી ભરેલ વાહનોની લાંબી કતાર લાગી છે.

## શાળાઓની વેબસાઈટ પર પણ ફીની વિગતોની ચકાસણી કરાશે

# ખાનગી સ્કૂલોની ફીની વિગતો માટે ડ્રાઈવ યોજવા ફી કમિટીનો આદેશ

## શાળાઓ દ્વારા નોટિસ બોર્ડ પર ફીની વિગતો દર્શાવવામાં આવે છે કે કેમ તેની ચકાસણી કરાશે



અમદાવાદ, તા.૨૩
ખાનગી શાળાઓની ફીની વિગતોને લઈને ખાસ ડ્રાઈવ યોજવા માટે ફી કમિટી દ્વારા આદેશ કરાયો છે. શાળાઓ દ્વારા ફીની વિગતો નોટિસ બોર્ડ પર ગુજરાતી અને અંગ્રેજીમાં લગાવી છે કે કેમ અને સ્કૂલની સત્તાવાર વેબસાઈટ પર પણ તેની વિગતો દર્શાવવામાં આવી છે કે કેમ તેની ચકાસણી કરવામાં આવશે. સ્કૂલની ફીની વિગતો નોટિસ બોર્ડ પર લગાવવાનો નિયમ હોવા છતાં શાળાઓ તેનું પાલન કરતી ન હોવાનું જણાતા ફી કમિટી દ્વારા ડ્રાઈવ માટે આદેશ કર્યો છે. રાજ્ય સરકાર દ્વારા ખાનગી શાળાઓ દ્વારા લેવામાં આવતી બેફામ ફી પર લગામ કસવા માટે ફી નિયમન વિધેયક પસાર કર્યું હતું. જેમાં ખાનગી શાળાઓની ફીનું ધોરણ નક્કી કર્યુ હતું. પ્રાથમિક શાળાઓ માટે રૂપિયા ૧૫ હજાર, માધ્યમિક શાળાઓ માટે રૂપિયા ૨૫ હજાર અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે રૂપિયા ૩૦ હજાર ફીનું ધોરણ નક્કી કરવામાં આવ્યું હતું. જે ખાનગી શાળાઓ સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલા ફીના ધોરણ જેટલી અથવા તો તેના કરતા ઓછી ફી લેવા માગતી હોય તેવી શાળાઓએ ફી કમિટી સમક્ષ એફિડેવિટ કરવાની હોય છે. નક્કી કરેલા ધોરણ કરતા વધુ ફી લેવા માગતી શાળાઓએ ફી કમિટી સમક્ષ દરખાસ્ત કરવાની હોય છે. શાળાઓ દ્વારા એફિડેવિટ કે દરખાસ્ત કરવામાં આવ્યા બાદ ફી કમિટી દ્વારા તેની ચકાસણી કરી શાળાઓની ફી મંજૂર કરવામાં આવતી હોય છે. આ માટે ફી કમિટી દ્વારા ઓર્ડર ઈશ્યૂ કરાય છે અને તેના આધારે શાળાઓએ ફી લેવાની હોય છે. આ ફીના ઓર્ડરની જાણ વાલીઓને થાય તે માટે શાળાઓએ નોટિસ બોર્ડ પર ફીના ઓર્ડર લગાવવાના હોય છે અને વેબસાઈટ પર પણ ફીની વિગતો દર્શાવવાની હોય છે. આમ, શાળાઓએ ફીની વિગતો લગાવવાની હોવા છતાં શાળાઓ દ્વારા નોટિસ બોર્ડ પર ફીની વિગતો લગાવવામાં આવતી ન હોવાનું સામે આવ્યું છે. આ દરમિયાન અમદાવાદ ઝોનની ફી કમિટી દ્વારા તાબાના તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને પત્ર લખીને ખાસ ડ્રાઈવ યોજવા માટે આદેશ કર્યો છે. જેમાં શાળાઓ દ્વારા ફીના ઓર્ડર નોટિસ બોર્ડ પર લગાવ્યા છે કે કેમ તેની ચકાસણી કરવા માટે જણાવાયું છે. ફી કમિટી દ્વારા કરવામાં આવેલા પત્રમાં જણાવાયું છે કે, ગુજરાત સેલ્ફ-ફાઈનાન્સ્ડ સ્કૂલ્સ (ફી રેગ્યુલેશન) રૂલ્સ, ૨૦૧૭ના નિયમ ૭ના પેટા નિયમ (૬)ની જોગવાઈઓને અનુસાર ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા નક્કી કરવામાં આવેલી ફી દરેક સેલ્ફ-ફાઈનાન્સ્ડ સ્કૂલ દ્વારા નોટિસ બોર્ડ પર પ્રદર્શિત કરવાની રહે છે. આ ઉપરાંત સત્તાવાર વેબસાઈટ પર પણ તેની વિગતો દર્શાવવાની હોય છે. જેથી, જિલ્લા શિક્ષણાધિકારી- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીના અધિકાર ક્ષેત્રના જિલ્લાની અંદર આવતી તમામ ખાનગી શાળાઓમાં એક વિશેષ ડ્રાઈવ હાથ ધરવા માટે આદેશ આપવામાં આવ્યો છે. જેમાં ખાનગી શાળાઓ દ્વારા તેમના નોટિસ બોર્ડ પર ફીની વિગતો પ્રદર્શિત કરવામાં આવી છે કે કેમ તેની ચકાસણી કરવાની રહેશે. આ ઉપરાંત ખાનગી શાળાઓ દ્વારા નિયમોનું પાલન કરવામાં આવે છે કે કેમ તેની પણ ચકાસણી કરવા માટે સૂચના અપાઈ છે. શાળાઓની વેબસાઈટ પર પણ ફીની વિગતો છે કે કેમ તેની ચકાસણી ખાસ ડ્રાઈવમાં કરવામાં આવશે.

## વીડિયો બનાવતા કોહલી ગુસ્સે થયો

# ઓસ્ટ્રેલિયાની મહિલા પત્રકાર પર વિરાટ કોહલી ભડક્યો

## વિરાટે મહિલા પત્રકારને વિનંતી કરી કે તે તેની તસ્વીરો ચલાવે પરંતુ તેના પરિવારની તસ્વીરો ડિલીટ



નવી દિલ્હી, તા.૨૩
ટીમ ઈન્ડિયા બ્રિસ્બેનથી મેલબોર્ન જવા માટે નીકળી હતી. જો કે આ દરમિયાન ટીમનો સ્ટાર બેટર વિરાટ કોહલી મેલબોર્ન પહોંચતા જ ઓસ્ટ્રેલિયાની એક મહિલા ટીવી પત્રકાર પર ભડક્યો હતો. રિપોર્ટમાં દાવો કર્યો છે કે ૨૬ ડિસેમ્બરથી શરૂ થઈ રહેલી બોક્સિંગ ડે ટેસ્ટ પહેલાં વિરાટ કોહલી મેલબોર્નમાં એક ઓસ્ટ્રેલિયન ટીવી પત્રકાર પર કથિત રીતે ગુસ્સે થયો હતો. વિરાટને કેમ અચાનક ગુસ્સો આવ્યો? આનું કારણ બહાર આવ્યું નથી, પરંતુ તે કથિત રીતે તેના પરિવાર તરફ કેમેરા ફેરવવાથી ગુસ્સે હતો.મહિલા પત્રકારે કહ્યું કે, કેમેરા જોઈને કોહલી ગુસ્સે થઈ ગયો. તેને લાગ્યું કે મીડિયા તેનાં બાળકો સાથે તેની તસવીરો ખેંચી રહ્યું છે. આ એક ગેરસમજ છે. જ્યારે કોહલીએ જણાવ્યું હતું કે, બાળકો સાથે મારે થોડી પ્રાઈવસીની જરૂર છે, તમે મને પૂછ્યા વિના ફોટા લઈ શકતા નથી.મેલબોર્ન એરપોર્ટ પર વિરાટ કોહલીની ઓસ્ટ્રેલિયાની એક મહિલા પત્રકાર સાથે દલીલ થઈ હતી. વિરાટની મહિલા પત્રકાર સાથે તેના પરિવારની તસવીરો લેવાના મુદ્દે ચર્ચા થઈ હતી. વિરાટ તેની પત્ની અનુષ્કા શર્મા અને બાળકો વામિકા કોહલી અને અકાય કોહલી સાથે મેલબોર્ન એરપોર્ટ પર ઊતર્યો હતો. ત્યારે ઓસ્ટ્રેલિયન ચેનલ 'ચેનલ ૭'ના એક પત્રકારે તેનો વીડિયો બનાવ્યો, જેના પર વિરાટ ગુસ્સે થઈ ગયો.વિરાટે મહિલા પત્રકારને વિનંતી કરી કે તે તેની તસવીરો ચલાવે પરંતુ તેના પરિવારની તસવીરો ડિલીટ કરે. પરંતુ પત્રકારે કોહલીની વાત ન સાંભળી. આ બાબતે કોહલીએ આ મહિલા પત્રકાર સાથે દલીલ કરી હતી. ઓસ્ટ્રેલિયન કાયદા અનુસાર, કોઈપણ સાર્વજનિક સ્થળે કોઈપણ સેલિબ્રિટીના વીડિયો કે ફોટોગ્રાફ લેવા પર કોઈ પ્રતિબંધ નથી.ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે બોર્ડર ગાવસ્કર ટ્રોફીની આગામી ટેસ્ટ ૨૬મી ડિસેમ્બર (બોક્સિંગ ડે)થી યોજાશે. અગાઉ, ૧૮ ડિસેમ્બરે રમાયેલી ગાબા ટેસ્ટ ડ્રોમાં સમાપ્ત થઈ હતી. આ મેચમાં ઓસ્ટ્રેલિયાએ તેની પ્રથમ ઈનિંગમાં ૪૪૫ રન બનાવ્યા હતા. ત્યારબાદ ભારતીય ટીમ પ્રથમ દાવમાં ૨૬૦ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. આ પછી ઓસ્ટ્રેલિયાએ તેનો બીજો દાવ ૮૯ રન પર ડિકલેર કર્યો હતો. આ રીતે ભારતીય ટીમને જીતવા માટે ૨૭૫ રનનો સ્કોર મળ્યો હતો. પરંતુ જ્યારે ભારતનો સ્કોર ૮/૦ હતો ત્યારે વરસાદને કારણે મેચ પાંચમા દિવસે રમાઈ શકી ન હતી.

## જમીન દલાલ પર સકંજો

# મંદિરના નામે જમીન ખરીદીવાને લઈને ૩ કરોડની છેતરપિંડી

## ખેડૂતને તેની જમીન પર ગૌશાળા અને મંદિર બનાવવામાં આવશે તેમ કહી જસ્મીન માઢક પાસેથી રૂપિયા લઈ દસ્તાવેજ કરી લીધા

રાજકોટ,તા.૨૩
રાજકોટમાં મંદિરના નામે જમીન ખરીદવાની છેતરપિંડીની ઘટના પ્રકાશમાં આવી. શહેરમાં સ્વામિનારાયણ મંદિર માટે જમીન ખરીદી મામલે છેતરપિંડી થયાની ફરિયાદ થઈ. જમીન દલાલ સુરેશ ઘોરીએ ખેડૂતને તેની જમીન પર ગૌશાળા અને મંદિર બનાવવામાં આવશે તેમ કહી જસ્મીન માઢક પાસેથી રૂપિયા લઈ દસ્તાવેજ કરી લીધા. પરંતુ નક્કી કર્યા મુજબ જમીન વેચાણના ૩ કરોડ રૂપિયા ના આપતા પોલીસમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી.

મળતી માહિતી મુજબ દહેગામ પાસે રહેતા એક ખેડૂતે જમીન દલાલને મંદિર બનાવવા તેમની જમીન વેચી. દહેગામ નજીક લીંબા ગામની ૫૧૦ વીઘા જમીન ઉપર ગૌશાળા અને ભવ્ય મંદિર બનાવવામાં આવશે તેમ જમીન દલાલે સુરેશ ઘોરીએ કહ્યું અને આ સોદો ૩ કરોડ રૂપિયામાં નક્કી કર્યો હતો. ખેડૂતને પોતાની જમીન પર ગૌશાળા અને મંદિરના સારા ઉપયોગમાં આવતા વધુ કિંમત થતી હોવા છતાં ૩ કરોડમાં વેચાણ કરવા મંજૂરી આપી. ખેડૂત અને જમીન દલાલ વચ્ચે વેચાણનો સોદો નક્કી થયો. અને આ જમીન ખરીદીનો બાનાખત જસ્મીન માઢક સાથે કરવામાં આવ્યો હતો. જો કે જસ્મીન માઢકને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું માલુમ પડતા ફરિયાદ નોંધાવી હતી. તેમજ છેતરપિંડીની જાણ થતા જસ્મીન માઢકની સાથે ખેડૂતે પણ ભક્તિનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી.મંદિરના નામે જમીન ખરીદીને લઈને રૂ. ૩ કરોડની છેતરપિંડી કરનાર જમીન દલાલ લાંબા સમયથી ફરાર હતો. જો કે પોલીસે કાર્યવાહી કરતાં હાલમાં સુરેશ ઘોરી પોલીસના સકંજામાં છે. પોલીસે છેતરપિંડીને લઈને ૧૪ દિવસના રિમાન્ડની માંગણી સાથે આરોપીને કોર્ટમાં રજુ કર્યો. કોર્ટે આરોપીને ૧૦ દિવસના રિમાન્ડ પર સોંપવાનો હુકમ કર્યો.

# ગુજરાતની આગવી સુશાસનિક વ્યવસ્થાનું શ્રેષ્ઠતમ ઉદાહરણ : આઈ-ખેડૂત પોર્ટલ

## આઈ-ખેડૂત પોર્ટલ ઉપર અત્યાર સુધીમાં ૬૦.૩૩ લાખથી વધુ ખેડૂતોએ યોજનાકીય સહાય માટે ૧.૪૨ કરોડથી વધુ અરજીઓ કરી : વર્ષ ૨૦૧૪થી અત્યાર સુધીમાં વિવિધ યોજના હેઠળ ૬૦.૩૩ લાખથી વધુ ખેડૂતોને કુલ રૂા. ૩૯૪૮ કરોડથી વધુની સહાય ચૂકવાઈ

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૨૩

ભારતરત્ન અને દેશના પૂર્વ વડાપ્રધાન સ્વ. શ્રી અટલ બિહારી વાજપેયીના જન્મદિન નિમિત્તે દર વર્ષે તા. ૨૫ ડિસેમ્બરના રોજ "સુશાસન દિવસ" ઉજવવામાં આવે છે. ગુજરાતમાં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની વિકાસ યાત્રાને વેગવંતી બનાવવા રાજ્યમાં સુશાસનિક માળખાનો મજબૂત પાયો નાખ્યો હતો. આજે એ જ કાર્યપ્રણાલીને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ મક્કમતાથી આગળ ધપાવી રહ્યા છે. ગ્રામીણ વિસ્તારના નાગરિકોને લઘુત્તમ પ્રયત્નોથી સરકારની સેવા અને યોજનાકીય લાભો મહત્તમ રીતે મળી રહે એ જ સુશાસન છે. ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૪માં શરૂ કરેલી આઈ-ખેડૂત પોર્ટલની સુદ્રઢ સુશાસનિક વ્યવસ્થા એ સુશાસનનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. ટેકનોલોજીના કાર્યક્ષમ ઉપયોગથી ખેડૂતોને સંપૂર્ણ પારદર્શિતા, સરળતા અને ઝડપથી વિવિધ કૃષિલક્ષી યોજનાના લાભ મળી રહે તે માટે રાજ્ય સરકારે આઈ-ખેડૂત પોર્ટલનો નવતર અભિગમ અપનાવ્યો હતો. આજે ગુજરાત સરકારની કૃષિ, બાગાયત, પશુપાલન અને મત્સ્યપાલન સંબંધિત તમામ યોજનાઓનો અમલ અને સહાય ચૂકવણું આઈ-ખેડૂત પોર્ટલના માધ્યમથી થઈ રહ્યો છે. પરિણામે ખેડૂતોને અનેક કૃષિલક્ષી યોજનાઓના લાભ ઘરે બેઠા, આંગળીના ટેરવે જ મળી રહ્યા છે. પોર્ટલ શરૂ થયું ત્યારથી અત્યાર સુધીમાં રાજ્યના ૬૦.૩૩ લાખથી વધુ ખેડૂતો દ્વારા વિવિધ યોજનાકીય લાભો મેળવવા માટે આઈ-ખેડૂત પોર્ટલ પર કુલ ૧.૪૨ કરોડથી વધુ અરજીઓ કરવામાં આવી છે. આટલું જ નહીં, આ ૬૦.૩૩ લાખ ખેડૂતોને અત્યાર સુધીમાં રાજ્ય સરકાર દ્વારા વિવિધ યોજના હેઠળ કુલ રૂા. ૩૯૪૮ કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી છે, એ પણ સીધી તેમના બેંક ખાતામાં. માત્ર વર્ષ ૨૦૨૩-૨૪માં જ આશરે ૨.૧૫ લાખ ખેડૂતોને વિવિધ યોજના હેઠળ કુલ રૂા. ૬૪૦ કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી છે. આટલી માતબર સંખ્યામાં ખેડૂતો દ્વારા કરવામાં આવતી ઓનલાઈન અરજીઓ જ આઈ-ખેડૂત પોર્ટલની સ્વીકૃતિ પૂરવાર કરે છે. શ્રી અટલ બિહારી વાજપેયીએ આપેલી સુશાસનની પ્રેરણાથી ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ "Less Government, More Governance"ને મૂળ કાર્યમંત્ર બનાવી, ગુજરાતને દેશમાં વિકાસનું રોલ મોડલ બનાવ્યું છે. મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ આજે ગુજરાત સરકારે સુશાસનને તેની કાર્યસંસ્કૃતિમાં ઉતાર્યું છે અને નાનામાં નાના માનવીને કોઈ તકલીફ ના પડે તે માટે આઈ-ખેડૂત પોર્ટલ જેવી અનેક સુશાસનિક વ્યવસ્થાઓનું નિર્માણ કર્યું છે.

**આઈ-ખેડૂત પોર્ટલ દ્વારા ખેડૂતોને થતા લાભ**

ખેડૂત પારદર્શક રીતે પોતાની મરજી મુજબ સરકારી યોજનાઓનો સીધો લાભ મેળવી શકે છે. ઓનલાઈન અરજી થતી હોવાથી ખેડૂત કોઈપણ અન્ય માધ્યમો ઉપર આધારીત રહેતો નથી. કોઈપણ સ્થળેથી ઈન્ટરનેટના માધ્યમથી સેવા મળતી હોવાથી સમય અને નાણાનો બચાવ થાય છે. ખેડૂત પોતાની અરજીનું ઓનલાઈન સ્ટેટસ જાણી શકે છે. સહાય હેઠળ આપવામાં આવતાં વિવિધ ઘટકોનાં માપદંડો નિયત કરેલા હોવાથી છેતરપીંડીનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**આઇ-ખેડૂત પોર્ટલ ઉપર ખેડૂતોને**

ખેતીવાડી માટે જરૂરી બિયારણ, ખાતર તથા દવાઓનું વેચાણ કરતા સરકાર માન્ય વિક્રેતાઓની માહિતી મળે છે. ખેત ઓજારો, ખેતી વિષયક ઈનપુટોની માન્ય કંપનીઓ, વિક્રેતાઓની માહિતી મળે છે. ખેત ઓજારો તેમજ કૃષિ ઈનપુટોની સરકાર દ્વારા નક્કી થયેલી કિંમત સંબંધિત માહિતી મળે છે. કૃષિ ધિરાણ આપનાર સંસ્થાઓની માહિતી મળે છે. કૃષિ-બાગાયતી પાકોની તાંત્રિક માહિતી મળે છે. પાકોનાં પ્રવર્તમાન બજારભાવ તથા હવામાન અંગેની માહિતી મળે છે. ખેતીમાં મૂંઝવતા પ્રશ્નોનું સચોટ નિરાકરણ મળે છે.

# પોરબંદર કલેકટરને સમસ્ત ગુજરાત ખારવા સમાજ દ્વારા જેતપુર ડીપસી પાઈપલાઈન પ્રોજેકટ રદ કરવા આવેદનપત્ર પાઠવાયું



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૨૩

પોરબંદર ખાતે તા.૨૧-૧૨-૨૦૨૪ના રોજ શ્રી ગુજરાત સમસ્ત ખારવા સમાજના પ્રમુખ પવનભાઈ શિયાર તેમજ ઉપપ્રમુખ જીતુભાઈ કુહાડાના અધ્યક્ષ સ્થાને જેતપુર ડીપસી પાઈપલાઈન પ્રોજેક્ટ રદ કરવા સમસ્ત ગુજરાત ખારવા સમાજ પોરબંદર જિલ્લા કલેકટર સાહેબને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. ગુજરાત ખારવા સમાજની પોરબંદરમાં ઈમરજન્સી બેઠક દરિયાઈ પટ્ટીના દરેક ગામના પ્રમુખો અને આગેવાનો ઉપસ્થિતિ રહી પોરબંદર જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી રજુઆત કરી ગુજરાત ખારવા સમાજ ભાજપ સરકારને ચિમકી, જો યોજના રદ નહી થાય તો ઉગ્રથી ઉગ્ર આંદોલન કરવામાં આવશે આ સાથે કોર્ટના દ્વારા પણ ખખડાવા પડશે આજથી ગુજરાત ખારવા સમાજની પોરબંદરમાં બે દિવસીય ઈમરજન્સી બેઠક શરૂ, બે દિવસ સુધી આગામી કાર્યક્રમો અંગે રણનીતી ઘડવામાં આવશે. જેતપુર પ્રદુષિત પાણી મુદે ગુજરાત ખારવા સમાજ હવે એક મંચ ઉપર આવ્યુ છે. જેતપુર ડીપસી પાઈપલાઈન પ્રોજેક્ટ રદ કરવા ખારવા સમાજ અને પોરબંદરના નગરજનોની પ્રબળ માંગ છે અને ખારવા સમાજની સફળ જનજાગૃતિ રેલી બાદ હવે ગુજરાત ખારવા સમાજે પોરબંદરમાં આજે શનિવારના રોજ દરીયાઈ પટ્ટીના ગામની ઈમરજન્સી બેઠકનું આયોજન કરવામાં આવ્યુ હતુ. સૌ પ્રથમ જીલ્લા કલેકટર ને આવેદન પાઠવવામાં આવ્યુ હતુ. ગુજરાત ખારવા સમાજના પ્રમુખ પવનભાઈ શિયાળ અને ઉપપ્રમુખ જીતુભાઈ કુહાડાની આગેવાનીમાં પોરબંદરમા આજથી બે દિવસીય ખારવા સમાજની બેઠક શરૂ કરવામાં આવી છે. ગુજરાત ખારવા સમાજે સ્પષ્ટ ભાજપ સરકારને ચેતવણી આપી હતી કે જો આ પ્રોજેકટ રદ નહી થાય તો ખારવા ગુજરાતભરમાં ઉગ્ર આંદોલન કરશે અને કોર્ટ દ્વારા પણ ખખડાવામાં આવશે જણાવ્યું હતું. ગુજરાત ખારવા સમાજે મચ્છીમાર સમાજના હિત માટે જિલ્લા કલેકટરને આપેલા આવેદનપત્રમાં જણાવ્યુ હતુ કે, સરકાર હમેંશા સાગરખેડૂનાં હિતને અને એના સર્વાંગી વિકાસને લઈ ચિંતિત રહ્યાં છો તથા તેના ઉકેલ માટે હંમેશા આપે સતત પ્રયત્નો કર્યા છે. ગુજરાત હાઈકોર્ટ અને નેશનલ ગ્રીન ટ્રીબ્યુલને ફેકટરીઓ દ્વારા ભાદર નદી તથા અમદાવાદની સાબરમતી નદીમાં કેમીકલ યુક્ત પાણી નાખવાનું બંધ કરવાનો આદેશ કર્યા પછી સરકાર દ્વારા ઔદ્યોગિક કંપનીઓને આ કેમીકલ યુક્ત પાણી પ્રોપર ટ્રીટ કરી રીયુઝનાં આદેશ કરવાના બદલે આ કેમીકલ વેસ્ટ રાજ્યનાં સમુદ્રમાં નાખવા 'ડીપ સી ડિસ્પોઝલ પાઈપ લાઈન પ્રોજેકટ'ની પરવાનગી અપાતા રાજ્યનાં માછીમાર પરિવારોની આજીવિકા સાથે સમગ્ર દરિયાઈ જીવસૃષ્ટિનાં અસ્તિત્વ ઉપર મોટો પ્રશ્નાર્થ ઉભો થયો છે. જેતપુર ખાતે ૨૦૦૦ ઉપરાંત ડાઈંગ એન્ડ પ્રિન્ટીંગ ઉદ્યોગ ફેકટરીઓ આવેલ છે. આ તમામ ફેકટરીઓનાં કેમીકલ વેસ્ટ સમુદ્રમાં જતા સમગ્ર રાજ્યનો કાંઠા વિસ્તાર મત્સ્ય વિહોણો બની જશે તેમજ ખોરાકમાં ઉપયોગમાં લેવાતી માછલીઓ આ કેમીકલ વેસ્ટથી પ્રભાવિત થતા લાખો પરિવારો ભયંકર અસાધ્ય રોગોનાં પણ શિકાર બની શકે છે. તદઉપરાંત જેતપુરથી પોરબંદર સુધી ઉપલેટા, માણાવદર, કુતીયાણા વિસ્તારનાં ખેડૂતોની જમીનમાં નાખવામા આવનાર જમીની પાઈપ લાઈન જો ક્યાંય પણ લીકેજ થતા ખેડૂતોની જમીન પણ ઝેરી કેમીકલ યુક્ત બની બંજર બની શકે છે. ભૂતકાળમાં અમેરીકા જેવા દેશોએ આપણા દરિયાઈ પાણીની ગુણવત્તાની ખામીને લઈને ગુજરાતની દરિયાઈ સીમામાં જોવા મળતા કાચબા પર માઠી અસરને ધ્યાને રાખી રાજ્યમાંથી એકસપોર્ટ થતી મરીન પ્રોડકટ ઉપર પ્રતિબંધ લાદવામાં આવેલ હતો. વધુમાં સૌરાષ્ટ્રના સાગરકાંઠા વિસ્તારમાં જોવા મળતી વ્હેલશાર્ક, ગ્રીન સી, દરિયાઈ કાચબા, ડોલ્ફીન જેવી 'વાઈલ્ડ લાઈફ પ્રોટેકશન' હેઠળ શેડયુઅલ-૧ માં આવતા આ દરિયાઈ જીવોનાં સંરક્ષણ પ્રત્યે માછીમારો સભાન રહી સક્રિય પણે તેનું જતન કરી રહ્યાં છે. ત્યારે આ કેમીકલ વેસ્ટ દરિયામાં ઠલવાતા આ દરિયાઈ જીવસૃષ્ટિ પણ ભૂતકાળ બની જશે. "ડીપ સી ડીસ્પોઝલ પાઈપ લાઈન પ્રોજેકટ તાત્કાલીક અસરથી રદ કરાવવા ગુજરાત સરકારને ખારવા સમાજની રજુઆત છે તેમ પત્રના અંતમાં જણાવ્યું હતું.

# ભાણવડના ભરતપુર ખાતે ૮૨.૫૦ લાખના ખર્ચે પ્રાથમિક શાળાના બિલ્ડિંગનું લોકાર્પણ કરાયું



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૩

ભાણવડ તાલુકાના ભરતપુર ગામે આધારે રૂા. ૮૨.૫૦ લાખના ખર્ચે પ્રાથમિક શાળાના નવનિર્મિત બિલ્ડિંગનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, રૂા. ૮૨.૫૦ખર્ચે નવનિર્મિત બિલ્ડિંગ લોકાર્પણ કરતા ખૂબ જ આનંદની લાગણી અનુભવું છું. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ છેવાડાના વિસ્તાર સુધી ગુણવત્તાયુક્ત શિક્ષણ પહોંચાડવા માટે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ સહિત અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકી જેના ભાગરૂપે શિક્ષણના સ્તરમાં વ્યાપક સુધારો થયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર રાજ્યમાં શિક્ષણ અને આરોગ્યની પાયાની સુવિધાઓ સુદ્રઢ બનાવવા માટે અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકી છે. જેના પરિણામે રાજ્યમાં શિક્ષણમાં ડ્રોપ આઉટ રેશિયોમાં ભારે ઘટાડો થયો છે. ઉપરાંત બાળકોને આધુનિક યુગમાં ટેકનોલોજી માધ્યમથી ઉચ્ચ શિક્ષણ મેળવી શકે તે માટે સ્માર્ટ રૂમ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. માત્ર આટલું જ નહિ રાજ્ય સરકાર બજેટમાં પણ શિક્ષણ અને આરોગ્ય પ્રાથમિકતા આપી છે. આ પ્રસંગે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મધુબેન ભટ્ટે જણાવ્યું હતું કે, આ નવનિર્મિત બિલ્ડિંગ કુલ પાંચ રૂમ તથા જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત સ્માર્ટ ટીવી તેમજ લેપટોપ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ થતાં વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રાપ્ત થઈ શકશે. આ કાર્યક્રમમાં તાલુકા વિકાસ અધિકારી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી સહિત શાળાના આચાર્ય, શિક્ષકો, ગ્રામજનો વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# દ્વારકામાં અવાવરૂ જગ્યામાંથી બિનવારસુ હાલતમાં મળી બાળકી



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૩

દ્વારકા શહેરની મધ્યમાં એક અવાવરૂ જગ્યામાંથી શનિવારે સાંજે આશરે ત્રણ-ચાર માસની બાળકી બિનવારસુ હાલતમાં મળી આવતા પોલીસે તેનો કબજો મેળવી, જરૂરી કાર્યવાહી કરી હતી. પોલીસ સૂત્રોમાં જાહેર કરવામાં આવેલી વિગત મુજબ દ્વારકામાં હાથી ગેઈટથી ખોડીયાર ચેકપોસ્ટ વચ્ચેની અવાવરૂ જગ્યામાં એક બાળક પડ્યું હોવા અંગેની જાણ એસ.આર.ડી.ના જવાન દેવાભાઈ વાઘેલા દ્વારા પોલીસને કરવામાં આવી હતી. આથી પોલીસે ઘટના સ્થળે દોડી જઈને બાળકીનો કબજો મેળવી, તેણીની હોસ્પિટલમાં ખસેડી હતી. સ્વસ્થ જણાતી આશરે ૩ થી ૪ માસની આ બાળકીને તેણીના માતા-પિતા અથવા કોઈ સંભાળ રાખનાર વ્યક્તિ દ્વારા કોઈપણ કારણોસર અવાવરૂ એવી બાવળની ઝાળીમાં ત્યજી દેતા આ અંગે દ્વારકા પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે. જે અંગે આગળની તપાસ પી.એસ.આઈ. એ.બી. જાડેજા દ્વારા હાથ ધરવામાં આવી છે.

# પ્રાચીન દ્વારકાની મહત્તા ઉજાગર કરવા યાત્રાધામ દ્વારકામાં 'શ્રીકૃષ્ણ જલા જપા દીક્ષા' કાર્યક્રમ ઊજવાયો



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૩

યાત્રાધામ દ્વારકા ખાતે રાજ્ય પ્રવાસન વિભાગ, પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સહયોગથી જિલ્લા વહીવટી તંત્ર તથા **ITS 6TH WOW** એન.જી.ઓ.ના સંયુકત ઉપક્રમે પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાના અધ્યક્ષસ્થાને શ્રીકૃષ્ણ જલા જપા દીક્ષા કાર્યક્રમ યોજાયો હતો. પ્રાચીન ડૂબેલી દ્વારકાની મહત્તાને આજના વર્લ્ડ સક્રન સીટી ડે નિમિત્તે વિશેષ કાર્યક્રમથી વિશ્વફલક ઉપર ઊજાગર કરવા શ્રીકૃષ્ણ સ્તોત્રમ્ સાથે હવન કરાયો હતો. ઉપરાંત સ્કૂબા ડાયવર્સ દ્વારા સમુદ્રમાં ડૂબેલી દ્વારકાની જગ્યા પરસ દીક્ષા કાર્યક્રમ અન્વયે ઈન્ડીયન બુક ઓફ રેકોર્ડઝ દ્વારા સર્ટિફીકેટ એનાયત કરવામાં આવ્યા હતા તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાયા હતા. આ તકે અતિથિ વિશેષ તરીકે ધારાસભ્ય પબુભા માણેક તથા ધારાસભ્ય ભગવાનજીભાઈ બારડ, દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશકુમાર પાંડેય, પ્રાંત અધિકારી એ.એસ.આવટે, અગ્રણી પી.એસ.જાડેજા, સંજય નકુમ, લુણાભા સુમણીયા, રમેશભાઈ હેરમા, જે.કે.હાથીયા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાત રાજ્ય બોર્ડ દ્વારા દ્વારકા જિલ્લામાં '૨૧ ડિસેમ્બર-વિશ્વ ધ્યાન દિવસ' ની ઉજવણી રૂપે ધ્યાન શિબિર યોજાઈ



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૩

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને હિમાલય સમર્પણ ધ્યાન દ્વારા 'વિશ્વ ધ્યાન દિવસ'ની ઉજવણી ૨૧ ડિસેમ્બરના રોજ કલ્યાણપુર તાલુકાના નંદાણા ગામે શ્રી મયુર શૈક્ષણિક સંકુલ ખાતે કરવામાં આવી હતી. દ્વારકા જિલ્લા યોગ કોડીનેટર વનિતાબેન ચાવડા દ્વારા સંચાલિત આ શિબિરમાં યોગ પ્રચારક ધનાભા જડિયા, સોશિયલ મીડિયા કોર્ડીનેટર સનીભાઈ પુરોહિત, હિમાલયન સમર્પણ ધ્યાનના શ્રી કમલેશભાઈ જાડેજા, આચાર્ય ધરણાતભાઈ પાથર, હંસાબેન આચાર્ય અને રામભાઈ તેમજ રામદેવભાઈ ડુઆ વગેરે મહેમાનો ઉપસ્થિત રહ્યાં હતાં. ગુજરાત રાજ્ય બોર્ડના યોગ ટ્રેનર્સ, યોગ કોચ અને યોગ સાધકોએ મોટી સંખ્યામાં આ શિબિરમાં જોડાઈ ને 'વિશ્વ ધ્યાન દિવસ'ની ઉત્સાહપૂર્વક ઉજવણી કરી હતી.

# વેરાવળ ફિશરીઝ કોલેજ ખાતે સૂકી મત્સ્યના મૂલ્યવર્ધિત ઉત્પાદનોનું પ્રદર્શન




(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૨૩

વેરાવળ ખાતે આવેલ કામધેનુ યુનિવર્સીટી, ગાંધીનગર નેજા હેઠળ કાર્યરત ફિશરીઝ કોલેજમાં અભ્યાસક્રમની સાથોસાથ, મત્સ્ય અંગેના સંશોધન કાર્ય અને તેને લગતા ઉત્પાદનો બનાવવાનું કાર્ય થાય છે. ફિશરીઝ કોલેજના પ્રાધ્યાપક ડો. જીતેશ સોલંકીના માર્ગદર્શન હેઠળ વિધાર્થીઓ દ્વારા સૂકી માછલીની વિવિધ ઉત્પાદનો બનાવેલ અને તેમાંથી બનેલ વિવિધ વાનગીનું પ્રદર્શન વિધાર્થીઓ દ્વારા રાખવામાં આવેલ. દરિયાઈ સૂકી મત્સ્યની પ્રજાતિઓનું આકર્ષિત પેકેજિંગ કરેલ. આ પ્રદર્શનમાં કોલેજના આચાર્ય ડો. એસ. આઈ. યુસુફઝાય સાહેબ તેમજ કોલેજના પ્રાધ્યાપકો ડો. અશ્વીન સાયાની, ડો. કૈલાશ વાઢેર, ડો. હિતેશ પરમાર, ડો. પ્રકાશ પરમાર, ડો. વિરલ બજાણીયા, ડો. પી. આર. ટાંક, ડો. કેતન ટાંક વગેરેએ જહેમત ઉઠાવી હતી. સૂકી માછલીની વિવિધ ગુણવતાયુક્ત ઉત્પાદનોની સાથે " રેડી ટુ ઈટ " ઉત્પાદનો પણ પ્રદર્શન કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓ દ્વારા પેકેજીંગ ઉપર સ્કેનર બનાવવામાં આવેલ હતું. સ્કેનર દ્વારા ઉત્પાદનની સંપૂર્ણ માહિતી ફોટો અને વિડીયો દ્વારા મળી શકે. આ પ્રદર્શનમાં કોલેજના વિધાર્થીઓ એ ભાગ લીધો હતો અને આવનારા દિવસોમાં પેકેજીંગ અને ગુણવતા કેમ વધારવું તેમનું માર્ગદર્શન લીધેલ.

## અવશાન નોંધ



જૂનાગઢ : સ્વ. જેન્તિભાઈ (રતીભાઈ) ખોડાભાઈ ગોહેલ નિવૃત જૂનાગઢ નગરપાલિકા કર્મચારી તેઓ સંજયભાઈ જે.ડી.સી.સી. બેંક, રાકેશભાઈ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, ચેતનભાઈ, યોગીતાબેન (સુરત)ના પિતાશ્રી તેમજ મનોજકુમાર ટાંક(સુરત)ના સસરાનો તારીખ ૨૨-૧૨-૨૦૨૪ રવિવારના અક્ષરવાસ થયેલ છે. સદ્ગગતનું બેસણું તા.૨૩-૧૨-૨૦૨૪ સોમવાર કડિયા જ્ઞાતિની વાડી, કડિયાવાડ ખાતે રાખેલ છે.

# વેરાવળ રેડક્રોસ સોસાયટી ખાતે આંખની તપાસ તથા ચશ્મા વિતરણનો કાર્યક્રમ યોજાયો




વેરાવળ, તા.૨૩

ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ગુજરાત રાજ્ય શાખાના સહકારથી અને ગીર સોમનાથ જિલ્લા શાખાના ઉપક્રમે વિનામૂલ્યે આંખની તપાસ તથા ચશ્મા વિતરણ કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં નડિયાદથી આંખ તપાસ તથા ચશ્મા વિતરણ વ્યવસ્થા માટે હિમાંશુ શ્રીમાળી અને તેની ટીમ દ્વારા ૭૦૦ લોકોની આંખોની તપાસ કરી જરૂરી તમામ લોકોને વિના મૂલ્યે ચશ્મા આપવામાં આવ્યાં હતા. આ તકે રેડક્રોડ સોસાયટી, વેરાવળના ચેરમેન કિરીટ ઉનડકટ, સેક્રેટરી સેવારામ મુલચંદાણી, ટ્રેઝરર સમીર ચંદ્રાણી, પરાગ ઉનડકટ, ભાવેશ મહેતા તથા રાજુભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે પ્રોજેક્ટ ટીમના સભ્યો અનિષ રાચ્છ, અતુલ કાનાબાર, વિમલ ગજ્જર અને ગીરીશ વોરાએ સમગ્ર વ્યવસ્થા ગોઠવી હતી. સાથે રેડ ક્રોસ સેન્ટરનો સમગ્ર સ્ટાફ પણ સેવામા જોડાયો હતો. વિશેષમાં મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના એન.એસ.એસ.ની વિદ્યાર્થિનીઓ પણ સેવામાં જોડાઇ હતી.

વંથલી નગરપાલિકા (જી.જુનાગઢ)

## જાહેર નિવિદા

વંથલી નગરપાલિકાની નીચે મુજબની વિવિધ શાખાઓના શાખાવાઇઝ માલસામાન/ કામગીરીના વાર્ષિક ભાવો ઓથોરાઈઝડ ડીલર, એજન્સીઓ પાસેથી મંગાવવામાં આવે છે.

(પ્રથમ પ્રયત્ન)

| ક્રમ | શાખાનું નામ | વિગત |
| --- | --- | --- |
| ૧ | પાણી પુરવઠા શાખા | (૧) પાણીની મોટર ખરીદી<br>(૨) પાણીની મોટર રીપેરીંગ |
| ૨ | સેનેટરી શાખા | (૧) ન.પા.ના વાહનોના ટાયર/ટ્યુબ માલસામાન<br>(૨) વાહનના અન્ય માલસામાનની ખરીદી<br>(૩) વાહન રીપેરીંગ કરવાની કામગીરી<br>(૪) બેનર-સટીકર છાપકામની કામગીરી |
| ૩ | રોશની શાખા | (૧) શાખાને લગત માલસામાનની ખરીદી |
| ૪ | કોમ્પ્યુટર શાખા | (૧) શાખાને લગત માલસામાન તથા રીપેરીંગ કરવાની કામગીરી |
| ૫ | વહીવટી શાખા | (૧) કચેરી માટે વાહન ભાડેથી આપવાની કામગીરી<br>(૨) સ્ટેશનરી ખરીદ કરવાની કામગીરી |

(બીજો પ્રયત્ન)


| ક્રમ | શાખાનું નામ | વિગત |
| --- | --- | --- |
| ૧ | પાણી પુરવઠા શાખા | (૧) પાઇપલાઇન ફીટીંગ માલસામાન |
| ૨ | સેનેટરી શાખા | (૧) શાખાને લગત માલસામાનની ખરીદી |
| ૩ | વહીવટી શાખા | (૧) મંડપ સર્વિસ તથા ડેકોરેશન તેમજ સાઉન્ડ સિસ્ટમ ભાડેથી આપવાની કામગીરી |

ઉપરોકત કામ અંગેના અરજી ફોર્મ / કોરા ટેન્ડરો આ જાહેરાત પ્રસિધ્ધ થયાના દિવસ-૧૦(દસ)માં કચેરી સમય દરમ્યાન અત્રેની કચેરી ખાતેથી મેળવી શકાશે. જે ભરી કોરા ટેન્ડરની મુદત પૂર્ણ થયા બાદ દિવસ-૭(સાત)માં વંથલી નગરપાલિકા કચેરી ખાતે માત્ર રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી.થી શીલબંધ કવરમાં પરત કરવાના રહેશે. ભરાઇ આવેલ ભાવો મંજુર/નામંજુર કરવાની સત્તા અત્રેની કચેરીને અબાધિત રહેશે.

માહિતી/જુના/જા.ખ./૭૩૮-૨૪

# જૂનાગઢ સહીત સોરઠ પંથકમાં ગાઢ ઘુમ્મસનું આક્રમણ : ઠંડી ૧૨.૮ ડીગ્રી

## છેલ્લા બે દિવસ થયા વહેલી સવારે ભેજમય વાતાવરણમાં ઘુમ્મસની ચાદર છવાઈ



જૂનાગઢ તા. ૨૩

જૂનાગઢ સહીત સોરઠ પંથકમાં છેલ્લા બે દિવસ થયા ઘુમ્મસનું આક્રમણ રહયું છે. વહેલી સવારે ઝાકળવર્ષા સાથે ઘુમ્મસ છવાઈ જતાં ગિરનારનાં દર્શન પણ સવારે દુર્લભ બન્યા હતાં. આ સાથે જ ઠંડીમાં પણ ક્રમશઃ ઘટાડો રહયો હતો. અને જેને લઈને લોકોને રાહત પહોંચી હતી.

જૂનાગઢ સહીત સોરઠ પંથકમાં શિયાળાની કડકડતી ઠંડીનો દોર સતત જારી રહયો છે. અને સમગ્ર સોરઠ પંથકમાં શિત લહેર વ્યાપી ગઈ હોય તેવો માહોલ છે. ગઈકાલે રવિવારે વહેલી સવારે અને આજે સોમવારે પણ વહેલી સવારે ગાઢ ઘુમ્મસ આકાશમાં છવાઈ ગઈ હતી. અને તેને લઈને નજીકનું દ્રશ્ય પણ જોવા મળતું ન હતું. વહેલી સવારે ઝાકળવર્ષા પણ થઈ હતી. અને જનજીવન પ્રભાવિત બન્યું હતું. ઠંડીમાં વધારા-ઘટાડાનાં દોર સાથે આગામી દિવસોમાં ગુજરાતનાં કેટલાક વિસ્તારોમાં માવઠું થવાની પણ આગાહી હવામાન વિભાગે કરી છે. દરમ્યાન આજે જૂનાગઢ શહેરનું તાપમાન જોઈએ તો ૧૨.૮ ડીગ્રી જયારે ગિરનાર પર્વત પર ૭.૮ ડીગ્રી, ભેજ ૯૧ ટકા અને પવનની ગતિ ૪ રહી છે.

# વિસાવદર તાલુકાનાં બરડીયા ગામે ૧૩ વર્ષની બાળકીને સિંહણે ફાડી ખાતા અરેરાટી

## વારંવાર થઈ રહેલા હિંસક પ્રાણીઓનાં હુમલાનાં પગલે લોકોમાં ભય : હુમલાખોર સિંહણને પકડવા વન વિભાગની કવાયત

વિસાવદર તા. ૨૩

જૂનાગઢ જીલ્લાનાં વિસાવદર પંથકમાં હિંસક પ્રાણીઓનાં હુમલાનાં બનાવો વધી રહયા છે. આ દરમ્યાન વધુ એક હુમલાનો બનાવ બનેલ છે જેમાં એક ૧૩ વર્ષની બાળકીને સિંહણે ફાડી ખાતા અરેરાટી સાથે સમગ્ર પંથકમાં ભયનું સામ્રાજય છવાયું છે. આ બનાવ અંગે પ્રાપ્ત વિગત અનુસાર વિસાવદર તાલુકાના બરડીયા ગામની ૧૩ વર્ષની પરપ્રાંતિય મજૂર પરિવારની બાળકીને સિંહણે ફાડી ખાતાં અરેરાટી વ્યાપી ગઈ છે. બાજુનાં ખેતરમાંથી પોતાના પિતાને બેટરી આપવા જતી વખતે બાળકીને સિંહણે શિકાર બનાવી ૪૦૦ ફૂટ જેટલી દૂર ઢસડી ગયો હતો. બાળકીના પિતા બાળકીની શોધખોળ કરતા હતા ત્યારે સિંહણ બાળકી પર બેઠી હતી. બાળકીના પિતાએ તેમની પુત્રીનો જીવ બચાવવા માટે સિંહની સામે હાકલા-પડકારા કરતા સિંહણ ત્યાંથી દૂર ચાલી ગઈ અને બાળકીને મૂકી દીધી હતી પરંતુ ઘટના સ્થળે જ બાળકીનું મોત થયું હતું.વિસાવદર પંથકમાં વન્ય પ્રાણીઓનો દિવસે દિવસે આતંક વધી રહ્યો છે. વિસાવદર તાલુકાના બરડીયા ગામની સીમમાં ગજેરાની વાડીએ મૂળ મધ્યપ્રદેશના શ્રમિકો મજૂરી કામ અર્થે ઘણા સમયથી રહે છે. રાહલી બાટા નરસિંહ (ઉંવ. ૧૩) નામની બાળકી તેની બહેન સાથે બાજુના ખેતરમાં પાણી વાળવાનું કામ કરતા તેમના પિતાને બેટરી આપવા જતી હતી. તેવામાં તુવેરમાં છુપાયેલી સિંહણે રાહલી નામની બાળકીને અચાનક જ ગળાના ભાગેથી પકડી દૂર ઢસડી ચાલી ગઈ હતી. ત્યારબાદ તેની નાની બહેને બૂમાબૂમ કરી દોડીને તેના પિતા પાસે જઈ સમગ્ર વાતથી વાકેફ કર્યા હતા. તેના પિતા તેમની વ્હાલસોયી બાળકીને તુવેરમાં આમતેમ શોધી રહ્યા હતા ત્યારે ૪૦૦ મીટર જેટલી દૂર સિંહણ બાળકીનાં ગળાંના ભાગે બચકા ભરી તેના ઉપર બેઠી હતી. બાળકીના પિતાએ પરિસ્થિતિ જોઈ સિંહણને પડકાર ફેંકયો અને રઘવાઈ બનેલી સિંહણ બાળકીને મૂકી ત્યાંથી દૂર ચાલી ગઈ હતી. ત્યારબાદ ગ્રામજનોને જાણ થતા સરપંચ સહિતના આગેવાનો ઘટના સ્થળે દોડી ગયા હતા. વન વિભાગની ટીમ પણ ઘટના સ્થળે પહોંચી ગઈ છે. સ્થાનિકોના જણાવ્યા પ્રમાણે છેલ્લા ત્રણ દિવસથી આ વિસ્તારમાં બે સિંહણ અને એક બચ્ચું આંટાફેરા મારી રહ્યાં છે. હુમલાનું સાચું કારણ શું છે તે અંગે પણ વન વિભાગે તપાસ હાથ ધરી છે. હાલ હુમલાખોર સિંહણને પકડવા માટે વન વિભાગની ટીમે ચક્રો ગતિમાન કર્યા છે.

# જૂનાગઢ બી ડીવીઝન પોલીસ સ્ટેશનનાં પીએસઆઈ હિંમતભાઈ પરમારને ચકકર આવતાં સારવાર દરમ્યાન મૃત્યું : પોલીસ બેડામાં શોકની લાગણી

જૂનાગઢ તા. ૨૩

જૂનાગઢમાં બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતાં હિંમતભાઈ દેવેન્દ્રભાઈ પરમારનું ચકકર આવતાં સારવાર દરમ્યાન મૃત્યું નિપજતાં પોલીસ બેડામાં શોકની લાગણી ફેલાઈ જવા પામી છે.

આ અંગે મળતી વિગત અનુસાર જૂનાગઢમાં પોલીસ લાઈન કવાર્ટર નંબર બી-૫/૬૦ ખાતે રહેતા અને બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં પીએસઆઈ તરીકે ફરજ બજાવતા હિંમતભાઈ દેવેન્દ્રભાઈ પરમાર (ઉ.વ. ૪૯) પોતાનાં ઘરે હતા ત્યારે એકાએક ચકકર આવી જતાં જમીન પર ઢળી પડયા હતાં. તબીયત લથડવાનાં બનાવમાં તાત્કાલીક ખાનગી હોસ્પીટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતાં. ત્યાં તેને લોહીની ઉલ્ટી થયા બાદ આઈસીયુ વોર્ડમાં સારવાર આપવામાં આવી હતી. જયાં તેનું સારવાર દરમ્યાન મૃત્યુ નિપજયું હતું. હિંમતભાઈ પરમાર અગાઉ ગીર સોમનાથ ખાતે ફરજ બજાવતા હતાં. ત્યારબાદ જૂનાગઢ બદલી થઈ હતી અને છેલ્લા એક વર્ષથી જૂનાગઢ બી ડીવીઝનમાં પીએસઆઈ તરીકે ફરજ બજાવતા હતાં. પોલીસ કર્મચારીનું નિધન થતાં પોલીસ બેડામાં ગમગીની છવાઈ હતી. બનાવ અંગે હિંમતભાઈ પરમારનાં પુત્ર ધવલભાઈએ પિતાની તબીયત લથડયા બાદ સારવાર દરમ્યાન તેમનું મૃત્યું થયું હોવાનું જાહેર કર્યુ હતું. પીએસઆઈનાં મૃતદેહને તેમનાં વતન લઈ જવામાં આવ્યા હતાં અને અંતિમવિધિ કરવામાં આવી હતી. આ તકે જાફરાબાદ પોલીસ જવાનો દ્વારા ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું.

# જૂનાગઢનાં દાણાપીઠ વિસ્તારમાંથી દુકાન પરથી ચોરી કરેલ મોબાઈલ તથા તેલનાં ડબ્બા સાથે આરોપીને પોલીસે ઝડપી લીધો



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૨૩

જૂનાગઢનાં દાણાપીઠ વિસ્તારમાંથી એક વેપારીનો મોબાઈલ તથા અન્ય દુકાનમાંથી તેલનાં ડબ્બાની તાજેતરમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાઈ ગયો છે અને એ ડીવીઝન પોલીસે એક શખ્સની ધરપકડ કરી અને મુદામાલ કબ્જે કર્યો છે.

આ બનાવ અંગે મળતી વિગત અનુસાર જૂનાગઢમાં દાણાપીઠ ખાતે મહાલક્ષ્મી મંદિર પાસે મસાલાની દુકાન ધરાવતાં ૫૭ વર્ષનાં દિલીપકુમાર થાવાણી શુક્રવારે સાંજે ૬.૩૦ વાગ્યે પોતાની દુકાને હતાં તે દરમ્યાન એક અજાણ્યો શખ્સ નજર ચુકવી રૂા. ૨૦ હજારની કિંમતનો મોબાઈલ ફોન ચોરી ગયો હતો. આ ઉપરાંત ભાવેશભાઈ જેન્તીલાલ છગની દુકાનની બહાર ઓટા પરથી રૂા. ૨૦,૦૫૦નો તેલનો ડબ્બો પણ ચોરાયો હતો. આમ અલગ અલગ દુકાનોમાંથી અજાણ્યા શખ્સે ચોરી કર્યાનો બનાવ તા. ૨૧-૧૨-૨૪નાં રોજ એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયો હતો. દરમ્યાન એ ડીવીઝન પોલીસ સ્ટેશનનાં પીઆઈ બી.બી. કોળીએ આ ચોરીનાં બનાવનો ભેદ ઉકેલવા માટે અને આરોપીને ઝડપી લેવા માટે સર્વેલ્સ સ્ટાફને સુચના કરતા સર્વેલ્સ સ્કવોડનાં પીએસઆઈ વાય.એન. સોલંકી તથા સ્ટાફ પેટ્રોલીંગમાં હતાં તે દરમ્યાન વિશ્વાસ પ્રોજેકટ અંતર્ગત ઈન્સ્ટોલ કરેલ સીસી ટીવી કેમેરાનો ઉપયોગ કરી અને તપાસ કરી હતી.

આ દરમ્યાન એવી બાતમી મળી હતી કે સીસી ટીવી ફુટેજમાં જે શખ્સ દેખાય છે તે એઝાઝ ઉર્ફે એઝલો ઈસ્માઈલશા રહે. જુના તાલુકા પોલીસ સ્ટેશન પાછળ, પાણીના ટાંકા પાસેવાળો મોબાઈલ તથા તેલનો ડબ્બો પોતાનાં મકાનમાં છુપાવી રાખેલ જે અંગેની બાતમીનાં આધારે તપાસ કરતાં એઝાઝશા ઈસ્માઈલશા રફાઈનાં ઘરેથી ચોરીમાં ગયેલ તેલનો ડબ્બો તથા મોબાઈલ તથા અન્ય બે મોબાઈલ મળી આવેલ. તે તમામની કિંમત રૂા. ૪૨,૦૫૦ હોય જે આ શખ્સ પાસેથી પોલીસે ઝડપી લઈ અને પકડાયેલા આ શખ્સ વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જૂનાગઢમાં અગાઉ થયેલ ખુનના મનદુઃખે મારામારી : સામસામે ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૩

શહેરના ભરડાવાવ વિસ્તારમાં અગાઉ થયેલ ખુનના મનદુઃખે મારામારીનો બનાવ એ ડીવીઝન પોલીસ મથકે નોંધાતા પોલીસે બંને પક્ષે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર એ ડીવીઝન પોલીસ મથકે મયુરભાઈ ધરમભાઈ બાવળીયાએ ચીરાગ હરસુખભાઈ મકવાણા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીના કુટુંબી મોટાભાઈનુ આજથી ત્રણેક વર્ષ પહેલા આ કામના આરોપીએ હત્યા કરેલ હોય તે બાબતનુ મનદુખ રાખી ફરીયાદીને જેમફાવે તેમ ભુંડી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી ફરીયાદીને છરી વડે માથાના પાછળના ભાગે ઘા કરી ટાંકા આવે તેવી ઈજા કરી તેમજ સાહેદ દીનેશભાઈને ધોકાવડે શરીરે આડેધડ માર મારી તથા સાહેદ ઉતમભાઈને ઢીકાપાટુનો માર મારી ઈજા કર્યાની ફરીયાદ નોંધાયેલ જયારે સામાપક્ષે ચિરાગભાઈ હરસુખભાઈ મકવાણાએ મયુર બાવળીયા, દિનેશ બાવળીયા, મયંક ઉર્ફે મંકુ બાવળીયા, કલ્પેશ બાવળીયા, ભાવેશ બાવળીયા, ઉતમ બાવળીયા, કિશન બાવળીયા, અક્ષય બાવળીયા અને ચેતના બાવળીયા વિરૂધ્ધ નોંધાવેલ ફરીયાદ જણાવેલ છે કે, ત્રણેક વર્ષ પહેલાં આરોપીઓના કૌટુંબીક ભાઈ રાજુ બાવળીયાના ખુન કેસમાં ફરીયાદીનું નામ હોય જેનુ મનદુખ રાખી આરોપીઓએ ફરીયાદીનું સ્વીફ્ટ કારમાં અપહરણ કરી આરોપી ભાવેશ બાવળીયાના ઘર પાસે લઈ જઈ ત્યાં તમામ આરોપીઓએ એક સંપ કરી ગે.કા.મંડળી રચી ફરી.ને ભુંડી ગાળો કાઢી જાનથી મારી નાખવાની ધમકી આપી, હથીયારો વડે મારમારી ફરીયાદીને શરીરમાં બન્ને હથેળીમાં ટાંકાની ઈજા કરી તથા બન્ને પગમાં ગોઠણથી નીચે નળાના ભાગે ગંભીર ઈજાઓ કરી જેમાં ડાબા પગના નળામાં ફેક્ચરની ઈજા કર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે બંને પક્ષે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કેશોદમાં બંધ મકાનમાંથી રૂા.૨૨.૨૫ લાખની મતાની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૩

કેશોદના રાજાણી મીલ કંપાઉન્ડ વિસ્તારમાં રહેતા પરિવારના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવતા મકાનના દરવાજાનો લોક તોડી સોનાના દાગીના સહિત રોકડ મળી કુલ ૨૨.૨૫ લાખની મતાની ચોરી કરી ગયાની ફરીયાદ કેશોદ પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર કેશોદ પોલીસ મથકે નિમેષભાઈ મધુભાઈ કાનાબારે અજાણ્યા ચોર વિરૂધ્ધ નોંધાવેલ ફરીયાદમાં જણાવેલ છે કે, આરોપીએ તા.૨૨-૧૨ના રોજ બપોરે ૧૨-૧૫ વાગ્યાથી ૨ વાગ્યા દરમ્યાન ફરીયાદીના રહેણાંક મકાનના મેઈન દરવાજાનો લોક તોડી ઘરમાં પ્રવેશ કરી ઘરમાં અલગ અલગ રૂમમાં રહેલ કબાટની તીજોરી તોડી તીજોરીઓમાંથી રોકડ ૧૮ લાખ સહિત સોનાના દાગીના મળી કુલ રૂા.૨૨,૨૫,૦૦૦ની મતાની ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢમાં સ્કેટીંગ અગેઈન્સ્ટ ડ્રગ્સ સ્પર્ધા યોજાઈ : ૩૫૦ વિદ્યાર્થીઓ જોડાયા




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૩

જૂનાગઢ શહેરમાં ગઈકાલે તા.૨૨-૧૨-૨૦૨૪ ના રોજ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાના અધ્યક્ષ સ્થાને **Challange Skate Academy** દ્વારા આયોજીત **Skating Against Drugs** સ્પર્ધાનું **Prime city Town ship,** જૂનાગઢ-વંથલી હાઈવે ખાતે આયોજન કરવામાં આવેલ હતું. **Say No To Drugs** થીમ આધારીત સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. પોલીસ અધીક્ષક હર્ષદ મહેતા દ્વારા આ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ વાલીઓ અને સ્પર્ધકોને **Drugs**ના દૂષણથી દૂર રહેવા અને આ બાબતે સમાજમાં જાગૃતતા લાવવા અપીલ કરવામાં આવેલ હતી. જૂનાગઢ, ભાવનગર, જામનગર, પોરબંદર, સુરેન્દ્રનગર વિગેરે જિલ્લામાંથી નાના બાળકોથી મોટી ઉંમરના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ એમ કુલ ૩૫૦ થી વધુ સ્પર્ધકોએ **Skating Against Drugs** સ્પર્ધામાં ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલ હતો. અંતમાં પોલીસ અધીક્ષક હર્ષદ મહેતા દ્વારા તમામ સ્પર્ધકોને તથા **Skating Against Drugs** સ્પર્ધાનું આયોજન કરનાર **Challange Skate Academy**ના આયોજકને અભિનંદન પાઠવવામાં આવેલ હતા.

# જૂનાગઢમાં તા.૨૯ ડિસેમ્બરના ત્રીજી ગિરનાર સાયકલીંગ પરિક્રમા યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૩

સાયકલીંગ એસો. તથા સાયકલીંગ કલબ જૂનાગઢ દ્વારા આગામી તા.૨૯-૧૨-૨૪ રવિવારના રોજ ગિરનારની ફરતે વન્યજીવ સુરક્ષાના હેતુથી ત્રીજી ગિરનાર સાયકલીંગ પરીક્રમાનું આયોજન કરવામાં આવેલ છે. આ સાયકલીંગ પરિક્રમાની અંદર જૂનાગઢથી સાબલપુર ચોકડી, નોબલ યુનિ., ઓમ કોલેજ, મેંદપરા, ભેસાણ, છોડવડી, બિલખા, ખડીયા થઈ જૂનાગઢ એમ રૂટના કુલ ૭૫ કિમીની રાખવામાં આવેલ છે. આ રાઈડની કોઈપણ એન્ટ્રી ફી રાખેલ નથી. ભાગ લેનાર તમામને માન્ય પ્રમાણપત્ર આપવામાં આવશે તથા જે સાયકલ સવાર ૫ કલાક અંદરની સમય મર્યાદામાં આ રાઈડ પૂર્ણ કરે તેને મેડલ આપી પ્રોત્સાહિત કરવામાં આવશે. આ રાઈડમાં રજી. કરવા માટે ગુજરાત સ્પોર્ટસ તળાવ દરવાજા ખાતે ફોર્મ ભરવાનું રહેશે અથવા વધુ માહિતી માટે મો.૮૭૩૩૦ ૫૦૧૧૧ ઉપર સંપર્ક કરવા એક યાદીમાં જણાવેલ છે.

# માંગરોળ બંદર ઝાપે ટ્રેકટર ચાલકે સાયકલ ચાલક યુવકને અડફેટે લેતાં ઘટનાં સ્થળે જ મોત, ચાલક ફરાર

## નંબર પ્લેટ વગરના ભારે વાહનો કોની મીઠી નજર હેઠળ દોડી રહ્યા છે : બંદર ઝાપા જેવા ભરચક વિસ્તારમાંથી ભારે વાહનો પર રોક લગાવવાની માંગ કરવામાં આવી છે



(પ્રતિનિધિ દ્વારા) માંગરોળ તા.૨૩

જૂનાગઢ જિલ્લાના માંગરોળ બંદર ઝાપે સવારના ૯:૩૦ની આસપાસ એક ટ્રેક્ટર ચાલકે પાણીનો ટાકો ભરી બેફામ રીતે અને બેદરકારી પૂર્વક વણાંક લેતાં સાઈડ ઉપર ઉભેલા સાયકલ ચાલક યુવકને અડફેટે લેતાં ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજયું હતું. સાયકલ ચાલક યુવાક જુનૈદ મોહુસેન ચુડલી (ઉ.વ.૨૬)ને પીએમ માટે ૧૦૮ દ્વારા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ટ્રેક્ટર ચાલકે યુવકની સંભાળ લેવાના બદલે ત્યાથી ફરાર થઈ ગયો હતો. આ બનાવથી લોકોમાં ભારે રોષ ભભુકી ઉઠયો છે. ટ્રેકટરના આગળના કે ટાંકાનાં પાછળના ભાગે કોઈપણ જાતની નંબર પ્લેટ જોવાં મળતી નથી.

(અનુ. પાના નં. ૨ ઉપર)

બંગલો વેચવાનો છે
ગીરીરાજ મેઈન રોડ,
મેહુલનગર
બાલમુકુન્દ ટેનામેન્ટ
(શ્રી વલ્લભ કૃપા)
ત્રીપ્લેક્ષ બંગલો (કોર્નર)
સંપર્ક :
૯૦૧૬૩૭૫૮૯૧

ધમાકા એક્ષચેન્જ ઓફર
તમારૂ જુનું ફર્નિચર આપી જાવ
નવું ફર્નિચર લઈ જાવ
આ ઓફર ટુંક સમયમાં માટે જ છે

PARDAWALA
બેડરૂમ સેટ
મોડયુલર કિચન
સોફા સેટ
ઓફીસ ફર્નિચર
આકર્ષિત પડદા
વોલપેપર
શું તમે તમારા બજેટમાં દિકરા-દીકરી ના લગ્ન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
શું તમે તમારા બજેટમાં ઘર માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
શું તમે તમારા બજેટમાં ઓફીસ કે દુકાન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
શું તમે તમારા બજેટમાં પડદા, વોલપેપર કે કારપેટ ખરીદવા માંગો છો...?
જો હા... તો હવે
જૂનાગઢ શહેરમાં અમો લાવ્યા છીએ તમારા બજેટમાં તમામ પ્રકારનું ફર્નિચર જે તમારી ઈચ્છા મુજબનું બનાવી આપશું અને તૈયાર પડદા, ગાદલા, વોલપેપર કારપેટ તેમજ પડદા નું કાપડ ખુબજ સસ્તા ભાવમાં મળશે. માટે આજે જ અમારા શો રૂમની અવશ્ય મુલાકાત લેશો.
સી.સી. પડદાવાલા
તળાવ દરવાજા ફાટક પાસે, સહયોગ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧. મોબાઈલ : ૯૯૭૮૬ ૫૪૧૫૫
(ઓફર/સ્કીમ મર્યાદિત સમય માટે.)

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો

